स्वाध्यायः परमं तपः

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## MSO - 5

## સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો : ભાગ - ૨

ભાગ - 1

## સમાજશાસ્ત્રીય વિચારધારા



*વિભાગ*

# 1

## સમાજશાસ્ત્રીય વિચારધારા

---

એકમ-૧

ઉત્ક્રાંતિવાદ

---

એકમ-૨

લેવિ-સ્ટ્રોસનો રચનાતંત્રીય સિદ્ધાંત

---

એકમ-૩

સામાજિક-વિનિમયનો સિદ્ધાંત

---

એકમ-૪

ફ્રેંકફર્ટ વિચારશાખા

---

| | | |
|---|---|---|
| સંપાદન | પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ ઍન્ડ સોશ્યલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | (ડૉ.) સંજય પટેલ | આસિ. પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| લેખન | ડૉ. સંજય પટેલ | આસિ. પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. શિલ્પા રાજ્યગુરૂ | આસિ. પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. પરેશ ચૌહાણ | આસિ. પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | શ્રી પરેશ પટેલ | આસિ. પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પરામર્શક (વિષય) | પ્રો. (ડૉ.) જે. સી. પટેલ | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| પરામર્શક (ભાષા) | ડૉ. ગોહિલ ધીરુભાઈ સી. | આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ, તા. કઠલાલ, જી, ખેડા. |
| નિષ્ણાંત સમિતિ | પ્રો. (ડૉ.) મહેશ ગામીત | પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજમાનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| | પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ | પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| | (ડૉ.) સંજય પટેલ | આસિ. પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રકાશક | ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૨૪૮૧. |

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

## એકમ-૦૧

## ઉત્ક્રાંતિવાદ

**રૂપરેખા :**

૧.૦ ઉદ્દેશ

૧.૧ પ્રાસ્તાવિક

૧.૨ ઉત્ક્રાંતિ અંગેના ખ્યાલની સૈદ્ધાંતિક પૃષ્ઠભૂમિ

૧.૩ ક્રાંતિની ઘટના અને ઉત્ક્રાંતિનો ખ્યાલ

૧.૪ ઉત્ક્રાંતિ : ખ્યાલાત્મક સ્પષ્ટતા

૧.૫ લેમાર્કનો ઉપાર્જીત લક્ષણોના વારસોનો સિધ્ધાંત

૧.૬ ચાર્લ્સ ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ

૧.૭ પ્રસિષ્ટ ઉત્ક્રાંતિવાદ અંગેની મુખ્ય ધારણાઓ

૧.૮ હર્બર્ટ સ્પેન્સર : સામાજિક ઉત્ક્રાંતિનો સિધ્ધાંત

૧.૯ ઉત્ક્રાંતિના સિધ્ધાંતનું મૂલ્યાંકન

૧.૧૦ માનવશાસ્ત્રમાં ઉત્ક્રાંતિવાદના સમર્થકો

૧.૧૧ નવ ઉત્ક્રાંતિવાદ

૧.૧૨ સારાંશ

૧.૧૩ ચાવીરૂપ શબ્દો

૧.૧૪ તમારી પ્રગતિ ચકાસો

સંદર્ભસૂચિ

## હેતુ

પ્રસ્તુત એકમનો હેતુ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને સમાજશાસ્ત્રના સિદ્ધાંતોથી અવગત કરાવવાનો છે. ઉત્ક્રાંતિવાદ એટલે શું? આ અંગેની પ્રારંભિક સમજ દ્વારા ચાર્લ્સ ડાર્વિન, હર્બટ સ્પેન્સર જેવાં વિભિન્ન વિદ્વાનોનું ઉત્ક્રાંતિવાદના વિકાસમાં રહેલ પ્રદાનથી વિદ્યાર્થીઓને વાકેફ કરવાનો હેતુ પ્રસ્તુત એકમનો રહેલ છે, જેના દ્વારા વિદ્યાર્થીઓને વિષયવસ્તુ અંગેની સ્પષ્ટ સમજણ પ્રાપ્ત થશે.

## ૧.૧ પ્રાસ્તાવિક

સમાજશાસ્ત્રના ઉદ્‌ભવકાળથી જ સામાજિક પરિવર્તન તેમજ આ અંગેની પ્રક્રિયાનો અભ્યાસ મહત્ત્વનો બન્યો છે. સમાજમાં પ્રવર્તમાન વિભિન્ન આયામોને સામાજિક પરિવર્તનની વિભાવના હેઠળ યોગ્ય રીતે સમજી શકાય. સામાજિક પરિવર્તનને વિચારકોની એક શ્રેણી ઉત્ક્રાંતિના દષ્ટિબિંદુથી સમજવાનો પ્રયાસ કરે છે. આ સંદર્ભે રોનાલ્ડ ફ્લેચર (Ronald Fletcher) જણાવે છે કે, “ઉત્ક્રાંતિક (Evolutionary) અને વિકાસમય (Developmental) સમાજશાસ્ત્ર એ વિશિષ્ટ અભિગમ કે બીજી વિવિધ વિચારશાખાઓથી પર એની વિશિષ્ટ વિચારશાખા નથી. પરંતુ તે સમગ્ર સમાજશાસ્ત્રનું મહત્ત્વનું પાસું છે. તે સમાજશાસ્ત્રીય વિશ્લેષણનો એક ભાગ છે. એના વિના સામાજિક તથ્યોની વિસ્તૃત સમજૂતી શક્ય નથી.” એટલે, મૂળભૂત રીતે લુંડબર્ગના મતે ‘સામાજિક પરિવર્તન એટલે અંતઃમાનવીય સંબંધોના સ્થાપિત પ્રતિમાનો અને આચરણના માનકોમાં આવતું પરિવર્તન’. આમ, સમાજના વિભિન્ન આયામોને ચિંતનાત્મક ઢબે સમજવા માટે ઉત્ક્રાંતિવાદ અંગેની સમજ ચાવીરૂપ બને છે.

## ૧.૨ ઉત્ક્રાંતિ અંગેના ખ્યાલની સૈદ્ધાંતિક પૃષ્ઠભૂમિ

ઉત્ક્રાંતિ સતત ચાલતી પ્રક્રિયા છે. એ ન્યાયે ઉત્ક્રાંતિ અંગેનો ખ્યાલ ચાર્લ્સ ડાર્વિનના સંશોધન બાદ જ અસ્તિત્વમાં આવ્યો એ માનવું યોગ્ય નથી. કારણ કે, આ પહેલા પણ આ અંગેના વિચારો પ્રગતિમય વિકાસના ખ્યાલથી માનવ-ઈતિહાસમાં અંકિત થયેલા જોવા મળે છે.

*પ્રાચીન ગ્રીક તત્ત્વચિંતકોએ વિકાસ, ઉત્ક્રાંતિ કે પરિવર્તન અંગેના ખ્યાલ વિભિન્ન સ્વરૂપે રજૂ કર્યા છે. પ્લેટોની દૃષ્ટિએ ''વિશ્વમાં કોઈ પણ ઠેકાણે સાશ્વતતા કે સ્થિરતાનું નામોનિશાન નથી.'' એટલે કે, કોઈપણ વસ્તુ પોતાની મૂળ સ્થિતિમાં ટકી રહેતી નથી. આજ બાબત એરિસ્ટોટલે પણ કહી છે. એરિસ્ટોટલના મતે ''સમાજ પરિવર્તનશીલ અને ક્રિયાશીલ છે'' બીજી રીતે કહેવું હોય તો કહી શકાય કે, સમાજમાં જોવા મળતું પરિવર્તન શાશ્વત છે. પરિવર્તન સંસારનો નિયમ છે. આ બાબત અંગેનો પડઘો પ્રખ્યાત વિચારક હેરક્લાયટ્સ (*Heracleitus*) ની માન્યતામાં પણ ઝીલાય છે. તેઓના મત મુજબ ''વિશ્વમાં સ્થિરતાનું અસ્તિત્ત્વ જ નથી'' એટલે કે આ વિશ્વમાં નિશ્ચિત કહી શકાય તેવું કોઈ તત્ત્વ જ નથી. આમ, ઉત્ક્રાંતિ અંગેની વિષદ્ છણાવટ ચાર્લ્સ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ અંગેના સિધ્ધાંતની પહેલા ઘણાં વિચારકો દ્વારા પરિવર્તનના સંદર્ભમાં પ્રાપ્ત થવા પામે છે જે બાબત નોંધનીય બને છે.*

### ***૧.૩ ક્રાંતિની ઘટના અને ઉત્ક્રાંતિનો ખ્યાલ***

*સને ૧૭૮૯માં ફ્રાન્સમાં થયેલ રાજ્યક્રાંતિએ સમકાલીન યુરોપિયન સમાજમાં ઝડપી તેમજ હિંસાત્મક પરિવર્તનો ઉભા કર્યા હતાં. આ સાથે ૧૮મી શતાબ્દીમાં થયેલ ઔદ્યોગિક ક્રાંતિના પરિણામ સ્વરૂપે આ પરિવર્તનોમાં જાણે પ્રાણ પુરાયાં. ક્રાંતિની ઘટનાના પરિણામ સ્વરૂપે બે મહત્ત્વની ઘટના બની એક તરફ પ્રાચીન, સ્થિર અને સાંમતશાહી, રાજાશાહી વ્યવસ્થાને તોડી નવા શહેરી કેન્દ્રો અને વેપારનો વિકાસ થયો. જ્યારે બીજી તરફ સંશોધકો, મુસાફરો, મિશનરીઓ, વ્યાપારીઓ અને સંસ્થાનવાદીઓની પ્રવૃત્તિઓનો વ્યાપ વધ્યો. આ લોકોની પ્રવૃત્તિઓને લીધે અમેરિકા, આફ્રિકા અને એશિયાના દેશો યુરોપના પ્રભુત્વ હેઠળ આવવા લાગ્યા. આ પ્રકારનું પરિવર્તન એક નવા જ પ્રકારના રચનાતંત્રીય આયામથી આ અંગેનો વિચાર કરવા પ્રેરે છે.*

## ૧.૪ ઉત્ક્રાંતિ : ખ્યાલાત્મક સ્પષ્ટતા

મૂળભૂત રીતે ઉત્ક્રાંતિ શબ્દ જેને અંગ્રેજીમાં Evolution કહે છે. તે લેટિન ભાષાનો શબ્દ છે. લેટિન ભાષાના શબ્દ 'Evolvere' પરથી Evolution શબ્દ ઉતરી આવ્યો છે. જેનો અર્થ વિકાસ કે પ્રગતિ થાય છે.

સામાન્ય અર્થ મુજબ સજીવોમાં થતી ધીમી છતાં પ્રગતિકારક, કુદરતી, રચનાત્મક અને ક્રમિક પરિવર્તનની ક્રિયાને ઉત્ક્રાંતિ કહે છે. જીવશાસ્ત્રમાં જનીનોના ઉદ્‌વિકાસની પ્રક્રિયાને ઉત્ક્રાંતિ તરીકે મૂલવવામાં આવે છે.

વિદ્યુત જોષી પારિભાષિક કોશ- સમાજશાસ્ત્રમાં ઉત્ક્રાંતિ અંગેની સમજ આપતા જણાવે છે કે ડાર્વિનના મતે પ્રારંભમાં દરેક સજીવ વસ્તુ સરળ હોય છે અને એમાં દરેક જુદું જુદું અંગ એકબીજાની સાથે એવી રીતે જોડાયેલું હોય છે કે, તેને અલગ કરી શકાતું નથી. તેનું કોઈ નિશ્ચિત સ્વરૂપ પણ હોતું નથી. પરંતુ ધીમે ધીમે તે વસ્તુના વિભિન્ન અંગ સ્પષ્ટ થઈ જાય છે અને સાથે સાથે તેનું સ્વરૂપ પણ નક્કી થઈ જતું હોય છે. દરેક અંગનું એક વિશિષ્ટ કાર્ય પણ હોય છે. દા.ત., પગ ચાલવાનું કામ કરે છે, આંખ જોવાનું કામ કરે છે, મોં ખાવાનું કામ કરે છે, કાન સાંભળવાનું. વાસ્તવમાં આ વિભિન્ન અંગોમાં સામાન્ય રીતે આંતરસંબંધ અને આંતરનિર્ભરતા ટકી રહેતી હોય છે. ઉદ્‌વિકાસની અથવા ઉત્ક્રાંતિની આ પ્રક્રિયા નિરંતર ચાલુ રહેતી ક્રિયા છે. આ પ્રક્રિયા દરમિયાન પ્રાણીઓમાં કોઈને કોઈ પરિવર્તન થવાની શક્યતા સ્વાભાવિક છે. સજીવની ઉત્ક્રાંતિ એકકોષી જીવથી સંકુલ માનવદેહ સુધી થાય છે. તેમ સમાજની ઉત્ક્રાંતિ સાદા સમાજથી જટિલ સમાજ તરફ થાય છે તેવો હર્બટ સ્પેન્સરનો નિયમ સામાજિક ઉત્ક્રાંતિનો સિધ્ધાંત કહેવાય છે.

## ૧.૫ લેમાર્કનો ઉપાર્જીત લક્ષણોના વારસાનો સિધ્ધાંત

જીન બેપ્ટિસ્ટ લેમાર્કે (Jean Baptiste Lamarck) પોતાના પુસ્તક Zoological Philosophy (1809) માં ઉપાર્જીત લક્ષણોના વારસાનો સિધ્ધાંત પ્રતિપાદિત કરીને "કોઈપણ જીવ

પોતાનામાં ફેરફાર કરી શકતો નથી." આ પ્રકારની પરંપરાગત માન્યતાને પડકારી. જીન બેપ્ટિસ્ટ લેમાર્કની થિયરી મૂળભૂત રીતે બે મુદ્દા પર આધારિત છે.

(I) કાર્યો અંગોને કેળવે છે. (Functions Moulds the Organ)

(II) સંપ્રાપ્ય લક્ષણો આનુવંશિક હોય છે. (Acquired Characteristics are inherited)

લેમાર્કવાદ મુજબ શરીરના ઉપયોગી અને નિરૂપયોગી અંગો પેઢી દર પેઢી વિકાસ પામતા ગયા કે નષ્ટ પામતા ગયા. એટલે કે સજીવતંત્ર પોતાના અંગોને વિકસાવી, મજબૂત કરી કુદરતી વાતાવરણ સાથે અનુકૂલન સાધે છે.

દૃષ્ટાંત દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ તો જીરાફના પૂર્વજો તેમની ગરદન ઝાડના પાંદડા સુધી પહોંચવા માટે લાંબીને લાંબી ખેંચતા ગયા, જેથી કાળક્રમે જીરાફની ડોક પેઢી દર પેઢી લાંબી થતી ગઈ. આમ, સજીવતંત્રમાં દરેક જીવ પોતે ટકી રહેવા માટે બહારની પરિસ્થિતિને અનુકૂળ થઈને અનુકૂલન સાધે છે.

## ૧.૬ ચાર્લ્સ ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ

ચાર્લ્સ ડાર્વિને પોતાનું પુસ્તક 'The Origin of Species' સને ૧૮૫૯ માં પ્રકાશિત કર્યું. પ્રાકૃતિક પસંદગીવાદથી પ્રેરિત થઈને વૈજ્ઞાનિક ચાર્લ્સ લાયેલ દ્વારા ઉત્ક્રાંતિ વિષયક વિષદ્ છણાવટ કરાઈ હતી.

ચાર્લ્સ ડાર્વિને (Charles Darwin) આ સંશોધનથી પ્રેરિત થઈને પ્રતિપાદિત કર્યું કે પ્રાકૃતિક પરિબળોને લીધે પૃથ્વીની સપાટીમાં ફેરફાર થાય છે, અને તે પરિબળો આજે પણ ઉત્ક્રાંતિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ચાર્લ્સ ડાર્વિને જ્યારે 'H.M.S. Beagle' નામના જહાજમાં (૧૮૩૧-૧૮૩૬) દક્ષિણ અમેરિકા તરફના સમુદ્રમાં સજીવોના અભ્યાસ માટે મુસાફરી કરી ત્યારે ગાલાયગોસ ટાપુઓ પર તેમણે જોયું કે, ત્યાં વસતી સજીવોની અમુક જાતિઓ પૃથ્વી પર બીજે ક્યાંય જોવા મળતી ન હતી. મૂળભૂત

રીતે આ અવલોકન દ્વારા ડાર્વિન પુસ્તક લખવા પ્રેરાયા જેના પરિણામ સ્વરૂપે જગતને ઉત્ક્રાંતિ વિષયક વિભિન્ન તથ્ય આધારિત ખ્યાલો સાંપડ્યા.

ચાર્લ્સ ડાર્વિનના પુસ્તક 'The Origin of Species' દ્વારા ધર્મગ્રંથોના જાણકારોમાં સંઘર્ષનું મનોમંથન ઉભું થયું. આ પુસ્તકને લીધે લોકો માનવીની ઉત્પત્તિ તેમજ માનવી અને પરાલૌકિક શક્તિઓ વચ્ચેના સંબંધોને નવેસરથી વિચારવા લાગ્યા. ઈશ્વર અને જગત વચ્ચે રહેલ સીધા સંબંધ અંગેની રૂઢિચુસ્ત ધાર્મિક માન્યતાનો કચ્ચરઘાણ કરીને સુધારા અરૂણ પ્રકાશિત કરવાનું અતિ મહત્ત્વપૂર્ણ કાર્ય ચાર્લ્સ ડાર્વિને પોતાના ઉત્ક્રાંતિ અંગેના સુધારા દ્વારા કર્યું છે.


ચાર્લ્સ ડાર્વિનની માન્યતા મુજબ કોઈ પણ સજીવ શરીર તેના પૂર્વગામી સજીવ શરીરની હૂબહૂ પુનરાવૃત્તિ નથી; કેમકે, માતા-પિતાના તેમજ સંતાનોના શરીરમાં સતત સૂક્ષ્મ ફેરફારો થયા કરે છે. એટલે કે પ્રાણીઓના શરીરમાં સતત પરિવર્તનો આવ્યા કરે છે. પરંતુ આ શારીરિક પરિવર્તનોમાંથી કેટલાંક પરિવર્તનો પ્રાણીઓને વિશેષ સહાયભૂત થાય છે, જ્યારે બીજા કેટલાંક પરિવર્તનો પ્રાણીઓને મદદકર્તા નીવડતા નથી. એટલે કે આ પરિવર્તનો નિરૂપયોગી હોય છે અથવા તો કેટલીક વાર હાનિકારક પણ હોય છે. મતલબ એ કે ડાર્વિનના મત મુજબ, સજીવ શરીરમાં સતત ફેરફાર થયાં કરે છે. આ તમામ પરિવર્તન તેની બાહ્ય પરિસ્થિતિ સાથે સંકળાયેલ હોય છે. આ પ્રક્રિયા સતત ચાલતી રહે છે. તેમજ આ ફેરફારો સાથે અનુકૂલન સાધવું સજીવ શરીર માટે મહત્ત્વનું બને છે. જો સજીવ શરીર વિભિન્ન ફેરફારોની સાથે તાલમેલ રાખીને અનુકૂલન સાધવાની પ્રક્રિયામાં નિષ્ફળ રહે તો સજીવ શરીર બદલાતા પરિમાણો વચ્ચે ટકી શકતું નથી. માટે જીવન ટકાવવાની આ પ્રક્રિયામાં સજીવ શરીર અન્યનો ભોગ પણ લઈ શકે છે. ડાર્વિન આ સમગ્ર પ્રક્રિયાને 'Survival of the Fittest' તરીકે વર્ણવે છે. એટલે કે જે પ્રાણીઓને વધારે અનુકૂળ શરીર મળેલું છે અને જેઓ સબળ છે તે પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે.

ચાર્લ્સ ડાર્વિનના સિધ્ધાંત મુજબ, જીવન ટકાવવાનો માર્ગ કઠિન છે. પ્રત્યેક જીવંત જીવની સતત પ્રજોત્પતિ થયા કરે છે. જેના પરિણામ સ્વરૂપે તેમની સંખ્યામાં સતત વધારો થયા કરે છે. સામે પક્ષે જગતનાં સર્વ જીવોને પોષી શકાય તેટલા પ્રમાણમાં ખોરાક ઉપલબ્ધ હોતો નથી. પ્રખર વસ્તીશાસ્ત્રી થોમસ રોબર્ટ માલ્થસનો વસ્તી વૃધ્ધિનો સિધ્ધાંત નોંધનીય બને છે. સને ૧૭૯૮ માં પોતાના પુસ્તક 'An Essay on the Principle of Population' માં માલ્થસે વસ્તીવૃધ્ધિ અને સંસાધનો પર વસ્તીવૃધ્ધિની અસર અંગેનો તુલનાત્મક અભ્યાસ પ્રતિપાદિત કર્યો છે. જે મુજબ વસ્તીમાં જેટલાં પ્રમાણમાં વધારો થાય છે. તેટલા પ્રમાણમાં સંસાધનોમાં (ખોરાક) વધારો કરી શકાતો નથી.

નોંધનીય બાબત એ જાણવા મળે છે કે, જીવન ટકાવી રાખવા પ્રાણીઓ વચ્ચે સંઘર્ષ અને હરિફાઈ થાય છે. આ સંઘર્ષની પ્રક્રિયામાં જે જીવ સબળ તેમજ શક્તિશાળી હશે તેમજ બદલાતા વાતાવરણ સાથે અનુકૂલન સાધવામાં સફળ થાય છે તે જીવ ટકી શકે છે. આ ક્રમ નિરંતર ચાલ્યા કરે છે. આમ, ચાર્લ્સ ડાર્વિને પોતાના ઉત્ક્રાંતિ અંગેના સિધ્ધાંત દ્વારા જીવશાસ્ત્રમાં ક્રાંતિના મંડાણ કર્યા છે. તેમના આ વિચાર દ્વારા સજીવની ઉત્પતિ અંગેના ઘણાં રહસ્યો ઉકલી શક્યા છે.

### **૧.૭ પ્રશિષ્ટ ઉત્ક્રાંતિવાદ અંગેની મુખ્ય ધારણાઓ**

ઓગણીસમી શદીમાં જીવશાસ્ત્રમાં વિકસેલ ઉત્ક્રાંતિ અંગેની વિભાવનાએ સમાજશાસ્ત્ર પર પણ પ્રભાવ પાડ્યો. માનવસમાજ અને સંસ્કૃતિના ઉદ્ભવ તેમજ વિકાસને ઉત્ક્રાંતિક દષ્ટિકોણથી તપાસવાની શરૂઆત થઈ. સમાજશાસ્ત્રમાં સામાજિક ઉત્ક્રાંતિ અંગેની વિભાવના આપવાનું શ્રેય હર્બર્ટ સ્પેન્સર (Herbert Spencer) (૧૮૨૦-૧૯૦૩) ને જાય છે. જુદા જુદા સામાજિક વિજ્ઞાનીઓએ ઉત્ક્રાંતિવાદની અન્ય વિજ્ઞાન સાથે તુલના કરતાં વિભિન્ન ધારણાઓ નજર સમક્ષ રાખી હતી. એ અંગેની સમજ નીચે મુજબ છે.




### (૧) સમગ્રતા :

*પ્રશિષ્ટ ઉત્ક્રાંતિવાદીઓનાં અભ્યાસનું મુખ્ય ક્ષેત્ર સમગ્ર એકમ છે. તેઓ સમગ્રના કોઈ એક ભાગને કે તે અંગેના અભ્યાસને મહત્ત્વ આપતા નથી. માનવ શરીર વિભિન્ન અંગોનું બનેલું છે. જેમાં હૃદય, મગજ, ફેફસાં, કિડની જેવાં શરીરના વિભિન્ન અવયવો છે. તો માનવ શરીરના કોઈ એક ભાગને સ્થાને માનવશરીરને સમગ્ર તરીકે સમજવાનો પ્રયત્ન કરે છે. પ્રત્યેક એકમ વિશાળ સમગ્રતાનો ભાગ હોઈ પ્રશિષ્ટ ઉત્ક્રાંતિવાદીઓના સંશોધનનું કેન્દ્ર સભ્યતા સંસ્કૃતિ અથવા માનવજાત છે.*

### (૨) પરિવર્તનની અન્તર્ગતતા :

*પરિવર્તન આંતરિક પ્રક્રિયા છે. પરિવર્તન એકમ અથવા સમાજની અંદરથી જ આવે છે. અન્તર્ગતતા એટલે પ્રત્યેક સમાજમાં પ્રગતિમય વિકાસ માટેનું આંતરિક વલણ હોય છે. સમાજની અંદર*

જ પરિવર્તનના મૂળ રહેલાં છે. આથી જ હર્બર્ટ સ્પેન્સર કહે છે કે, "પ્રગતિ આકસ્મિક નથી, પરંતુ અનિવાર્ય છે." પરિવર્તન સમાજ અથવા તેના એકમના સ્વરૂપમાંથી જ આવે છે. પરિવર્તન માટે બાહ્ય પરિબળની જરૂર નથી. ઓગસ્ટ કોમ્ટ પણ જણાવે છે કે, "પરિવર્તન સમગ્ર સમાજના આંતરિક પરિબળોને લીધે શક્ય બને છે."

### (૩) પરિવર્તનની દિશાસૂચકતા :

પરિવર્તન એક સીધી દિશામાં આગેકૂચ કરે છે. પરિવર્તન ગમે તેમ અથવા ચક્રાકાર નથી, પરંતુ પ્રગતિમય છે. પરિવર્તન ક્રમિક તેમજ ક્રમબધ્ધ હોય છે. તેમજ ચોક્કસ દિશા તરફનું હોય છે. સમગ્ર સમાજને એકરેખીય ખ્યાલના સંદર્ભમાં જોવામાં આવે છે. એકરેખીય વિકાસ એટલે બિનવિભેદી કૃત આદિમ સમાજમાંથી જટિલ સમાજ તરફનો એકદિશાનો વિકાસ. સમાજ ધીરે ધીરે પરિપક્વ બને છે. તેમ તેમ સમાજ તેમજ સભ્યતા ચોકક્સ ક્રમબધ્ધ પગથિયાં તરફ આગળ વધે છે. આ સમયે પ્રત્યેક પગથિયું અગાઉનાં પગથિયાં કરતાં વધુ જટિલ બનતું જાય છે. આમ, ઉત્ક્રાંતિવાદી સંશોધનમાં પરિવર્તન અંગેની દિશાસૂચકતા મહત્ત્વની બને છે.

### (૪) પરિવર્તનનું સાતત્ય :

બેરન જી. ડબલ્યુ વૉન લીબુનીઝ (Baron G.W. Von Liebniz) ના મત અનુસાર, "પ્રકૃતિમાં કોઈપણ ઘટના એકાએક બનતી નથી, કોઈ પણ ઘટના છલાંગોની માફક આગળ વધતી નથી; પરંત માત્રામાં (ધીમે ધીમે) આગળ વધે છે. આ નિયમ પરિવર્તનને પણ લાગુ પડે છે." ઉત્ક્રાંતિવાદીઓમાં આ માન્યતાની સ્વીકૃતિ જોવા મળે છે. તેથી કહી શખાય કે સમાજમાં ઉત્ક્રાંતિ ધીમે ધીમે આવે છે. એકાએક પરિવર્તન શક્ય નથી. આમ, પરિવર્તન અંગેનું સાતત્ય મહત્ત્વનું બને છે.

## ૧.૮ હર્બર્ટ સ્પેન્સર : સામાજિક ઉત્ક્રાંતિનો સિધ્ધાંત

સમાજશાસ્ત્રી હર્બર્ટ સ્પેન્સરે ઉત્ક્રાંતિ અંગેના સિધ્ધાંતને સમાજશાસ્ત્રીય રાહે મૂલવવાનું અતિ મહત્ત્વનું કાર્ય કર્યું હોવાથી તેઓને સામાજિક ઉત્ક્રાંતિના પ્રણેતા માનવામાં આવે છે. હર્બર્ટ સ્પેન્સરે

ઉત્ક્રાંતિના જે નિયમો સજીવ સૃષ્ટિને લાગુ પડે છે તે તમામ નિયમો સમાજને પણ લાગુ પડે છે તેવી રજૂઆત કરી સમાજની તુલના સજીવ તંત્ર સાથે કરી છે એ સંદર્ભે. સમાજને હર્બર્ટ સ્પેન્સર Superorganic તરીકે ઓળખાવે છે.

હર્બર્ટ સ્પેન્સરે પોતાના લખાણો દ્વારા સમાજ અને ઉત્ક્રાંતિ અંગેના વિશદ્ વિવરણ આપ્યાં છે. તેમના પુસ્તકોમાં સમાજ અને ઉત્ક્રાંતિ અંગે વિસ્તૃત ચર્ચા થયેલી જોવા મળે છે. તેમનાં લેખ અને પુસ્તકો નીચે પ્રમાણે છે.

- Social Statics (1850)
- Principles of Psychology (1855)
- Principles of Biology (1855)
- Progress – Its law and causes (1857)
- The Study of Sociology (1873)
- Essays – Scientific, Political and Speculative (1858-1874)
- The Principles of Sociology (1876)
- Man Versus the State (1884)
- The Principles of Ethics (1893)

"A History of Modern Philosophy Vol.II" (1955) હેરોલ્ડ હોફડિંગ (Harold Huffding) નોંધે છે કે ચાર્લ્સ ડાર્વિનનું પુસ્તક The Origin of Species બહાર પડ્યું તેના એક વર્ષ અગાઉ હર્બર્ટ સ્પેન્સરે ઉત્ક્રાંતિવાદ અંગેના વિચારોની કલ્પના કરી લીધી હતી. ચાર્લ્સ ડાર્વિને પોતાના પુસ્તકની પ્રસ્તાવનામાં હર્બર્ટ સ્પેન્સરને પોતાના પુરોગામી માન્યા છે. આ બાબતથી સ્પષ્ટ થાય છે કે હર્બર્ટ સ્પેન્સરના ઉત્ક્રાંતિવાદ અંગેના વિચારો ચાર્લ્સ ડાર્વિનના સિધ્ધાંત પહેલાંથી જ જાણીતા હતાં. એમ માનવું ભૂલભરેલું છે કે હર્બર્ટ સ્પેન્સરનું ઉત્ક્રાંતિવાદી તત્ત્વજ્ઞાન ચાર્લ્સ ડાર્વિનનાં ઉત્ક્રાંતિવાદની અસર હેઠળ હતું.

હર્બર્ટ સ્પેન્સર પોતાના પુસ્તક "First Principles" ના બીજા ભાગમાં સાર્વત્રિક ક્રાંતિના વિકાસ અંગેની વિભાવના વ્યક્ત કરે છે. હર્બર્ટ સ્પેન્સરે માનવસમાજની સરખામણી સજીવ શરીરતંત્ર સાથે કરી છે. એટલે કે, સામાજીક માળખું અને તેના અંગો જે પ્રકારે પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા છે તે રીતે સજીવ શરીરના વિભિન્ન અંગો પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય છે. હર્બર્ટ સ્પેન્સર દ્વારા સમાજ અને સજીવતંત્રની છ બાબતમાં સરખામણી કરવામાં આવી છે.

(૧) સમાજ અને સજીવતંત્રને નિર્જીવ પદાર્થથી અલગ પાડી શકાય છે; કારણ કે બંનેની વૃધ્ધિ અને વિકાસ થાય છે.

(૨) સમાજ અને સજીવતંત્રના કદમાં જેમ વધારો થાય છે તેમ તેમની જટિલતા અને વિભેદીકરણમાં પણ વધારો થતો જાય છે.

(૩) બંનેમાં રચનાતંત્રના પ્રગતિમય વિભેદીકરણની સાથે તેનાં કાર્યોમાં પણ વિભેદીકરણ જોવા મળે છે.

(૪) બંનેમાં સમગ્રના ભાગો એકબીજા પર આધારિત છે. એટલે કે ભાગો પરસ્પરાશ્રિત છે. તેમના એક ભાગમાં આવેલું પરિવર્તન બીજા ભાગને પણ અસર કરે છે.

(૫) સજીવતંત્ર અને સમાજ બંનેમાં તેના ભાગો એક સ્વયં સમાજ છે.

(૬) સજીવતંત્ર તેમજ સમાજ બંનેમાં તેમના સમુદાયના જીવનનો નાશ કરી શકાય છે. પણ તેના ભાગો અથવા એકમો સમય પર્યંત ચાલુ રહે છે.

હર્બર્ટ સ્પેન્સર સમાજની તુલના સજીવતંત્ર સાથે કરતા સ્પષ્ટ કરે છે કે, જેમ શરીરતંત્રના વિભિન્ન અવયવો પરસ્પર એકબીજા સાથે કાર્ય-કારણના સંબંધથી જોડાયેલ છે તેજ રીતે માનવસમાજના વિભિન્ન અંગો પરસ્પર એકબીજા સાથે કાર્યકારણના સંબંધથી જોડાયેલા છે. સજીવતંત્રની માફક સમાજનો પણ વિકાસ સતત ચાલ્યા જ કરે છે. સામાજિક વિકાસની આ પ્રક્રિયા અવિરતપણે નિરંતર ચાલ્યા કરે છે.

હર્બર્ટ સ્પેન્સરના મત મુજબ ઉત્ક્રાંતિ અથવા વિકાસ એટલે વિભેદીકરણ. એટલે કે ઉત્ક્રાંતિનો પથ સાદા રચનાતંત્ર તરફથી જટિલ રચનાતંત્ર તરફનો હોય છે. એકરૂપતામાંથી વિભેદીકરણ તરફનો હોય છે. અહીં પ્રશ્ન એ ઉદ્ભવે છે કે વિભેદીકરણ માટે કયું પરિબળ જવાબદાર છે? હર્બર્ટ સ્પેન્સર આ માટે વસ્તીના દબાણને જવાબદાર ગણે છે. જે પ્રતિપાદિત કરે છે કે, હર્બર્ટ સ્પેન્સર થોમસ રોબર્ટ માલ્થસના વસ્તી વિષયક સિધ્ધાંતને પરિવર્તનના વાહક તરીકે મૂલવે છે.

સ્પેન્સરના મત મુજબ ઉત્ક્રાંતિ એટલે નિશ્ચિત દિશા તરફનો વિકાસ. સામાજિક ઉદ્વિકાસની શરૂઆત સાદા (Simple) સમાજથી થાય છે, આ સાદા સમાજની વિશિષ્ટ લાક્ષણિકતા એ છે કે ત્યાં કોઈ નેતા હોતો નથી. એ માટે સ્પેન્સર એસ્કિમોનું ઉદાહરણ અર્પે છે.

ઉદ્વિકાસની પ્રક્રિયામાં આગળ વધતાં મિશ્રિત (Compound) સ્વરૂપનો સમાજ ઉદ્ભવે છે. જ્યાં વિભિન્ન સમૂહો એક નેતાના નેજા હેઠળ સંગઠિત થાય છે. આ માટે સ્પેન્સર બાદુયન (Bedouins) સમાજનું દૃષ્ટાંત આપે છે. આગળ જતાં બેવડા મિશ્રિત (Doubly Compound) સમાજ આકાર પામે છે. અહીં મિશ્રિત જૂથોનો સમવાયી સંઘ રચાય છે. દા.ત. પ્રાચીન ઈજિપ્તનું રાજ્ય. આ સમગ્ર પ્રક્રિયાને અંતે અંતતોગત્વા ત્રેવડો મિશ્રિત (Trebly Compound) સમાજ ઉભો થાય છે. અહીં વિશાળ સામ્રાજ્યો અસ્તિત્વ પામે છે. અને સમાજ પ્રગતિ કરતો રહે છે.

હર્બર્ટ સ્પેન્સરે સામાજિક ઉત્ક્રાંતિ અંગેના ખ્યાલ દ્વારા સ્વૈચ્છિક સહકારના અનુસંધાનમાં લશ્કરી સમાજ તેમજ ઔદ્યોગિક સમાજ અંગેની વિસ્તૃત ચર્ચા કરી છે. જે અંતર્ગત માનવસમાજ જંગલી અવસ્થામાંથી સભ્ય સમાજ તરફ પ્રગતિ કરે છે. બર્બર યુગમાંથી લશ્કરી સમાજનો ઉદ્ભવ થાય છે. જેમાં ફરજિયાત સહકાર પર ભાર મૂકવામાં આવે છે. વ્યક્તિ રાજ્યના કલ્યાણ અર્થે અસ્તિત્વ ધરાવે છે. અર્પિત દરજ્જાનું પ્રાધાન્ય જોવા મળે છે. ત્યારબાદ સમાજ ઔદ્યોગિકતા તરફ આગળ વધે છે. ઔદ્યોગિક સમાજમાં પ્રાપ્ત દરજ્જાને પ્રાધાન્ય અપાતું હોવાથી સત્તાનું વિકેન્દ્રીકરણ થાય છે.

લશ્કરી સમાજમાંથી ઔદ્યોગિક સમાજ તરફની ગતિ સંપૂર્ણ સંતુલિત સમાજ અંગેની સ્થાપના તરફની પૂર્વશરત છે. પરિવર્તનની પ્રસ્તુત પ્રક્રિયા દ્વારા માનવીની અપ્રગટ શક્તિઓ વિકાસ પામે છે. પરિણામે સમાજમાં સુગ્રથન અને વિભેદીકરણ સર્વોચ્ચ કક્ષાએ પહોંચે છે. પરિણામ સ્વરૂપે સમાજ અને વાતાવરણ વચ્ચે, સમાજ-સમાજ વચ્ચે, સમાજનાં વિવિધ જૂથો વચ્ચે અને સમાજના વિવિધ પરિબળો વચ્ચે સમતુલન જોવા મળે છે. આ ઉત્ક્રાંતિ બાદ વિઘટન સર્જાય છે. અને સમાજમાં નવી અવ્યવસ્થા ઉભી થાય છે વળી પાછી ઉત્ક્રાંતિની પ્રક્રિયા શરૂ થાય છે. આમ, સ્પેન્સરના મત મુજબ સમગ્ર સૃષ્ટિ અને સમાજમાં લયાત્મક રીતે ઉત્ક્રાંતિ અને વિઘટનની પ્રક્રિયા વારાફરતી ચાલ્યા જ કરે છે.

## ૧.૯ ઉત્ક્રાંતિના સિધ્ધાંતનું મૂલ્યાંકન

ચાર્લ્સ ડાર્વિન દ્વારા જીવશાસ્ત્રમાં ઉત્ક્રાંતિ અંગેના સિધ્ધાંતે તે સમયની સમાજ વ્યવસ્થા તેમજ ધર્મ વ્યવસ્થા પર ઘેરાં પ્રત્યાઘાતો પાડ્યા હતાં. તે સમયનો જડત્વવાદ ડાર્વિનની વિરૂધ્ધ કાર્યરત હતો. આ સમગ્ર પ્રક્રિયામાં ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ સમક્ષ બે પ્રશ્નો ઉદ્‌ભવ્યા! એક જો આજનો માનવી વાનરમાંથી થયેલ ઉત્ક્રાંતિક અવસ્થાનું પરિણામ છે તો વર્તમાન વાનરો માનવ ક્યારે બનશે? ભીજો પ્રશ્ન એ કે જો ઉત્ક્રાંતિ સતત ચાલતી પ્રક્રિયા હોય તો માણસ તરીકે ઉત્ક્રાંતિ પામ્યા બાદ આધુનિક માનવીનો ભાવિ ઉત્ક્રાંતિક સ્વરૂપ અંગે ડાર્વિન મૌન કેમ છે.

આ પ્રમાણે હર્બર્ટ સ્પેન્સરના સામાજિક ઉત્ક્રાંતિવાદને પણ ટીકાત્મક એરણે ચકાસાયો. એ દષ્ટિએ સમાજ અથવા સંસ્કૃતિના વિભિન્ન પાસાં એકરેખીય અને એક જ પ્રકારના ક્રમમાં આવે છે. હર્બર્ટ સ્પેન્સરની એ દલીલ ક્ષતિપૂર્ણ છે. હર્બર્ટ સ્પેન્સરની અન્ય દલીલ મુજબ ઉત્ક્રાંતિ ધીરે ધીરે ક્રમિક (Gradual) આવે છે. પરંતુ, ધર્મમાં જ્યારે પરિવર્તન આવે છે ત્યારે કેટલીક વખત એકાએક અથવા હિંસાત્મક રીતે આવે છે. એ બાબત નોંધપાત્ર છે.

હર્બર્ટ સ્પેન્સરે સમાજને એક આંગિક તંત્ર તરીકે જોવાનો પ્રયત્ન કર્યો છે. જ્યારે દેહ રચનામાં એકપણ અંશ ઉમેરી શકાતો નથી. એટલે કે, મૂલતઃ પરિવર્તન શક્ય નથી. જ્યારે બીજી તરફ


માનવસમાજની કલ્પી ન શકાય એ રીતે કાયાપલટ થાય છે. આ ઉપરાંત ઉત્ક્રાંતિ પ્રગતિમય પરિવર્તન છે. હર્બર્ટ સ્પેન્સરની આ દલીલ પણ ટીકાને પાત્ર બની છે. કારણ કે આ બાબત એમ સૂચવે છે કે ભૂતકાળ નિરાશાજનક હતો, વર્તમાન ધીરજ માંગી લે છે અને ભવિષ્ય ઊજળું છે.

### ૧.૧૦ માનવશાસ્ત્રમાં ઉત્ક્રાંતિવાદના સમર્થકો

જીવશાસ્ત્ર તેમજ સમાજશાસ્ત્રની જેમ માનવશાસ્ત્રમાં પણ ઉત્ક્રાંતિવાદી વિદ્વાનો જોવા મળે છે. જેમાં સર હેન્રી મેઈન, એડવર્ડ બી. ટાયલર, લૂઈસ હેન્રી મોર્ગન, સર જેમ્સ ફ્રેઝર, વગેરેનોં સમાવેશ થાય છે.


#### (i) એડવર્ડ બી. ટાયલર (Edward B. Tylor)

તેઓએ સને ૧૮૭૧ માં Primitive Culture નામનું પુસ્તક લખ્યું. જે મુજબ જંગલી અવસ્થા માનવજાતની પ્રારંભિક અવસ્થા છે. જેમાંથી ક્રમશઃ વિકાસ બાદ ઉચ્ચ પ્રકારની સંસ્કૃતિનો વિકાસ થાય છે. ટાયલરે ધર્મના વિકાસને ત્રણ અવસ્થા દ્વારા વ્યક્ત કર્યો છે. એ અંગેની સમજ નીચેની આકૃતિ દ્વારા સમજી શકાય છે.




#### (ii) લૂઈસ હેન્રી મોર્ગન (Lewis Henry Morgan)

લૂઈસ હેન્રી મોર્ગન સને ૧૮૭૭ માં પોતાના પુસ્તક Ancient Society માં વિકાસ અંગેના તબક્કાઓ વર્ણવ્યા છે જે નીચે મુજબ છે.



### (iii) સર જેમ્સ ફ્રેઝર (Sir James Frazer)

સને ૧૮૯૦ માં પોતાના પુસ્તક 'Golden Bough' માં સર જેમ્સ ફ્રેઝર જણાવે છે કે, જાદુ, ધર્મ અને વિજ્ઞાન જુદી-જુદી અવસ્થામાંથી વિકાસ પામી આગળ આવ્યાં છે.

### (iv) સર હેન્રી મેઈન (Sir Henry Maine)

સર હેન્રી મેઈને સને ૧૮૬૧માં પોતાનું પુસ્તક 'Ancient Law' પ્રસિદ્ધ કર્યુ. આ પુસ્તક દ્વારા તેમણે સામાજિક સમૂહોના વિકાસનો સિધ્ધાંત પ્રતિપાદિત કર્યો છે.

## ૧.૧૧ નવ ઉત્ક્રાંતિવાદ

ઉત્ક્રાંતિવાદના સૈદ્ધાંતિક વિકાસના એક અરસા બાદ સિધ્ધાંતની એક નવી શાખા નવ-ઉત્ક્રાંતિવાદ તરીકે વિકાસ પામે છે. સમાજશાસ્ત્ર તેમજ માનવશાસ્ત્રમાં પણ નવ-ઉત્ક્રાંતિવાદી ચિંતકો પોતાના વિચારો રજૂ કરે છે. પરિણામ સ્વરૂપે નવ-ઉત્ક્રાંતિવાદની એક અલગ તેમજ વિસ્તૃત શાખા વિકાસ પામે છે.

નવ-ઉત્ક્રાંતિવાદીઓ સામાજિક જીવનની વૃધ્ધિ, સામાજિક જીવનની વધતી જતી જટિલતા અને તેની સાથે સામાજિક જીવનના સંગઠનમાં આવેલા પરિવર્તનને સમજાવવા વિભેદીકરણ (Differentiation) સુગ્રથન (Integration) અને અનુકૂલન (Adaptation) ના ખ્યાલનો ઉપયોગ કરે છે.

## ૧.૧૨ સારાંશ

પ્રસ્તુત એકમમાં જીવશાસ્ત્રમાં ઉત્ક્રાંતિવાદમાં ઉદ્‌ભવ અંગેની ચર્ચા જોઈ. ઝેમાં સમાજશાસ્ત્રના સંદર્ભમાં સામાજિક તેમજ રચનાતંત્રીય પાસાઓના સંદર્ભમાં ઉત્ક્રાંતિવાદન સમજવાનો પ્રયત્ન કર્યો. અહીં આપણે એ પણ જોયું કે માનવશાસ્ત્ર સંદર્ભે ઉત્ક્રાંતિવાદના ચિંતકો-વિચારકોએ ટીકાત્મક વિવેચન કરી ઉત્ક્રાંતિના પોત-પોતાના ખ્યાલો રજૂ કર્યા જેમાંથી ઉત્ક્રાંતિવાદના નવા જ વાદથી પરિચય થયો.

**ચાવીરૂપ શબ્દો**

- *ઉત્ક્રાંતિ : મૂળભૂત રીતે ઉત્ક્રાંતિ શબ્દ લેટિન ભાષાના શબ્દ* 'Evolvere' *પરથી ઉતરી આવ્યો છે. જેને અંગ્રેજીમાં* Evolution *કહે છે. જેનો અર્થ વિકાસ કે પ્રગતિના સંદર્ભે કરી શકાય.*

**૧.૧૩ તમારી પ્રગતિ ચકાસો**

**વિગતે ઉત્તર લખો.**

*પ્ર-૧ ઉત્ક્રાંતિ એટલે શું? ઉત્ક્રાંતિ અંગેના ખ્યાલની સૈધ્ધાંતિક પૃષ્ઠભૂમિ સાથે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદની વિગતે ચર્ચા કરો?*

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

*પ્ર-૨ ઉત્ક્રાતિની વિભાવના અને ઉત્ક્રાંતિવાદ અંગે હર્બર્ટ સ્પેન્સરના વિચારોની વિસ્તૃત ચર્ચા કરો?*

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

**ટૂંકમાં ઉત્તર આપો.**

*પ્ર-૧ ઉત્ક્રાંતિ એટલે શું?*

.................................................................................

.................................................................................

.................................................................................

પ્ર-૨ The Origin of Species પુસ્તકના લેખક કોણ છે?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

પ્ર-૩ પ્રસિષ્ટ ઉત્ક્રાંતિવાદ અંગેની મુખ્ય ધારણાઓ જણાવો?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

પ્ર-૪ The Principles of Sociology પુસ્તકના લેખક કોણ છે?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

પ્ર-૫ નવઉત્ક્રાંતિવાદ એટલે શું?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

**વૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર આપો.**

૧. જીવશાસ્ત્રમાં ઉત્ક્રાંતિના પિતા તરીકે કોની ગણના થાય છે?

(અ) રોનાલ્ડ ફ્લેચર (બ) ચાર્લ્સ ડાર્વિન

(ક) હર્બર્ટ મારક્યૂસ (ડ) જીન બેપ્ટિસ્ટ લેમાર્ક

૨. ઉત્ક્રાંતિ સંબંધિત ઉપાર્જિત લક્ષણોના વારસાનો સિધ્ધાંત કોણે આપ્યો છે?

(અ) જીન બેપ્ટિસ્ટ લેમાર્ક (બ) હર્બર્ટ સ્પેન્સર

(ક) ચાર્લ્સ ડાર્વિન (ડ) એડવર્ડ બી. ટાયલર

૩. An Essay on the Principle of Population પુસ્તકમાં વસ્તી વૃદ્ધિ અંગેનો સિધ્ધાંત કોણે રજૂ કર્યો છે.

(અ) હર્બર્ટ સ્પેન્સર (બ) લૂઈસ હેન્રી મોર્ગન

(ક) જેમ્સ ફ્રેઝર (ડ) થોમસ રોબર્ટ માલ્થસ

૪. સામાજિક ઉત્ક્રાંતિના પ્રણેતા તરીકે કોણ પ્રસિદ્ધ છે?

(અ) ઈમાઈલ દુર્ખિમ (બ) ચાર્લ્સ ડાર્વિન

(ક) હર્બર્ટ સ્પેન્સર (ડ) હેન્રી મેઈન

૫. માનવશાસ્ત્રમાં ઉત્ક્રાંતિની ઘટનાનો પરિચય કરાવતું પુસ્તક 'Primitive Culture' ના લેખક કોણ છે?

(અ) લૂઈસ હેન્રી મોર્ગન (બ) જેમ્સ ફ્રેઝર

(ક) હર્બર્ટ સ્પેન્સર (ડ) એડવર્ડ બી. ટાયલર

## ૨.૦ સંદર્ભસૂચિ


- Darwin Charles (1860), On the Origin of Species (2nd Ed.) London.
- Jean Baptiste Lamarch. Zoological Philosophy. 1809
- Herbert Spencer (1876) The Principles of Sociology
- An Essay on the Principle of Population. 1798. Thomas Robert Malhus. J. Johnson, London.
- विद्याभूषण, डी. आर. सचदेव (२०१४). समाजशास्त्र के सिध्धांत, किताब महल पब्लिसर्ष
- रवीन्द्रनाथ मुकर्जी, २०१५ सामाजिक विचारधारा, विवेक प्रकाशन
- E50-13 समाजशास्त्रीय सिध्धांत (२००९), IGNOU स्टडी लर्निंग मटिरीयल
- પરમાર વાય.એ. (૨૦૧૮). સમાજશાસ્ત્રીય સિધ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

- દેસાઈ એ.આર. સમાજખંડ ૧ થી ૪, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
- જોષી વિદ્યુત, પારિભાષિક કોશ – સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
- પ્રજાપતિ અલ્પેશ, ૨૦૧૫, પરિવર્તન અને વિકાસનું સમાજશાસ્ત્ર, ગર્ગ પ્રકાશન.

# એકમ-૦૨

## લેવિ-સ્ટ્રોસનો રચનાતંત્રીય સિધ્ધાંત

**રૂપરેખા :**


૨.૦ ઉદ્દેશો

૨.૧ પ્રસ્તાવના

૨.૨ લેવિ-સ્ટ્રોસનું જીવન અને કાર્ય

૨.૨.૧ લેવિ-સ્ટ્રોસનું જીવન

૨.૨.૨ લેવિ-સ્ટ્રોસનું કાર્ય

૨.૩ લેવિ-સ્ટ્રોસની રચનાતંત્રીય વિભાવના

૨.૩.૧ રચનાતંત્ર એટલે શું ?

૨.૪ રક્ત સંબંધોની વ્યવસ્થા અને લેવિ-સ્ટ્રોસ

૨.૫ લેવિ-સ્ટ્રોસનું ભાષાશાસ્ત્ર અને રચનાતંત્રીય સિદ્ધાંત

૨.૬ રચનાતંત્રીય માનવશાસ્ત્ર અને સંસ્કૃતિ

૨.૭ લેવિ-સ્ટ્રોસ અને માર્ક્સવાદ

૨.૮ રશિયન સ્વરૂપવાદી પરંપરાગત ગ્રંથની અસરો

૨.૯ કાલ્પનિક કથાઓ

૨.૧૦ ટોટેમવાદ અને લેવિ-સ્ટ્રોસ

૨.૧૧ રચનાતંત્રીય પદ્ધતિઓ અને લેવિ-સ્ટ્રોસની સમીક્ષા

૨.૧૨ સારાંશ

૨.૧૩ ચાવીરૂપ શબ્દો

૨.૧૪ તમારી પ્રગતી ચકાસો

૨.૧૫ ટૂંકનોંધ લખો

## ૨.૦ ઉદ્દેશો :

પ્રસ્તુત એકમનો અભ્યાસ કર્યા પછી આપ....

- રચનાતંત્રીય સિધ્ધાંત શું છે? સમાજશાસ્ત્ર વિષયમાં પ્રસ્તુત સિધ્ધાંત કઈ રીતે મહત્ત્વપૂર્ણ છે તે જાણી શકશો.
- લેવિ-સ્ટ્રોસને એક પ્રખર રચનાતંત્રીય સિધ્ધાંતના પ્રણેતા તરીકે વર્ણવી શકશો.
- આદિવાસી સમાજ અંગે, તેમની સંસ્કૃતિ અંગે જાણકારી પ્રાપ્ત કરી શકશો.

## ૨.૧ પ્રસ્તાવના :

પ્રસ્તુત એકમમાં રચનાતંત્રીય સિધ્ધાંત આપનાર લેવિ-સ્ટ્રોસના જીવન અને તેમના કાર્યોનો પરિચય મેળવીશું. તેમજ રચનાતંત્રીય સિધ્ધાંત એટલે શું? લેવિ-સ્ટ્રોસ આ સિધ્ધાંત વિશે શું જણાવે છે તેની ચર્ચા કરીશું. સ્ટ્રોસના જીવન અને તેમના સિધ્ધાંતો કે પ્રદાનો અંગેની જાણકારી સાથે સ્ટ્રોસ એક મનોવિશ્લેષક તરીકે પણ ઉભરી આવ્યા છે તે જાણીશું. તેમજ પ્રસ્તુત એકમમાં ભાષાશાસ્ત્ર અને રચનાતંત્રીય સિધ્ધાંત, સંસ્કૃતિ અને રચનાતંત્ર વચ્ચેના સંબંધની સ્પષ્ટતા સાથે વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરીશું. સ્ટ્રોસે કાલ્પનિક કથાઓ અને ટોટેમવાદ અંગે આદિવાસી સમાજનો પણ ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે તેની ચર્ચા પણ આ એકમમાં કરીશું.

## ૨.૨ લેવિ-સ્ટ્રોસનું જીવન અને કાર્ય :

### ૨.૨.૧ લેવિ-સ્ટ્રોસનું જીવન

જર્મન ફેડરેશનમાં બાવેરિયાના રાજ્ય ફ્રન્કોનિયા પ્રદેશમાં ર૬મી ફેબ્રુઆરી ૧૮૨૯ ના રોજ બટેનહેમમાં એશ્કેનાઝના યહુદી પરિવારમાં લેવિ-સ્ટ્રોસ જન્મ્યાં હતા. તેઓ હિર્ચ સ્ટ્રોસ અને તેમની બીજી પત્ની રેબેકા હ્રાસ સ્ટ્રોસના પુત્ર હતા. ૧૮ વર્ષની ઉંમરે સ્ટ્રોસે તેની માતા અને બે બહેનો ભાઈઓ જોનાસ અને લૂઈસ સાથે યુનાઈટેડ સ્ટેટમા જોડાઈને પ્રવાસ કર્યો હતો. તેમણે ન્યૂયોર્ક શહેરમાં

હોલસેલ ડ્રાય માલ વ્યવસાય શરૂ કર્યો હતો. લેવિ-સ્ટ્રોસનો ઉછેર ફ્રાન્સમાં થયો હતો એટલે નાગરિકતાની દ્દષ્ટિએ તેઓ ફ્રાન્સવાસી હતા. તેમણે પેરિસના સોર્બોનમાં સ્નાતકની તાલીમ પૂર્ણ કરી. મૂળભૂત રિતે તેઓ ફિલોસોફીના વિદ્યાર્થી હતા. પરંતુ તેમને માનવશાસ્ત્રમાં વધારે રસ હતો. ફ્રાન્સમાં અભ્યાસ કરતી વખતે તેમણે બ્રામીલીયન એમેઝોનની મુસાફરી કરી. જ્યાં તેઓ ત્યાંની સંસ્કૃતિથી આકર્ષિત થયા હતા. એ સંસ્કૃતિમાં તેમનો આ રસ તેમને સંસ્કૃતિના લખાણો તરફ પ્રેરીત કરે છે. એજ લખાણોથી તે વીસમી સદીના સૌથી વિખ્યાત વિદ્વાનોમાં સ્થાન પામ્યા હતા.

### ૨.૨.૨ લેવિ-સ્ટ્રોસના કાર્યો :

ક્લાઉડ લેવિ-સ્ટ્રોસ બ્રાઝીલમાં ૧૯૩૫ અને ૧૯૩૯ ની વચ્ચે ચાર વર્ષ રહ્યા હતા. જેમાં તેમણે "સાઓ પાઓલો યુનિવર્સિટી" માં કામ કર્યું હતું. તે સમય દરમિયાન તેમણે તેમની પત્નીની સાથે રહીને ઘણાં વંશીય સંશોધનો કર્યા હતા. સ્ટ્રોસ અને તેમના પત્નીએ સંશોધન માટે એમેઝોન રેઈનફોરેસ્ટ્સમાં નિયમિત પણે કાર્ય કર્યું હતું. સ્ટ્રોસે ૧૯૪૧ માં ન્યૂયોર્કમાં મૂલાકાતી પ્રોફેસર તરીકે "ન્યૂ સ્કૂલ ફોર સોસ્યલ રિસર્ચ" માં જોડાયા અને ચાર વર્ષ સુધી ત્યાં કાર્ય કર્યું. આ સંસ્થામાં જાણીતા ભાષાશાસ્ત્રી રોમન જેકોબ્સન ફેકલ્ટીના ભાગરૂપે કામ કરતા હતા. લેવિ-સ્ટ્રાસ તેમના જ્ઞાનથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન લેવિ-સ્ટ્રાસે સેનામાં પણ નોકરી કરી હતી. બીજું વિશ્વયુધ્ધ પુરું થયું પછી લેવિ-સ્ટ્રાસ યુનાઈટેડ સ્ટેટ્સમાં પાછા ફર્યા હતા. ત્યાંથી ફ્રાન્સ પાછા ફર્યા તે પહેલા ૧૯૪૬ અને ૧૯૪૮ ની વચ્ચે તેમણે વોશિંગ્ટન ડી.સી. સ્થિત ફ્રેન્ચ દૂતાવાસમાં કાર્ય કર્યું હતું. વર્ષ ૧૯૪૮માં ફ્રાન્સની "સોર્બોન યુનિવર્સિટી" દ્વારા તેમને ડોક્ટરેટની ડીગ્રી એનાયત કરવામાં આવી હતી. વર્ષ ૧૯૫૦માં, તેમને "પેરિસ યુનિવર્સિટીમાં" "ઈકોલે પ્રેટિક ડેસ હોઉટ્સ એટ્યૂડ્સ" ના અભ્યાસના ડિરેક્ટર બનાવવામાં આવ્યા હતા. આ વિભાગ "ધાર્મિક વિભાગ" તરીકે અનુવાદ કરે છે. તેમણે ત્યાં બે દાયકા કરતાં વધુ સમય માટે કાર્ય કર્યું હતું. તે દરમિયાન તેમણે તેમના પ્રથમ લોકપ્રિય કાર્ય "ટ્રિસ્ટસ

ટ્રોપક્કસ" પર કાર્ય કરવાનું શરૂ કર્યું હતું. વર્ષ ૧૯૫૯માં તેઓ અત્યંત પ્રતિષ્ઠિત "કોલેજ ડી ફ્રાન્સ" ખાતે સામાજિક માનવશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા. ત્યારબાદના બે વર્ષ પછી તે "સ્ટ્રક્ચરલ એન્થ્રોપોલોજી" નામની તેમની મહાનકૃતિને લોકો સુધી લાવી શક્યા. ૧૯૭૧માં, તેમણે તેમના સૌથી મહત્ત્વપૂર્ણ કાર્ય "માયથોલોજીક્સ" નો ગ્રંથ પ્રકાશિત કર્યો હતો. જે ૪ ભાગમાં પ્રકાશિત થયો હતો. આ પુસ્તક પ્રકાશિત થયું ત્યાં સુધી તેમના બધા જ સિધ્ધાંતોએ રેકોર્ડ બનાવ્યા હતા.

લેવિ-સ્ટ્રોસ ૧૯૭૪ માં પેરિસ યુનિવર્સિટીમાં "ઈકોલે પ્રેટિક ડે હોઉટ્સ એટ્યૂડ્સ" માંથી નિવૃત્ત થયા હતા અને બાકીનું જીવન સંશોધન, કલા, સંસ્કૃતિ અને સંગીતના ક્ષેત્રમાં પસાર કર્યું હતું. તેમણે ફ્રાન્સની કેટલીક પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં અધ્યક્ષસ્થાનેથી ઘણાં મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યાં હતાં. તેઓ ૧૦૦ વર્ષની ઉંમરે ફ્રાન્સમાં મૃત્યું પામ્યા હતા.

સ્ટ્રોસના લખાણો મોટે ભાગે ફ્રેન્ચ ભાષામાં જોવા મળે છે. વધું ઉપયોગ જોવા મળ્યો છે. તેમના મુખ્ય કાર્યોમાં રચનાતંત્રીય સિધ્ધાંત ખૂબ જ મહત્વ ધરાવે છે. એમાં મુખ્યત્વે આ પ્રમાણેના લખાણો જોવા મળે છે.

1. Conference on Anthropology and Linguistics, (1952)
2. Structural Anthropology (1963)
3. Totemisn (1964)
4. The Savage Mind. (1966)
5. The Scope of Anthropology (1967)
6. The Elementary Structure of Kinship (1969)
7. The Raw and the Cooked (1969)

### તેમના મુખ્ય કાર્યો :

વર્ષ ૧૯૫૫માં ક્લાઉડ લેવિ-સ્ટ્રોસે "ટ્રિસ્ટિસ ટ્રોપક્કસ" અથવા 'એ વલ્ડ ઓન ધ વે' શીર્ષક ધરાવતી તેમની પ્રથમ પુસ્તિકા પ્રકાશિત કરી હતી. તેમાં યુ.એસ.માં યુધ્ધ દરમિયાનના સમયનો ઉલ્લેખ કરાયો હતો. પેરિસના ઘણા લોકો સ્ટ્રોસને "સાહિત્યરત્ન" માનતા હતા.

૧૯૬૩માં તેમની "સ્ટ્રક્ચરલ એન્થોપોલોજી" નામની રચનાતંત્રીય માનવશાસ્ત્ર પર શ્રેષ્ઠ કૃતિ પ્રકાશિત થઈ હતી. આ કૃતિએ તેમને તેમના વિષયમાં સૌથી વધુ જાણીતા વિદ્વાન તરીકેનું સ્થાન અપાવ્યું હતું.

### તેમને મળેલ એવોર્ડ-સન્માન

ક્લાઉડ લેવિ-સ્ટ્રોસને ફ્રાન્સમાં સૌથી વધુ શૈક્ષણિક સન્માન સાથે ૧૪મી મે, ૧૯૭૩ ના રોજ તેમના ચાર વોલ્યુમ પુસ્તક "માયથોલોજીક્સ" માટે "એકેડમી ફ્રેન્ચાઈઝી" આપવામાં આવી હતી.

આમ, લેવિ-સ્ટ્રોસના કાર્યો, લખાણોનું સ્વરૂપ અને ભાષામાં એક સાચા માનવશાસ્ત્રી તરીકે ઉભરી આવ્યા. તેમના અનેક કાર્યોની ફલશ્રુતિએ તેમને સમયે-સમયે સન્માન અપાવ્યું હતું. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન મોટાભાગનો સમય એક માનવશાસ્ત્રી તરીકે ઉત્તર અમેરિકા અને દક્ષિણ અમેરિકાના ભારતીય આદિમજાતિઓના વાર્તનીક પાસાના અભ્યાસ ઉપર વિતાવ્યો.

### ૨.૩ લેવિ-સ્ટ્રોસની રચનાતંત્રીય વિભાવના :

છેલ્લા પાત્રીસ-ચાલીસ વર્ષોમાં સમાજશાસ્ત્રના સિધ્ધાંતોમાં મહત્ત્વપૂર્ણ અને ઉચ્ચ સ્થાને રચનાતંત્રીય સિધ્ધાંત જોવા મળ્યો છે. પ્રસ્તુત સિધ્ધાંતની વિભાવના ઘણાં વિદ્વાનોએ આપી છે. લેવિ-સ્ટ્રોસ પણ આ સિધ્ધાંતની વિભાવના સાથે સંકળાયેલા છે. નોંધનીય છે કે રચનાતંત્રીયવાદના આદ્યસ્થાપક માનવામાં આવે છે.

લેવિ-સ્ટ્રોસને એક જટિલ રચનાતંત્રવાદી તરીકે ઓળખાવી શકાય. આ વિષય માનવશાસ્ત્ર વિષયમાં ગંભીરતાપૂર્ણ ઉલ્લેખાય છે. તેઓ રચનાતંત્રને એક માળખા તરીકે વર્ણવે છે. જેમાં કેટલીક માળખાકીય લાક્ષણિકતાઓનું તેઓ વર્ણન કરે છે જેમ કે....

(૧) રચનાતંત્ર એક વ્યવસ્થા છે જે અનેક ઘટકોનું બનેલું છે. તે પારસ્પરિક અસરો દ્વારા પરિવર્તન પામે છે.

(૨) કોઈ પણ માળખું ક્રમિક રીતે રૂપાંતરણ પામતું હોવું જોઈએ તો જ તે માળખુ વ્યવસ્થિત જૂથમાં પરિવર્તિત થઈ શકે.

(૩) રચનાતંત્રની આ પરિસ્થિતિઓથી માળખું જે ઘટકોનું બનેલું છે તેમાં થયેલા ફેરફારો અંગે આગાહી કે રજૂઆત કરી શકાય.

(૪) અંતમાં આ તમામ પરિસ્થિતિઓથી માળખાની રચના કઈ રીતે થઈ શકે તે નક્કી કરી શકાય.

ટૂંકમાં તેઓ અહીં નિરિક્ષણ, પ્રયોગ, રચનાતંત્ર અને માપનની બબાતોની રજૂઆતો કરે છે. લેવી-સ્ટ્રોસના લખાણોમાં અનેક ચિંતકોનો અને વાદનો પ્રભાવ કે અસરો જોવા મળી છે. જેમાં માર્ક્સવાદ, ભૂસ્તરશાસ્ત્ર અને મનોવિશ્લેષણાત્મ પરિસ્થિતિ તેમ જ એ વિશેની વાતોનો સમાવેશ થાય છે.

### ૨.૩.૧ રચનાતંત્ર એટલે શું?

સામાન્ય રીતે સમાજશાસ્ત્રમાં રચનાનો અર્થ રોચક અને સામાન્ય માનવામાં આવે છે. તેનો ઉપયોગ સામાજિક ક્રિયાના વિરોધમાં કરવામાં આવે છે. રચનાતંત્રીય વ્યાખ્યાનો ખ્યાલ સૌથી પહેલા એસ.એફ. નોડલે પોતાના પુસ્તક “ધ થિયરી ઓફ સોસ્યલ સ્ટ્રકચર” (૧૯૫૭) માં આપ્યો હતો. તેમણે માનવશાસ્ત્રીય દૃષ્ટિકોણથી તેની વ્યાખ્યા આપી હતી. નોડેલે પહેલીવાર લોકો સુધી ચરનાતંત્રને એક પધ્ધતિ સ્વરૂપે પ્રગટ કર્યું. જોકે પરિભાષામાં ઘણી જ મુશ્કેલીઓ આવી છતાં એ રચનાતંત્રનો પ્રયોગ લગભગ બધા જ વિજ્ઞાનો અને ભાષાઓમાં થતો હતો જેમ કે, દર્શનશાસ્ત્ર, સામાજિકસિધ્ધાંત,

ભાષાવિજ્ઞાન, સાહિત્યિક આલોચનાઓ, સંસ્કૃતિ, મનોવિશ્લેષણો, મનાવશાસ્ત્ર, ઈતિહાસ વગેરે. થોડા સમય પછી રચનાતંત્રવાદ પોતે એક સંપ્રદાય બની ગયો. આજે તેનું ઉદ્ભવ સ્થળ ફ્રાન્સ માનવામાં આવે છે.

**એસ.એફ. નાડેલ :**

"કોઈપણ સંપૂર્ણતામાં કેટલાક ભાગો હોય છે. આ ભાગોમાં પારસ્પરિક સંબંધો હોય છે. આ સંબંધો જ રચનાતંત્રને બનાવે છે." રચનાતંત્રના આ ભાગો પરિવર્તનશીલ હોય છે.

રચનાનો અર્થ છે. "વિભાગોનું વ્યવસ્થિત રીતે એકત્રીત થવું. આ રચના સામાન્ય રીતે પરિવર્તન નથી પામતી. જ્યારે તેના ભાગો સામાન્ય રીતે પરિવર્તનશીલ હોય છે."

સામાજિક માનવશાસ્ત્રીઓ જુદા-જુદા પ્રકારની વ્યવસ્થાઓના ગૂંફનને સામાજિક રચના ગણે છે. સગાઈ-વ્યવસ્થા ઘણા ચોક્કસ નિયમોને આધારે વ્યક્તિઓને સંગઠિત કરે છે. લેવિ-સ્ટ્રોસની માન્યતા મુજબ જુદી-જુદી વ્યવસ્થાઓ, ઘટકો અને તેમના મહત્ત્વ પ્રત્યેની ગંભીરતા માત્ર સમાજ વિશ્લેષણને જ લાગુ પડતી નથી, પરંતુ તેના ભાગોને પણ લાગુ પાડી શકાય છે.

## ૨.૪ રક્ત સંબંધોની વ્યવસ્થા અને લેવિ-સ્ટ્રોસ

સ્ટ્રોસે રક્તસંબંધોની રચનાની તુલના કરી છે, તેઓ ભાષાના આધારે રક્તસંબંધોનું વર્ણન કરે છે. તેને આધાર બનાવીને રચનાતંત્રીય માનવશાસ્ત્રને વિકસીત કરે છે. તેઓ જણાવે છે કે રકતસંબંધો અને ભાષાનો સ્વયં (જાતે) કોઈ અર્થ હોતો નથી. તેમાંથી ત્યારે જ અર્થ પ્રગટ થાય છે. જ્યારે તે કોઈ મોટી વ્યવસ્થાનું અંગ બને છે. તેમણે રક્તસંબંધોની વ્યવસ્થાઓમાં વિવિધ દરજ્જાઓનું વર્ણન કર્યું છે.

સ્ટ્રોસનું પુસ્તક "એલીમેન્ટરી સ્ટ્રકચર્સ ઓફ કિનશિપ" ફ્રેન્ચ ભાષામાં ૧૯૪૯માં પ્રકાશિત થયું. તેનો અંગ્રેજી અનુવાદ ૧૯૬૭માં પુસ્તક સ્વરૂપે બહાર પડ્યો. દરેક સમાજોમાં રક્તસંબંધોની કોઈને કોઈ ચોક્કસ વ્યવસ્થા હોય છે. સ્ટ્રાસનું કહેવું છે કે રક્તસંબંધ અંતર્ગત આપણને જે કાંઈપણ જાણકારી મળે છે તેના આધારે એ સ્પષ્ટ છે કે તે શુધ્ધરૂપે એક સાંસ્કૃતિક ઘટના છે. દરેક રક્તસંબંધોની

વ્યવસ્થાઓમાં આપણને નિયમો અને નિષેધો પ્રાપ્ત થાય છે. નજીકના રક્તસંબંધીઓ સાથે અમુક બાબતોનો નિષેધ અભિગમ પણ છે. જેની પાછળ વિનિમયનો રિવાજ જોવા મળે છે. આ સંદર્ભે લેવિ-સ્ટ્રાસ એવા નિષ્કર્ષ પર આવ્યા કે રક્તસંબંધોની વ્યવસ્થા સામાન્ય રીતે સંકેતોના સંબંધોની વ્યવસ્થા છે. વધુમાં તેઓ જણાવે છે કે રક્તસંબંધોની વ્યવસ્થાનો દરેક વિભાગ અલગ જ અર્થ ધરાવે છે. ઉ.ત. રક્ત સંબંધોમાં "માઁ" સ્થાનનો બીજો અર્થ પિતા, પુત્ર, કાકા વગેરેથી અલગ જ છે. લગ્ન અંગેના નિષેધોના નિયમો પણ અહીં જ જોડાયેલા છે. જેમાં પરિવારમાં કોની સાથે લગ્નો થાય અને ન થાય તે વ્યવસ્થાને સ્ટ્રોસ વિનીમયની વ્યવસ્થા કહે છે.

રક્તસંબંધો એ રચનાતંત્રના વિશ્લેષણનો એક મહત્વનો વિષય છે. જેમાં રક્તસંબંધીઓના બધા જ લક્ષણો છે. સ્ત્રી-પુરૂષના ભેદભાવો, માતૃત્વ સંબંધો, બહુ-પત્ની સંબંધો વગેરે. રક્તસંબંધોની વ્યવસ્થામાં સ્થળ અને કાળ પ્રમાણે પરિવર્તનો પણ જોવા મળે છે. લેવિ-સ્ટ્રોસ રચનાતંત્રીય પધ્ધતિ વડે જાણ્યું કે, દરેક સમાજોમાં માતૃસત્તા કે પિતૃસત્તાક વિનિમયની (આપ-લેની) ચોક્કસ પરંપરા જોવા મળે જ છે. વિનિમય સામાજિક સંબંધોનો આધારભૂત સિધ્ધાંત છે. સ્ટ્રોસે પોતાના અભ્યાસ દરમિયાન ત્રણ સ્વરૂપની વિનિમયપ્રથાઓ જોઈ... (૧) દરરોજની વસ્તુઓનું વિનિમય. (૨) સંદેશાઓની આપ-લે અથવા સંચાર અને (૩) સમૂહોની વચ્ચે સ્ત્રીઓની આપ-લે. વિનિમયના આ સિધ્ધાંતે લેવિ-સ્ટ્રોસને નિકટવર્તી સંબંધોના નિષેધો અંગેના સિધ્ધાંતોને નવી રીતે સમજવાની તક આપી. તેઓની દલીલ છે કે આ નિષેધને આપણે જૈવકિય દૃષ્ટિએ સારી રીતે નથી સમજી શકતા. જો થોડા સમય માટે આપણે આ નિષેધને દૂર કરી દઈને વિચારીએ તો સમૂહો વચ્ચેના આપ-લેની પ્રક્રિયાઓ પણ સમાપ્ત થઈ જાશે.

સ્ટ્રોસના "એલિમેંટરી સ્ટ્રકટર ઓફ કિનશિપ" નો એક પાયાનો સિધ્ધાંત છે. કે રકતસંબંધોના સંગઠનમાં જો કોઈ પરિવર્તન આવે છે તો એ આવશ્યકપણે રચનાત્મક હોય છે. આવું એટલા માટે કે રક્તસંબંધોનો એક ભાગ ભાષાની રચનાની જેમ જ બીજા વિભાગો સાથે જોડાયેલ હોય છે. એ સિવાય એક અન્ય મહત્ત્વની વાત એ પણ છે કે ભાષા અને અવાજ બન્ને માનવીના દિમાગની એક ઉપજ છે. જે

જાગ્રત નથી હોતી પરંતુ તાર્કિક જરૂરથી હોય છે. આપણે રાતની વાત કરીએ છીએ તો અજાગૃત રૂપથી આપણે દિવસના સંદર્ભમાં તેનો અર્થ પણ કરીએ છીએ. જે ભાષાની દ્વિઅર્થી પરિસ્થિતિ છે. આમ, જોઈએ તો સ્ટ્રોસનો આ ભાષાવાદી રચનાતંત્રતાવાદ અનેક રચનાતંત્રીય વિદ્વાનોને પસંદ નથી કે સ્વીકાર નથી. કારણકે સ્ટ્રોસ ભાષાથી આગળ વધીને રચનાની વ્યાખ્યા માનવ દિમાગ સાથે કરવા લાગ્યા હતા. એ વાત અન્ય માનવશાસ્ત્રીઓને માન્ય ન હતી.

### ૨.૫ લેવિ-સ્ટ્રોસનું ભાષાશાસ્ત્ર અને રચનાતંત્રીય સિધ્ધાંત

લેવિ-સ્ટ્રોસના સિધ્ધાંત ઉપર રચનાતંત્રીય ભાષાશાસ્ત્રી ફર્દિનન્દ ડિ. સોસુર, રોમન જેકબશન અને રશિયન સ્વરૂપવાદી વેલ્દિમર પોપની અસરો જોવા મળે છે. ધ્વનિસંકેતો દ્વારા વિચારોનું પ્રગટીકરણ એટલે જ ભાષા. વ્યક્તિગત ભાષાઓના ઈતિહાસના બદલે ભાષાના સંકેતો ઉપર ખાસ ધ્યાન આપવું જોઈએ. ભાષાશાસ્ત્રનું કાર્ય ભાષાશાસ્ત્રની વાસ્તવિકતાના સંચાલનના નિયમોને શોધી કાઢવાનું છે.

લેવિ-સ્ટ્રોસ માને છે કે માનવી મૂળભૂત રીતે અર્થસૂચન કરનાર પ્રાણી છે. તેથી માનવશાસ્ત્રનો હેતુ જે પ્રક્રિયાઓ દ્વારા વસ્તુઓને અથવા પદાર્થોને અર્થ અપાય છે. તેનો અભ્યાસ કરવાનો છે. તે બ્રાઝિલના ઈન્ડિયનોની રસોઈની રીતોને અર્થોની એક સુગ્રથિત વ્યવસ્થા તરીકે તપાસે છે. લેવિ-સ્ટ્રોસે રોમન જેકબશન સાથે સંકલન કરી Baudelair's Sonnet 'The Cat' નું ૧૯૬૧ માં રચનાતંત્રીય વિશ્લેષણ કર્યું. આ રચનાતંત્રવાદના ઉપયોગનો પ્રથમ પ્રયોગ મનાય છે. તે ધ્વનિઘટકને ભાષાનું પાયાનું એકમ માને છે.

રોમન જેકબશનની દૃષ્ટિએ ધ્વનિઘટકો શબ્દોમાં જોડાઈ વિરોધોની વ્યવસ્થા ઉભી કરે છે, જે અર્થો-અર્થો વચ્ચેની ભેદ રેખા દોરે છે આ વ્યવસ્થા પ્રત્યેક ભાષાનો અંતર્ગત ભાગ છે તે સાર્વત્રિક છે. માટે રોમનને ભાષાના પરમાણુઓમાં રસ છે, જે જોડાણથી ભાષાનું રચનાતંત્ર ઊભું કરે છે. લેવિસ્ટ્રોસ ખોરાક રાંધવાની પધ્ધતિના વિશ્લેષણમાં રોમન જેકબેશનની પધ્ધતિનો ઉપયોગ કરે છે.

## ૨.૬ રચનાતંત્રીય માનવશાસ્ત્ર અને સંસ્કૃતિ

લેવિ-સ્ટ્રોસ ભાષાશાસ્ત્ર અને ભાષાના અભ્યાસથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. તેમને આશ્ચર્ય થયું કે આ સંસ્કૃતિ અને સમાજને સમજવા માટે ભાષાશાસ્ત્ર કેવી રીતે ઉપયોગી થઈ શકે છે. તેમણે સંસ્કૃતિને એક રીત તરીકે વર્ણવી જેમાં સંસ્કૃતિ ભાષાથી ખૂબ જ નજીક હતી. જેમ ભાષાના શબ્દોનો સંગ્રહ હોય છે તેમ સંસ્કૃતિ વિવિધ પ્રતીકોનો સંગ્રહ છે. ટૂંકમાં સ્ટ્રોસ અહીં પોતાના સિધ્ધાંતને સાંસ્કૃતિક અને સામાજિક ઘટનાના સંદર્ભે સમજાવે છે. તેમના મતે સંસ્કૃતિ એક પ્રતીકાત્મક વ્યવસ્થાઓનો સમન્વય છે. સંસ્કૃતિના આ પ્રતિકાત્મક ઘટકો તાર્કિક રીતે એક-બીજા સાથે જોડાઈને સમગ્ર વ્યવસ્થાનું એક સ્વરૂપ ઉભું કરે છે. સ્ટ્રોસે પોતાના આ વિચારોને તેમના લેખ "Structural Analysis in Linguistic and Anthropology" માં રજૂ કર્યા છે. તેમજ આ વિચારોને તે સગાઈ-વ્યવસ્થાઓ દ્વારા રજૂ કરે છે. જેની ચર્ચા આપણે અગાઉ કરી ચૂક્યા છીએ.

## ૨.૭ લેવિ-સ્ટ્રોસ અને માર્ક્સવાદ

ઐતિહાસિક ભૌતિકવાદને કાર્લમાર્ક્સ રચનાતંત્રના સિધ્ધાંત તરીકે જુએ છે. જે કેટલીક મૂળભૂત વિભાવનાઓ, પરિભાષાઓ જેમાં ઉત્પાદન સંબંધો, આર્થિક બાબતો અને આધારો, ઉત્પાદન અંગેના પરિબળો, રાજકીય અને વિચારસરણીય બાબતો શ્રેષ્ઠ રચનાતંત્રો ઉપર આધારિત છે. તેમજ આ પરિભાષાઓ જટિલ સ્વરૂપે સામાજિક સંગઠનોમાં પણ જોડાયેલી હોય છે. આમ, ઈતિહાસ રચનાતંત્રો અને તેમના રૂપાંતરનો વિકાસ છે તેવું માર્ક્સ જણાવે છે. પોતાના પુસ્તક "Das Capital" માં આ સંબંધોની પારસ્પરિકતાની પૂર્વશરતો અને પરિણામોનું વિશ્લેષણ કર્યું છે.

અહીં કાર્લ માર્ક્સ લેવિ-સ્ટ્રોસની જેમ જ સામાજિક સંબંધોની આંતરીક વ્યવસ્થા (રચનાતંત્ર) શોધવા માટે કોઈ પણ ઘટનાની સપાટીએ જઈને તપાસ કરે છે. કારણ કે દેખાતી ઘટનાઓમાં વાસ્તવિકતા નથી હોતી. માર્ક્સ્ માને છે કે આર્થિક વ્યવસ્થાઓનું સ્પષ્ટ અને સીધું પ્રત્યક્ષીકરણ નથી હોતું. પરંતુ જો તેને સામાજિક દૃષ્ટિએ જોવામાં આવે તો તે શક્ય છે. આ માટે તેની આંતરિક

રચનાતંત્રની શોધ જરૂરી છે. માર્કસ માને છે કે, સામાજિક સંગઠનોનો અભિગમ ભૂસ્તરીય છે. જેમાં વિવિધ સ્તરો જોવા મળે છે અને દરેક સ્તર સાપેક્ષ રીતે સ્વતંત્ર છે. છતાં પણ કેટલાક ઘટકો જે ઉત્પાદનની પધ્ધતિનું ઘડતર કરે છે તે અમુક સામાજિક સંગઠનો માટે ખાસ નથી પરંતુ તે રીતોને લેવિ-સ્ટ્રોસના વાક્ય રચનાના રૂપાંતર તરીકે જોઈ શકાય. અહીં કાર્લ માર્ક્સ્ની જે ભૂસ્તરીય પધ્ધતિ યાદ આવે. કેમકે લેવિ-સ્ટ્રોસ માર્ક્સ્ની આ પધ્ધતિ માટે તેમના ખાસ આભારી છે. તેઓ પોતાના કાર્યોને પણ માર્કસના કાર્યનું પૂરક ગણે છે. કાલ માર્કસના રચનાતંત્રીય સિધ્ધાંતને ખરા અર્થમાં ફલીભૂત લેવી-સ્ટ્રોસે કર્યો છે. રચનાતંત્રવાદી પોતાને લેવી-સ્ટ્રોસ તરીકે ઓળખાવે છે જ્યારે રચનાતંત્રવાદીને તે માર્ક્સ્ તરીકે ગણે છે. માર્કસના વૈજ્ઞાનિક અભિગમો અને એક રચનાતંત્રવાદી વચ્ચેના ભેદો લેવી-સ્ટ્રોસના લખાણો દ્વારા પૂર્ણ થાય છે.

## ૨.૮ રશિયન સ્વરૂપવાદી પરંપરાગત ગ્રંથની અસરો

વેલ્દિમર પોપ ૧૯૫૮ માં "Morphology of the Folk Tale" પ્રકાશિત કરે છે. આ પુસ્તક રશિયન સ્વરૂપવાદી પરંપરાનો પ્રશિષ્ટ ગ્રંથ મનાય છે. આ ગ્રંથની અસરો સ્ટ્રોસના કાર્યોમાં જોવા મળે છે. આથી એમ કહેવાય કે રશિયન સ્વરૂપવાદી પરંપરાના પ્રણેતા પોપની અસર હેઠળ સ્ટ્રોસના લખાણો છે. પોપે લોકવાર્તાના રચનાતંત્રના વિશ્લેષણ પરથી પોતાનું વર્ગીકરણ સ્થાપવા પ્રયાસ કર્યો. તેઓ લોકકથાના ઉદ્ભવ, ઈતિહાસ અને વર્ગીકરણ ઉપર ભાર મૂકે છે. રશિયન લોકવાર્તામાં તેણે અવારનવાર કાર્યો વ્યક્ત થતાં જોયાં. તેમની દષ્ટિએ કાર્યો વાર્તાના મૂળભૂત અને સ્થિર ઘટકો છે. સ્વરૂપવાદીનો અભિગમ અંગભૂત ભાગોનો વસ્તુનિષ્ઠ રીતે અભ્યાસ કરે છે. આ ભાગો અને તેમની વચ્ચેના આંતરસંબંધો તપાસે છે. અહીં લેવિ-સ્ટ્રોસ પણ ઘટનાના અંગભૂત ભાગો ઉપર ભાર મૂકે છે. આ એક વિશ્લેષણાત્મક પધ્ધતિ છે. તે પોતાના કાલ્પનિક કથાનાં અભ્યાસમાં માત્ર રચનાતંત્રના ઘટકો પર ધ્યાન આપતા નથી. પરંતુ તેના અર્થ ઉપર ભાર મૂકે છે. કાલ્પનિક કથાની રચના તેના અંગભૂત ભાગોથી થાય છે. લેવિ-સ્ટ્રોસે ચાર ઘટકો દર્શાવ્યા છે. લોહીના સંબંધોને ક્યારેક વધુ મહત્ત્વ અને

ક્યારેક ઓછું મહત્ત્વ આપવું, ભયાનક પ્રાણીઓને મારવા અને માનવીનો આદિમ ઉદ્ભવ વગેરે પ્રોપના કાર્યોને મળતી આવે છે. અહીં લેવિ- સ્ટ્રાસ દંતકથા અને સામાજિક સંદર્ભ વચ્ચેના સંબંધો તપાસે છે. લેવિ-સ્ટ્રોસનું મહત્ત્વનું સૂત્ર છે કે સમાજમાં કેટલાંક ગર્ભિત રચનાતંત્રો અગાઉથી અસ્તિત્વ ધરાવે છે.

## ૨.૯ કાલ્પનિક કથાઓ

સત્તરમી સદીમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિધ્ધાંતોના ઉદ્ભવથી પૌરાણિક કથાઓને અંધશ્રધ્ધા અને પરંપરાગત વિચારો તરીકે નકારવામાં આવી રહી હતી. લેવિ-સ્ટ્રોસે પૌરાણીક કથાઓના અર્થઘટન અને માનવીય સમજણ માટે તેમના મહત્ત્વને શોધવાનો પ્રયાસ કર્યો હતો. પૌરાણીક કથાઓ અને વિજ્ઞાન વચ્ચેના ઐતિહાસિક વિભાજન અને જ્ઞાનના આપણા સમજણના અભિગમમાં પૌરાણિક કથાઓના સ્તરને ભેળવીને તેના (પૌરાણિક કથાના) પુરાવાઓની ચર્ચાઓ શરૂ કરી હતી. આ વિષયને આગળ વધારવા લેવિ-સ્ટ્રોસે તેને "આદિમ વિચારસરણી" તરીકે ઓળખાવીને તેનું વિશ્લેષણ કર્યું છે. તેમજ પૌરાણીક કથાઓના કેટલાક વૈશ્વિક લક્ષણોની ચર્ચા કરી છે. તેમના અંતિમ બે વ્યાખ્યાનોમાં પૌરાણિકકથા અને ઈતિહાસ તથા પૌરાણિકકથા અને સંગીત વચ્ચે માળખાગત સંબંધની રૂપરેખા છે.

માનવશાસ્ત્રીઓ કાલ્પનિક કથાને મિથ્યા ઈતિહાસ અથવા મિથ્યા વિજ્ઞાન તરીકે જોતા હતા. કાલ્પનિક કથાઓ માત્ર વાર્તાઓ જ નથી પરંતુ તેમાં સંદેશો રહેલો છે. જેમાં કેટલાક ઘટકો પણ રહેલા છે. સમગ્ર વિશ્વમાં આવી કાલ્પનિક કથાના વિવિધ પ્રકારો રચનાતંત્રીય સંબંધોના સંગઠનને તર્કસંગત રૂપાંતરોના સ્વરૂપે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. આ બાબતમાં રચનાતંત્રીય મર્મ જોવા મળે છે. કાલ્પનિક કથાના વિશ્લેષણમાં આ મહત્ત્વની બાબતો છે.લેવિ-સ્ટ્રોસ માને છે કે કાલ્પનિક કથાનું આંતરિક રચનાતંત્ર બધી જ જગ્યાએ સમાન હોય છે. તે કાલ્પનીક વાર્તાઓને એક તાર્કિક વ્યવસ્થા તરીકે જુએ છે.

## ૨.૧૦ ટોટેમવાદ અને લેવિ-સ્ટ્રાસ :

લેવિ-સ્ટ્રોસ ચોક્કસ બંધારણીય સંબંધને મનસ્વી રીતે પ્રાથમિકતા આપવા માટે ટોટેનિઝમની ટીકા કરે છે. તે ટોટેનિઝમની વાસ્તવિકતાને સ્વીકારી લે છે. જેમાં એક મોટા જૂથની અંદર નાના જૂથો પોતાને છોડ અથવા પ્રાણીની ઓળખ દ્વારા અલગ પાડે છે. ટોટોમિક સમાજો મૂળભૂત સમાજોથી અલગ પડે છે. જે લોકોને જાતિના આધારે વિભાજીત કરે છે. આદિમ સમાજોમાં ટોટેમવાદની માન્યતા પ્રચલિત છે. આ માન્યતાને જાણવા કે જોવા માટે જેમાં સમાજના અનેક સામાજિક સમૂહો અને વાતાવરણના અમુક વનસ્પતિઓ, પ્રાણીઓ અને વસ્તુઓ વચ્ચે સગાઈ સંબંધોના સ્વરૂપે ઓળખાવ્યા છે. પ્રશિષ્ટ માનવશાસ્ત્રમાં ટોટેમવાદને સ્પષ્ટ કરવા માટે આજ અભિગમનો ઉપયોગ થાય છે. અહીં લેવિ-સ્ટ્રોસ જણાવે છે કે ટોટેમવાદ માનવીય જૂથના બિન-માનવપ્રતિકો સાથે જોડવાના રિવાજને (વર્ગીકરણની) પધ્ધતિ વડે જ સમજી શકાય છે.

"The Savage Mind" પુસ્તકમાં લેવિ-સ્ટ્રોસ જણાવે છે કે પોતાના પુસ્તકમાં આપેલ અનેક ઉદાહરણોમાં ઓસ્ટ્રેલીયન જૂથો, અરંન્ડા અને અરબેના વચ્ચેનો સંબંધ છે. અરન્ડા પાસે આંતર-લગ્ન માટે એક જટિલ વ્યવસ્થા છે. જે બધા લોકોને બે જૂથોમાં વિભાજીત કરે છે. આ સિસ્ટમ સ્પષ્ટ કરે છે કે બાળકો કયાં જીવશે અને કેવી રીતે લગ્ન કરશે. અરબ લોકો લગ્ન માટે જુદી-જુદી પધ્ધતિઓનો ઉપયોગ કરે છે. પરંતુ તેઓ પુર્નજન્મ કે આત્મા કે જાતિગત  જોડાણ નક્કી કરવા માટે અરંડાની લગ્ન પ્રણાલીને અનુસરે છે.

*"Totemisn"* પુસ્તકમાં લેવિ-સ્ટ્રોસ ચોક્કસ બંધારણીય સંબંધને મનસ્વી રીતે પ્રાથમિકતા આપવા માટે ટોટેમિઝમના ખ્યાલની ટીકા કરે છે.

## ૨.૧૧ રચનાતંત્રીય પધ્ધતિઓ અને લેવિ-સ્ટ્રોસની સમીક્ષા

સામાન્ય રીતે ફ્રાન્સમાં માનવીય મનની બાબતાને તથા તેના અભ્યાસને વધુ મહત્ત્વ અપાયું છે. છતાં પણ ત્યાં સંશોધનો સ્વરૂપવાદી અને રચનાતંત્રીય શાખાથી થયેલા જોવા મળ્યા છે. ફ્રાન્સીસી લેવિ-

સ્ટ્રોસ તાર્કિક તત્ત્વજ્ઞાની તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. તેમને એક પ્રભાવી પ્રણેતા તરીકે સમ્માનીત કરવામાં આવ્યા છે. તેઓ ભાષા અને તર્કની વાસ્તવિકતાને ગદ્યાત્મક પ્રક્રિયા તરીકે વર્ણવે છે. વળી, માનવીય મનનો ઉદ્‌ભવ ભાષામાંથી થયો છે તેવું પણ તે જણાવે છે. ભાષા અનુભવના માધ્યમથી ચાલે છે. તેમજ મન પણ અનુભવજન્ય બાબતોથી જ આગળ વધે છે તેવું તેઓ જણાવે છે. લેવિ-સ્ટ્રોસના સમગ્ર કાર્યમાં એવું જણાય છે કે સામાજિક માનવશાસ્ત્રની પધ્ધતિઓ અને તેના વિષયવસ્તુઓ મન અને ભાષાના સ્વરૂપમાંથી ઉતરી આવ્યા છે.

લેવિ-સ્ટ્રોસના પ્રસ્તુત સિધ્ધાંતો અંગે અસંખ્ય ટીકા ટીપ્પણીઓ પણ જોવા મળી છે. એડમંડ લીચ અને અન્ય કેટલાક વિદ્વાનો તેમના અંગે ટીકાઓ કરે છે. તેઓનું માનવું છે કે તેમના લખાણોની ભાષા અઘરી છે. તો વળી કેટલાકને તેના રચનાતંત્રીય વિચારો અમૂર્ત અને પાયાવિહોણા હોય તેવું લાગે છે. લેવિ-સ્ટ્રોસ અંગે એમ પણ કહેવાયું છે કે તે પોતાના વિચારોને બીજા ઉપર થોપી રહ્યા છે. એટલે કે પશ્ચિમના સમાજો માટે તેમના વિચારો બળવાખોર છે. વળી કેટલાક લોકોનું માનવું છે કે તેઓ પોતાના સિધ્ધાંત માટે હંમેશા ભટકતા જ રહ્યા છે. જ્યોર્જ પી. મર્ડોક લેવિ-સ્ટ્રોસના વિચારો અંગે પ્રતિભાવ આપતા લખે છે કે, "તે સામાજિક રચનાતંત્રને અમૂર્ત રૂપની હારમાળા તરીકે જુએ છે, અને ઈતિહાસને તરછોડે છે."

**૨.૧૨ સારાંશ :**

પ્રસ્તુત એકમમાં રચનાતંત્રીય સિધ્ધાંતના અનુસંધાને લેવિ-સ્ટ્રોસના સિધ્ધાંતની છણાવટ જોઈ તેઓ ફ્રાન્સના માનવશાસ્ત્રી હોવા છતાં સંકુચિતતામાં તણાયા નથી. તેમના જીવનકાળનો પરિચય, તેમના જરૂરિ કાર્યો તેમજ રચનાતંત્રીય સિધ્ધાંત સામાન્ય રીતે સમાજ અંગેની સમજણ આપતો સિધ્ધાંત હોવા છતાં આદિવાસી સમાજ, તેમની લગ્નની રીતો અને રિવાજો વગેરેની પ્રક્રિયાઓનો અભ્યાસ રચનાતંત્રીય પરિપ્રેક્ષ્યથી કર્યો છે. તે આપણે જોયું. અનેક વિદ્વાનોની અસરો પણ તેમની પર સમયે-સમયે જોવા મળી છે તેમજ ભાષાશાસ્ત્ર અને સંસ્કૃતિની બાબતોને પણ પોતાના સિધ્ધાંતમાં વણવાનો

*પ્રયાસ કર્યો છે જે ખરેખર અદ્ભુત છે છતાં કેટલા વિદ્વાનોએ તેમના સિધ્ધાંત અને ભાષાનો પણ વિરોધ કે ટીકાઓ કરી છે.*

### ***૨.૧૩ ચાવીરૂપ શબ્દો :***

***રચના : (Structure) :*** *વિભાગોનું વ્યવસ્થિતરૂપે એકત્રીત થવું. આ રચના સામાન્ય રીતે પરિવર્તન નથી પામતી, જ્યારે તેના વિભાગો હંમેશા પરિવર્તનશીલ હોય છે.*

***રક્તસંબંધો :*** *વ્યક્તિ જેની સાથે લોહીના સંબંધે જોડાય છે. લગ્ન દ્વારા જોડાતા વ્યક્તિઓ વચ્ચે પારસ્પરિક સંબંધો ધરાવતા વ્યક્તિઓ રક્તસંબંધીઓ કહેવાય છે.*

***કાલ્પનિક કથાઓ :*** *પૌરાણિક કથા, દંતકથાઓ અને વ્યક્તિએ જે તે સમયે ઐતિહાસિક કે કાલ્પનિક કથાઓ કહી છે તે.*

### ***૨.૧૪ તમારી પ્રગતિ ચકાસો***

***નીચેના પ્રશ્નોના જવાબો આપો.***

*(૧) ક્લાઉડ લેવી-સ્ટ્રોસના કાર્યોની ચર્ચા કરો.*

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

*(૨) લેવિ-સ્ટ્રોસની કાલ્પનિક કથાઓ અને ટોટમવાદ અંગે જાણકારી આપો.*

.............................................................................

.............................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

(૩) સ્ટ્રોસે વર્ણવેલ રક્ત સંબંધોની પરિભાષા જણાવો.

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

**૨.૧૫ ટૂંકનોંધ લખો.**

(૧) લેવી-સ્ટ્રોસના જીવન અંગે વર્ણન કરો.

.........................................................................

.........................................................................

.........................................................................

(૨) લેવી-સ્ટ્રોસ અને માર્કસવાદની ચર્ચા કરો.

.........................................................................

.........................................................................

.........................................................................

(૩) રચનાતંત્રીય સિધ્ધાંતની વિભાવના વર્ણવો કરો.

.........................................................................

.................................................................................

.................................................................................

(૪) રચનાતંત્રીય માનવશાસ્ત્ર અને સંસ્કૃતિ અંગે વર્ણન કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

(૫) રચનાતંત્રીય પધ્ધતિ અને લેવી-સ્ટ્રોસ વિશે લખો.

.................................................................................

.................................................................................

.................................................................................

**સંદર્ભગ્રંથો**


(૧) दोषी, एस. एल., “आधुनिकता उत्तर-आधुनिकता एवं नव-समाजशास्त्रीय सिध्धांत”, रावत पब्लीकेशन, जयपूर, नई दिल्ली

(૨) राय, एस. चन्द्रकुमार, “प्रमुख समाजशास्त्रीय सिद्धांत”, अर्जुन पब्लिकेशन हाउस, नई दिल्ली

(૩) પરમાર, વાય. એ. (૨૦૧૭), ‘‘સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો’’, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(૪) दोषी, एस. एल., “उच्चतर समाजशास्त्रीय सिद्धांत”, रावत पब्लीकेशन, जयपूर, नई दिल्ली

(૫) દેસાઈ, એ. આર., ‘‘સમાજખંડ-૧ થી ૪’’, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(૬) જોષી, વિદ્યુત, પારિભાષિક કોષ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(7) Doshi, S. L., “Modernity, Postmodernity and Neo Sociologucal Theories”, Rawat Publications, New Delhi.

# એકમ : ૦૩

## સામાજિક વિનિમયનો સિધ્ધાંત (Social Exchange Theory)

**રૂપરેખા :**


૩.૦ ઉદ્દેશો

૩.૧ પ્રસ્તાવના

૩.૨ વિનિમયના સિધ્ધાંતનો બૌદ્ધિક આધાર

૩.૩ વિનિમયના સિદ્ધાંતની પૃષ્ઠભૂમિ

૩.૪ માનવશાસ્ત્રમાં વિનિમયનો સિદ્ધાંત

૩.૫ સામાજિક વિનિમયવાદમાં સમાજશાસ્ત્રીઓનું પ્રદાન

૩.૫.૧ સામાજિક વિનિમયવાદમાં માર્શલમોસનું પ્રદાન

૩.૫.૨ લેવીસ્ટ્રોસ અને સામાજિક વિનિમયવાદ

૩.૫.૩ જ્યોર્જસી હોમન્સનો વિનિમયવાદ અંગેના વિચારો

૩.૫.૪ પીટર એમ. બ્લાઉ અને રચનાતંત્રીય વિનિમયવાદ

૩.૬ ઉપસંહાર

૩.૭ ચાવીરૂપ શબ્દો

૩.૮ તમારી પ્રગતિ ચકાસો માટેની પ્રશ્નોત્તરી

**રૂપરેખા :**

## ૩.૦ ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે

- સામાજિક વિનિમયવાદનો અર્થ સમજી શકશો.
- સામાજિક વિનિમયવાદની વ્યાખ્યા સમજી શકશો.
- સમાજશાસ્ત્રમાં વિનિમયવાદના સિદ્ધાંતનું મહત્ત્વ સમજી શકશો.
- વિનિમયવાદ અંગે માર્શલમોશ, લેવી સ્ટ્રોસ, જ્યોર્જ સી. હોમન્સ તથા પીટર એમ. બ્લાઉના વિચારો સમજી શકશો.

## ૩.૧ પ્રસ્તાવના

આપણે રોજબરોજના વર્તન-વ્યવહારોમાં વિવિધ વિચારોને રજૂ કરતા હોઈએ છીએ. જેમાં વર્તમાન સમયમાં સૌથી વધુ ચર્ચા અને વિચાર કરતા હોઈએ તો જીવનવ્યવહારમાં ઉપયોગી બજાર મૂલ્ય જેમાં સામાન્યપણે કહેવાય છે કે બજારમાં કોઈપણ વસ્તુ મફતમાં મળતી નથી. તેનું નિશ્ચિત મૂલ્ય કે કિંમત અંકાયેલી હોય છે. સાદા સમાજોથી લઈને જટિલ સમાજોમાં જે સામાજિક વ્યવસ્થા ટકેલી હોય છે. તેમાં દરેકની જરૂરિયાતને આધિન, વસ્તુઓની આપ-લે, નાણાંની આપ-લે, અનાજ, કઠોળ, ફળ-ફૂલ, ઘરેણાં જેવી ચીજવસ્તુઓની આપ-લેને આધારે સામાજિક વિનિમયના અભિગમને અપનાવેલ હોય છે. આ વિનિમયના સિદ્ધાંત દ્વારા દુનિયાના વિવિધ સમાજો પોતપોતાની જરૂરિયાત સંતોષતા હોય છે. અહીં આપણે સામાજિક વિનિમયના સમજવાનો પ્રયત્ન કરીશું. સામાજિક વિનિમયનો સિદ્ધાંત અર્થશાસ્ત્ર સાથે પણ જોડાયેલો છે. આપણે બજારમાં જઈએ છીએ, વસ્તુ ખરીદીએ છીએ અને તેની કિંમત ચૂકવીએ છીએ. અર્થશાસ્ત્રમાં ઉત્પાદન, વિતરણ, વિનિમય અને ઉપભોગ એ પાયાના સિદ્ધાંત છે. આપણે જ્યારે કોઈ પડોશી, સગાઓ કે મિત્રોને ત્યાં વિવિધ પ્રસંગોએ જતા હોઈએ છીએ. અને

એવું વિચાનએ છીએ કે તે લોકોએ કરેલી મદદ, ભેટસોગાદ કે નાણાંકીય મદદ ના બદલે હવે આપણે મદદ કરીએ છીએ. એમ પણ વિચારીએ છીએ કે અત્યારે જે મદદ કરી રહ્યા છીએ તે પુનઃ જરૂરપડ્યે, શુભ-અશુભ પ્રસંગોએ આપણાં જેવો જ વ્યવહાર તેઓ કરશે. શાસ્ત્રમાં આ બાબત વિનીમય સાથે સંકળાયેલી જોવા મળે છે.

સમાજશાસ્ત્રીય પદ્ધતિમાં સામાજિક વિનિમયના સિદ્ધાંતને વિકસાવવાનો શ્રેય જ્યોર્જ સી. હોમન્સ, પિટર એમ બ્લાઉને ફાળે જાય છે. આ સાથે અન્ય વિચારકો માર્શલ મોસ, લેવી સ્ટ્રોસ વગેરે તો માનવશાસ્ત્રીય વિનિમય સિદ્ધાંતમાં સર જેમ્સ ફ્રેઝર, મેલિનોવસ્કી, લેવી સ્ટ્રોસ જેવા વિચારકોએ પોતે સ્થાપિત કરેલા સિદ્ધાંત મુજબ સામાજિક વિનિમયના સિદ્ધાંતને સમજાવવાનો પ્રયત્ન કરેલ છે. જે આપણે મુદ્દાસર સમજીશું.

## ૩.૨ વિનિમયના સિધ્ધાંતનો બૌદ્ધિક આધાર

આધુનિક વિનિમયના સિદ્ધાંત આપનાર ચિંતકો-વિદ્વાનોમાં જ્યોર્જ હોમન્સ અને પીટર એમ. બ્લાઉનું નામ પ્રથમ ક્રમે આવે છે. આ વિચારકોના મતો વિનિમયવાદ વિશે એકબીજાથી અલગ છે તથા તેઓ એકબીજા સાથે અસહમત પણ છે. જ્યોર્જ હોમન્સ સમૂહ ઉપર વધારે ભાર મૂકે છે છે. જ્યારે પીટર એમ બ્લાઉ સંરચના ઉપર વધારે ભાર મૂકે છે. પોત-પોતાના મતો જુદા હોવા છતાં પણ તેઓ એ બાબત પર ભાર મૂકે છે કે પ્રત્યેક મનુષ્ય પોતાની આંતરક્રિયાઓમાં બીજાથી વધારે લાભ લેવા માંગે છે અને કોઈ લાભ નહિં હોય ત્યારે શિષ્ટાચારથી જ્યાં સુધી મૂદુભાષી રહી શકાય ત્યાં સુધી રહેશે. વળી જ્યાં સુધી જે વ્યવહારની એકસૂત્રતા જળવાઈ રહે ત્યાં સુધી વિનિમય થતો રહેશે. પછી નહીં. સમાજશાસ્ત્રની પણ એક પરંપરા રહી છે જેમ કે કાર્લમાર્કસે પોતાના સંઘર્ષના સિદ્ધાંતમાં સ્રોતોની ચર્ચા કરી ત્યારે તેમાં વિનિમયના સિદ્ધાંતની જ રૂપરેખા બાંધી અને જ્યોર્જ સિમેલ મૂડીવાદની વ્યાખ્યા આપે છે ત્યાં પણ તેઓ વિનિમયની વાત કરે છે.

## ૩.૩ વિનીમયના સિદ્ધાંતની પૃષ્ઠભૂમિ

ઈ.સ. ૧૭૭૦ અને ૧૮૫૦ના સમયગાળા દરમિયાન અર્થશાસ્ત્રના સૈદ્ધાંતિકરણમાં એડમ સ્થિમ, ડેવિડ રિકાર્ડો, જોન સ્ટુઅર્ટમિલ, કાર્લમેંગરના નામો જાણીતા છે. આ વિચારકોએ અર્થશાસ્ત્રને વિકસાવવામાં ખૂબ જ યોગદાન આપ્યું છે. છતાંપણ સામાન્ય રીતે જોઈએ તો બધા જ વિચારકો આ માન્યતાને લઈને ચાલે છે કે "માનવી એક ગણતરીબાજ અને તર્કસંગત પ્રાણી છે જે પોતાના દરેક પ્રયાસમાં એવું ઈચ્છે છે કે તેમને અધિકતમ લાભો મળે જેને અર્થશાસ્ત્રમાં ઉપયોગિતાવાદ તરીકે ઓળખવામાં આવે છે. ટાલ્કોટ પારસન્સનો સ્વૈચ્છિક ક્રિયાનો સિદ્ધાંત ઉપયોગિતાવાદના વિચારોનો ઋણી છે. ઉપયોગીતાનો મૂળ અર્થ છે "વિવેકપૂર્ણ રીતે વસ્તુઓનો અધિકતમ ઉપયોગ કરી લાભ મેળવવો."

સમાજશાસ્ત્રમાં જે સૈદ્ધાંતિક વિચારધારાઓ આવી તેમાં અર્થશાસ્ત્રનો ઉપયોગિતાવાદ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ઉપયોગિતાવાદનું કહેવું એ છે કે પ્રત્યેક વ્યક્તિ બજારમાં ખરીદી કરવા આવે છે જેના લીધે બજારમાં ગળાકાપ હરિફાઈ થતી જોવા મળે છે જ્યારે ઉપભોક્તા બજારમાં ખરીદી કરીને કિંમત નક્કી કરે છે ત્યારે તેને ખરીદી કરી રહેલ ચીજવસ્તુની સામાન્ય જાણકારી હોય છે. ચીજવસ્તુની ખરીદી કરતાં પહેલાં ચીજવસ્તુની ગુણવત્તા વિશે વિવિધ પ્રચાર માધ્યમો દ્વારા તે જાણકારી પ્રાપ્ત કરી લે છે કે ચીજવસ્તુની કઈ રીતે ખરીદી કરવી. ઉપયોગિતાવાદના આ અર્થશાસ્ત્રીય અભિગમની માનવશાસ્ત્રીય અભિગમમાં માનવશાસ્ત્રીઓએ આલોચના પણ કરી છે. જેમાં આધુનિક ઉપયોગીતાવાદ વિશે વિવાદનો એક મુદ્દો બનાવી દીધો છે.

## ૩.૪ માનવશાસ્ત્ર (Anthropology)માં વિનિમયનો સિદ્ધાંત

જેમ્સ ફ્રેઝર – માનવશાસ્ત્રીય ખ્યાલમાં સર જેમ્સ ફ્રેઝરે સામાજિક સંસ્થાઓના વિશ્લેષણમાં ઈ.સ.૧૯૫૪-૧૯૯૪ દરમિયાન વિનિમયની વિભાવનાને રજૂ કરી તેમણે આદિવાસી સમાજોમાં જોવા

મળતી વિવિધ પ્રકારની સગાઈસંબંધો અને લગ્નપ્રથાનો અભ્યાસ કર્યો. તેઓ આ સમાજોની મામા-ફોઈના સંતાનોની વચ્ચેના લગ્નની પ્રથાથી પ્રભાવિત થયા. તેમણે આ પ્રથા માટે આર્થિક અર્થઘટન રજૂ કર્યું.

બ્રોન્સ્લિો મેલીનોવસ્કી (૧૮૮૪-૧૯૪૨) મેલીનોવસ્કીએ Trobriand Islanders ના અભ્યાસમાં વિનીમયના ખ્યાલને સ્પષ્ટ કર્યો છે. મેલીનોવસ્કીની દૃષ્ટિએ પરસ્પર વિનીમય એ સમાજની સામાજિક એકતા માટે ખૂબ જ પાયાની બાબત ગણાય છે. મેલીનોવસ્કીએ આદિવાસી સમાજમાં કુલ-રિંગ નામની પ્રથા નિહાળી. તેમણે આ વ્યવસ્થાના વિશ્લેષણ અર્થે ભૌતિક અને અભૌતિક તેમજ પ્રતીકાત્મક વિનીમય વચ્ચે ભેદરેખા દોરી. મેલિનોવસ્કીના મતે વિનીમય સામાજિક સંબંધોના તાણાવાણાને બાંધે છે. મેલિનોવસ્કીએ ટ્રોબિયન્ડ દ્વિપસમૂહ ઉપર રહેતા આદિવાસી સમાજોનો અભ્યાસ કર્યો છે. જેમાં તેમને જોવા મળ્યું છે કે ટ્રોબિયાન્ડ દ્વિપસમૂહ ઉપર વિવિધ દ્વિપો ઉપર આદિવાસી સમાજ જે જીવન જીવે છે તેમાં તેઓની તમામ જરૂરિયાતો વિનીમય સંબંધો દ્વારા પુરી કરે છે. વાસ્તવિક રીતે જોઈએ તો આદિવાસી સમાજની સાંસ્કૃતિક વ્યવસ્થા એવી રીતે ગોઠવાયેલી છે કે તેઓમાં વિનીમય વ્યવસ્થામાં 'ભેટ' એટલે કે ચીજવસ્તુઓની ભેટ દ્વારા સામાજિક એકતા જળવાઈ રહે. એક દ્વિપથી બીજા દ્વિપ, એક ગામથી બીજા ગામ સાથેના ટોટેમ સંબંધોમાં પણ પરસ્પર ભાઈચારા અને એકબીજાને ભેટની લેનદેન છે. આમ વાસ્તવમાં જોઈએ તો મેલીનોવસ્કીના મતે આ આદિવાસી સમાજની સ્થાપના જ વિનિમયના પરંપરાગત કાયદાઓ દ્વારા થઈ છે.

## ૩.૫ સામાજિક વિનિમયવાદમાં સમાજશાસ્ત્રીઓનું પ્રદાન

### ૩.૫.૧ સામાજિક વિનમયવાદમાં માર્શલ મોસનું પ્રદાન

માર્સલ મોસે પોતાના પુસ્તક "The Gift" (૧૯૫૪) દ્વારા સમૂહવાદીય (Collectivistic) અથવા રચનાતંત્રીય વિનીમય (Structural Exchange) નો અભિગમ રજૂ કર્યો છે. મોસે પોતાના અભ્યાસમાં 'સત્તા' અને 'ભેટો' ના વિનિમય વચ્ચેના સંબંધો તપાસવા પ્રયત્ન કર્યો છે. માર્સલ મોસએ

મેલિનોવસ્કીના વિનિમયના સિધ્ધાંતને ધ્યાનમાં રાખી પુનઃ તપાસ કરી તારણો તારવ્યા જેમાં કહ્યું કે વિનિમયનું કારણ સમાજની સંરચના અથવા તો સમાજની સામૂહિકતા છે. માર્સલ મોસ આલોચના કરતાં કહે છે કે એવું તો કયું કારણ છે કે એક વાર આપેલી ભેટ સોગાદ પરત કરવી પડે છે અને એવું કયું કારણ છે કે એકવાર પ્રાપ્ત કરેલી ભેટને પરત કરવી મજબૂરી છે. તેના પ્રત્યુત્તરમાં માર્લસ મોસ કહે છે કે જે તાકત અથવા શક્તિ જે ભેટ જેમને આપવામાં આવી છે તેને પરત કરવા માટે અટકાવે છે તે સમાજનો સમૂહ છે. આતો પરંપરાગત આભાર છે. જેને પાછું પરત કરવું જરૂરી છે. આમ માર્શલ મોસે મેલિનોવસ્કીની મનોવૈજ્ઞાનિક આવશ્યકતાઓને નકારી રચનાતંત્રીય વિનિમય (Structural Exchange)ના સિદ્ધાંતને સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો છે.

### ૩.૫.૨ લેવી સ્ટ્રોસ અને સામાજિક વિનિમયવાદ

લેવી સ્ટ્રોસ મૂળભૂત રીતે સંરચનાવાદી સિદ્ધાંતના પ્રણેતા છે. ઈ.સ. ૧૯૬૯માં 'The Elementray Structures of Kinship' નામે તેમનું પુસ્તક પ્રકાશિત થયું. જેમાં તેમણે વિનિમયના સિદ્ધાંતને વિકસાવ્યો. લેવી સ્ટ્રોસ જેમ્સ ફ્રેઝરના ઉપયોગિતાવાદના સિદ્ધાંતનો સ્વીકાર કરતા નથી પણ જેમ્સ ફ્રેઝરે આપેલ લગ્ન અંગેની પદ્ધતિની આલોચના કરી છે. તોઓ કહે છે કે વિનિમય પદ્ધતિ આર્થિક પ્રક્રિયા ન ગણતાં સંરચનાત્મક પ્રક્રિયા છે. સ્ટ્રોસની દષ્ટિએ સમાજમાં સામાજિક એકતા જાળવી રાખવામાં વિનિમય મહત્ત્વનો ફાળો આપે છે. લેવી સ્ટ્રોસ મેલીનોવસ્કીના મનોવૈજ્ઞાનિક સંદર્ભનો પણ સ્વીકાર કરતા નથી.

### મનોવૈજ્ઞાનિક વર્તનવાદ અને વિનિમયનો સિદ્ધાંત

મનોવૈજ્ઞાનિક વર્તનવાદના નિયમો પ્રાણીઓના વર્તનના નિરીક્ષણ ઉપરથી તારવવામાં આવ્યા છે. જેમાં ઈવાનપાવલોનનો કૂતરા ઉપરનો પ્રયોગ અને બી.એફ. સ્કીનરનો કબૂતર અને ઉંદર પરનો પ્રયોગ ખૂબ જ જાણીતો છે. આ સિદ્ધાંત પ્રમાણે પ્રાણીઓ અને માનવીઓ બદલો અથવા વળતર એટલે કે અર્થશાસ્ત્રના ઉપયોગિતાવાદની વિભાવનાને અભિવ્યક્ત કરે છે. બદલો એ વર્તન છે જે સજીવતંત્ર

જરૂરિયાત સંતોષવા પ્રતિપુષ્ટિનું કાર્ય કરે છે. જ્યારે શિક્ષા તેને દુઃખથી દૂર રાખવાનું કાર્ય કરે છે. આધુનિક વિનિમયના સિદ્ધાંતો વર્તનવાદીઓ પાસેથી બદલાની વિભાવનાની અવેજીમાં બદલાનો ઉપયોગ કરે છે. તેમ છતાં ઉપયોગિતાવાદીઓના ખર્ચની વિભાવનાને જાળવી રાખે છે.

રશિયાના પાવલોવે જ્યારે કૂતરાઓ પર પ્રયોગ કર્યો. ત્યારે અભ્યાસમાં જોવા મળ્યું કે કૂતરાઓની જીભ ઉપર લાળ ત્યારે જ આવી જતી હતી જ્યારે કૂતરાઓને ભોજન આપવામાં આવતું હતું. એમ પણ થતું હતું કે ભોજન આપનાર વ્યક્તિના ચાલવાનો અવાજ સંભળાય તો પણ કૂતરાઓના મુખમાંથી લાળ આવી જતી હતી. પાવલોએ અભ્યાસમાં ચોક્કસ પરિસ્થિતિઓમાં થતા વર્તનને તપાસીને પોતાના સિધ્ધાંતને સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે.

### ૩.૫.૩ જ્યોર્જ સી. હોમન્સનો વિનિમયવાદ અંગેના વિચારો

આધુનિક સામાજિક વિનીમયનો સિદ્ધાંત સમાજશાસ્ત્રીઓ જ્યોર્જ કાસ્પર હોમન્સ અને પીટર બ્લાઉ દ્વારા આપવામાં આવ્યો છે. જ્યોર્જ સી. હોમન્સનો જન્મ ઈ.સ. ૧૯૧૦ માં બોસ્ટનમાં થયો હતો. તેમનું કુટુંબ એક સમૃદ્ધ પરિવાર ગણાતું હતું. તેમણે હાર્વર્ડ વિશ્વવિદ્યાલયમાંથી સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી અને સંપૂર્ણ શૈક્ષણિક જીવન તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાં વિતાવ્યું હતું. તેઓ અમેરિકન સમાજશાસ્ત્રની પરિષદના પ્રમુખ પણ રહ્યા હતા. અમેરિકામાં વિલ્ફ્રેડ પેરેટોનો પરિચય કરાવવામાં જ્યોર્જ સી હોમન્સની મુખ્ય ભૂમિકા રહી હતી. જ્યોર્જ સી હોમન્સે તેમના સમકક્ષ સમાજશાસ્ત્રીઓને ખૂબ જ પ્રોત્સાહિત કર્યા હતા. હોમન્સને વધારે રસ માનવશાસ્ત્ર અને બ્રિટીશ ઈતિહાસમાં હતો. પછીથી તેમની રૂચી નાના સમૂહોના અભ્યાસમાં સ્થિર થઈ હતી. આ બાબતને લઈ નીચે મુજબના પુસ્તકો જ્યોર્જ સી. હોમન્સે લખ્યું છે.

- English Villages in the Thirteenth Century (1941)
- The Human Group (1950)
- Social Behaviour its Elementary Forms (1961)

- Sentiments and Activities (1962)
- The Nature of Social Sciences (1967)

હોમન્સના "The Human Group" પુસ્તકના ખૂબજ વખાણ થયા હતા. આ તેમનો ખૂબજ મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. વાસ્તવમાં હોમન્સ પોતાના જીવનકાળ દરમિયાન વિવાદાસ્પદ વ્યક્તિ રહ્યા હતા. જ્યારે પારસંસ સમાજના બૃહદ સિદ્ધાંતની ચર્ચા કરી રહ્યા હતા ત્યારે હોમન્સ જ એવા વ્યક્તિ હતા જેમણે દૃઢતાપૂર્વક કહ્યું હતું કે સમાજશાસ્ત્રમાં કોઈ સિદ્ધાંત જ નથી. The Human Group પુસ્તકમાં તેમણે સિદ્ધાંત નિર્માણની એક રૂપરેખા પ્રસ્તુત કરી હતી. તેઓ કોઈપણ પ્રકારના સિદ્ધાંતના નિર્માણમાં બે બાબતો પર ભાર મૂકે છે. લોકો શું કરે છે અને તેમનો વ્યવહાર કેવો છે? આ બે પ્રશ્નોના ઉત્તરમાં તેઓ કહે છે કે આપણે મૂર્ત સ્વરૂપે જોવું જોઈએ. તે જ અવસ્થાને જોવી જોઈએ. એટલે કે વાસ્તવિક હકીકતોથી આગળ વધી વિજ્ઞાનીઓએ અમૂર્ત વિભાવનાઓના સંદર્ભમાં સમજૂતી આપવી જોઈએ. ત્રીજું તેમણે પોતાનો સિદ્ધાંત આગમનાત્મક (Inductively) રીતે ઉભો કરવા પ્રયાસ કર્યો છે. પાંચ નાના જૂથોના અભ્યાસને ચોક્કસ હકીકતો તરીકે લઈ તેને સામાન્ય સિદ્ધાંતના ઘડતરમાં ઉપયોગમાં લેવામાં આવ્યો છે. જેથી બીજા જૂથોને પણ તે સરળ રીતે લાગુ પાડી શકાય છે. આમ તે ચોક્કસ અનુભવજન્ય તથ્યો લઈ તેના ઉપર માનવજૂથ સંવાદી સામાન્ય સિદ્ધાંત વિકસાવે છે. સિદ્ધાંતો માટે સંદર્ભની આવશ્યકતા હોય છે. અનુભવેલી અનુભૂતિને સિદ્ધાંતમાં બદલવા માટે સર્જનાત્મકતાની છલાંગ પણ લગાવવી પડે છે. હોમન્સ સામાજિક ઘટનાઓની સમજૂતિમાં પ્રાથમિક, મનોવૈજ્ઞાનિક અને સમાજશાસ્ત્રીય વિભાવનાઓનો ઉપયોગ કરે છે. સામાજિક વર્તન અંગે તેઓ જણાવે છે કે વ્યક્તિનું સામાજિક વર્તન એ ફક્ત પ્રાથમિક વર્તન નથી પરંતુ તે વર્તન મનોવૈજ્ઞાનિક પણ છે અને સમાજશાસ્ત્રીય પણ છે તેઓ મૂર્ત સ્વરૂપ ઉપર ભાર મૂકે છે. જેમાં વ્યક્તિનું વર્તન, સામાજિક સંસ્થાઓ તથા સામાજિક સંગઠનના મૂર્ત સ્વરૂપની ચર્ચા કરે છે. તે માનવશાસ્ત્ર, સમાજશાસ્ત્ર સાથે અર્થશાસ્ત્ર ઉપર પણ ભાર મૂકે છે. અર્થશાસ્ત્રમાં જે બદલો કે નાણાંની ચૂકવણીની વિભાવના છે તેમાં બદલાની

વિભાવનાને વિનિમયના સિદ્ધાંતમાં ઉપયોગમાં લે છે. ઉ.ત. કોઈ પણ વ્યક્તિ રોજગારી માટે મજૂરી કરે અને આખા દિવસના અંતે નાણાંરૂપ બદલો આપવામાં આવે છે કે વળતરની ચૂકવણી કરવામાં આવે છે. નાંણા દ્વારા કે વળતર દ્વારા વ્યક્તિ પોતાની જીવનજરૂરિયાતની વસ્તુઓ લે છે અને પૂર્તિ કરે છે. આ બધાં આર્થિક વળતર ફક્ત બદલો જ આપતા નથી પરંતુ તેના બદલામાં દરેક કામદારને બેરોજગારીથી દૂર કરે છે.

જેમ અર્થશાસ્ત્ર વિનીમયના સંબંધોનું વર્ણન કરે છે. એમ સામાજિક સમાજશાસ્ત્ર સામાજિક રચનાતંત્રનું વર્ણન કરે છે. એ જ રીતે સામાજિક રચનાતંત્રમાં પણ વિનીમય થાય છે. મનોવિજ્ઞાનમાં તેની સમજાવવાની ચાવી છે. તેને સમજવા માટે સ્કીનરનાં વર્તનવાદી સિદ્ધાંતનો અભ્યાસ કરશો તો ખ્યાલ આવશે કે જેમ પ્રાણીઓ શિક્ષાથી દૂર રહે છે અને બદલો મેળવવા પ્રયત્ન કરે છે તેમ માનવીય સમુદાય પણ ઓછામાં ઓછો ખર્ચ કરી નફો મેળવવા પ્રયત્ન કરે છે. હોમન્સના સિદ્ધાંતની બુનિયાદી અવધારણાઓ જોઈએ તો

(અ) સફળતાનું વિધાન

(બ) ઉદ્દીપકનું વિધાન

(ક) મૂલ્યને લગતું વિધાન

(ડ) વંચિતતા-પરિતૃપ્તિનું વિધાન

(ઈ) આક્રમણ સંમતિનું વિધાન

(સંદર્ભ : સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો વાય.એ. પરમાર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ)

**(અ) સફળતાનું વિધાન :** સમાજમાં કોઈપણ વ્યક્તિ જ્યારે ક્રિયા કરે છે ત્યારે તે એવી રીતે કરે છે કે તેને કોઈપણ રીતે નુકશાન થવું જોઈએ નહિ જેથી નાની પણ સફળતા મળે તો તે પછીના તબક્કામાં વ્યક્તિને પછીના વર્તનમાં પણ વધુમાં વધુ બદલો મળશે તે ધારીને સફળતા તરફ જઈ બદલો મેળવવા પ્રયત્ન કરે છે.

***(બ) ઉદ્દીપકનું વિધાન :*** *સામાજિક વાતાવરણમાં જે કંઈપણ ભૌતિક, સામાજિક કે સાંસ્કૃતિક તત્ત્વ હોય તો તે મનુષ્યને પ્રેરણા આપતા ઉદ્દીપકો હોય છે. જે વધુમાં વધુ આગળ જવાની કે સફળ થવાની પ્રેરણા આપતા હોય છે. ઉ.ત. સારો ગ્રેડ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ વધુને વધુ અભ્યાસ કરવા તરફ પ્રેરાય છે. અને જેમ જેમ અનુભવ થતો જાય છે તેમ તેમને જ્ઞાન થતું જાય છે કે નિયમિત અભ્યાસ કરવાથી ખૂબ જ સારા માર્ક્સ કે ગ્રેડ મેળવી શકાય છે.*

***(ક) મૂલ્યને લગતું વિધાન :*** *ઉદ્દીપકમાં જે કંઈ મેળવી લીધેલ વસ્તુ હોય છે તેમાં લાભની જે કંઈપણ વસ્તુ હોય છે તેની માત્રાનું મૂલ્ય હોય છે. જે માનવીની ક્રિયાના પરિણામ સાથે જોડાયેલી હોય છે. પરિણામ બદલો કે શિક્ષાના સ્વરૂપે પણ હોઈ શકે છે. કોઈપણ વ્યક્તિ જેને કોઈ મૂલ્યવાન વસ્તુ પસંદ કરવાની કહેશો તો તે સૌથી મૂલ્યવાન વસ્તુ પસંદ કરશે.*

***(ડ) વંચિતતા-પરિતૃપ્તિનું વિધાન :*** *વ્યક્તિએ જ્યારે ભૂતકાળમાં વધુમાં વધુ વળતર કે બદલો મેળવ્યો હોય ત્યારે તેના મૂલ્યનું વિધાન અસ્પષ્ટ થતું જાય છે. તેના પ્રત્યે નિરાશ થતો જાય છે અથવા તો અતૃપ્ત થતો જાય છે. બદલા કે મૂલ્ય પ્રત્યે તે વ્યવસ્થિત કાળજી કે સાચવણી કરવાનું પણ તે ધ્યાન આપતો નથી. ઉ.ત. અભ્યાસમાં કોઈ પાઠ્યક્રમમાં વધુ માર્ક્સ કે ગુણ આવ્યા હોય ત્યારે અમુક પાઠ્યક્રમમાં ઓછા માર્ક્સ કે ગ્રેડ આવ્યા હોય તો પણ તે અન્ય પ્રવૃત્તિમાં જોડાય છે. પરંતુ જેમાં ઓછા ગ્રેડ કે માર્ક્સ આવ્યા હોય તો તેને પ્રત્યે તે વધુ ધ્યાન આપતો નથી.*

***(ઈ) આક્રમણ સંમતિનું વિધાન :*** *જ્યોર્જ સી. હોમન્સે આક્રમણ સંમતિના સિદ્ધાંત દ્વારા બે પ્રકારની બાબતો સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં એક વ્યક્તિની કોઈપણ અપેક્ષિત ક્રિયાને અનુરૂપ બદલો ન મળે તો તે નારાજ થઈને વધુ ગુસ્સે થશે અને હતાશ થઈને આક્રમણકારી વર્તન તરફ જશે. જ્યારે બીજું વ્યક્તિને તેની ક્રિયા રૂપ વર્તન તરફ વર્તન કરશે તો તે વધુ બદલો મળશે. અપેક્ષિત વળતર કે બદલા તરફ સંમતિ દર્શાવી વર્તન કરશે. આમ યોગ્ય બદલો કે વળતર નહિં મળે તો તે ગુસ્સે થશે.*

આમ ઉપરોક્ત પાંચ વિધાનો પરથી ખ્યાલ આવશે કે એના આધારે જ અનુભવના સંશોધનો કરવા જોઈએ તેવું જ્યોર્જ સી. હોમન્સનું માનવું છે. આમ સામાજિક વર્તન એ વચ્ચેની વિનિમયની ક્રિયા છે. સામાજિક વિનિમય દ્વારા સમાજની બધી જ સંસ્થાઓ ટકી રહે છે તેમ પણ હોમન્સ કહે છે.

### ૩.૫.૪ પીટર એમ. બ્લાઉ અને રચનાતંત્રીય વિનીમયવાદ

વિનીમયના સિદ્ધાંતમાં પીટર એમ. બ્લાઉનું પ્રદાન ખૂબ મહત્ત્વનું છે. કોઈપણ સમાજ અને સંસ્થાઓને વ્યક્તિગત ખાસિયતોથી સમજાવી શકાય નહિ. પીટર એમ બ્લાઉ જ્યોર્જ સી. હોમન્સના વિનીમય અંગેના વિચારો પ્રત્યે સહમતી દર્શાવે છે. પીટર એમ. બ્લાઉ માને છે કે સામાજિક વિનીમયવાદને સમજવા માટે વ્યક્તિઓના અરસપરસના સાદા વ્યવહારને સમજવા ખૂબ જ જરૂરી છે. પીટર એમ બ્લાઉ સમાજિક વિચારકોને સત્તા (Power) અને સામાજિક સ્તરરચનાની ઘટનાઓને સમજાવતાં રોકે છે. પીટર એમ. બ્લાઉનું જે કંઈપણ લેખન કાર્ય છે તે નીચે મુજબનું છે.

પીટર માયકલ બ્લાઉ (Peter Michale Blau-b-1918) પોતાના વિનીમયના સિદ્ધાંતમાં સત્તાના સિદ્ધાંતની વિભાવનાને સાંકળીને વિનીમયવાદને સમજાવે છે. તેમના પુસ્તકો જોઈએ તો,

- The Dynhamics – A Study of Interpersonal Relationship in two Government Agencies (1955)
- Exchange and Power in Social Life (1964)

પીટર બ્લાઉએ પોતાના પુસ્તક Exchange and Power in Social Life માં પોતાના અભ્યાસમાં જે પ્રયોગો કર્યા છે એમાં તેઓ એવી રૂપરેખા બતાવે છે કે જે દ્વારા તેઓ નાના સામાજિક સમૂહોની જે આંતરક્રિયાઓથી બનેલ સામાજિક વિનિમયવાદના નિયમો છે એને વિશાળ સામાજિક સમૂહોની વિનીમયની પ્રક્રિયાઓની સાથે જોડવાનો પ્રયત્ન કરે છે. તેમાં સામાજિક વિનીમયને તેઓ પ્રત્યક્ષ અને રૂબરૂ થવા પ્રારંભિક સમૂહોને બનાવે છે અને પછી તેઓ મોટી સંસ્થાઓ ઉપર લાગુ કરે છે.

જ્યોર્જ સી. હોમન્સ વિમીનયને પ્રારંભિક સમૂહો સુધી લાવીને છોડી મૂકે છે. જ્યારે પીટર એમ બ્લાઉ જટિલ સમાજ પર લાવીને છોડી મૂકે છે.

**પીટર બ્લાઉ અને વિનીમયનો સિદ્ધાંત**

પીટર એમ બ્લાઉ સૈદ્ધાંતિક રણનીતિ વિનિમયના સિદ્ધાંતમાં સૈદ્ધાંતિક રૂપરેખા નક્કી કરી રજૂ કરે છે. અને તેમણે તેમનું નામ સૈદ્ધાંતિક પ્રાકકથન નામ આપ્યું છે. જ્યારે પણ આપણે પીટર એમ બ્લાઉના સિધ્ધાંતો જોઈએ તો એ બાબત ધ્યાનમાં આવે છે કે તેઓ સામાજિક વિનીમય સાથે જોડાયેલ અવધારણાઓને એક જ સમૂહમાં મૂકે છે. પીટર એમ. બ્લાઉનું માનવું છે કે વ્યક્તિની સામાજિક આંતરક્રિયાઓને, સંરચનાત્મક સંબંધી બાબતોને વિશ્લેષણ કરી શકાય છે. પીટર એમ બ્લાઉ સામાજિક અસમાનતાને જ્યારે જુએ છે ત્યારે તે આર્થિક માળખાની શક્તિ (સત્તા) છે તેમ દર્શાવે છે. પરંતુ બીજી તરફ એમ કહેવાય છે કે શક્તિ કે આર્થિક સત્તા જ સમાજમાં મુખ્ય હોય છે એવું નથી. માર્શલ મોસનું કહેવું છે કે સામાજિક વિનીમયનું કારણ વ્યક્તિની ઉંચામાં ઉંચી પ્રતિષ્ઠા મેળવવાના સંદર્ભમાં થાય છે. આગળના દરજ્જા પ્રાપ્ત કરવા માટે ખૂબ જ આકર્ષક ભેટ રજૂ કરે છે અને સમાન દરજ્જો કે પ્રતિષ્ઠા મેળવવાની સ્પર્ધામાં જાણે કે નદીમાં રેલ આવી હોય તેમ પ્રદર્શન થાય છે. એ રીતે પારસ્પરિક આભાર માનવાનું ચાલુ થાય છે. આ પરસ્પર ભેટ આપવાનું ચાલુ થાય અને જો તે સંસ્થાકીય સ્વરૂપ ધારણ કરી લે ત્યારે ને ત્યારે જ તેની વિવિધતા સ્થાપિત થઈ જાય છે.  પ્રતિષ્ઠા મેળવવા માટે જે સ્પર્ધકો હોય છે તેમની શક્તિ આગળ પડતી થઈ જાય છે. જ્યારે વિનીમય વ્યવહાર અધિકારી વ્યક્તિઓ સુધી સિમીત થઈ જાય છે ત્યારે સમાજના સભ્યોએ તે માનવું ખૂબ જ અનિવાર્ય બની જાય છે. પછી ફરજિયાત સ્થાપિત થયેલ વિનિમય અંગેના માપનો કે વલણો કે ધોરણો સમાજને અવરોધરૂપ બને છે. છતાં તેમને માટે અમુક પ્રકારના વિનિમય કરવા માટેની ફરજિયાત અપેક્ષા રાખવામાં આવે છે. ઉ.ત. અમુક આગળ પડતા વર્ગમાં લગ્ન અંગે પ્રતિષ્ઠામાં વધારો થાય તેના માટે આગળ પડતી જ્ઞાતિઓ સૌથી મોંઘા અને ખર્ચાળ લગ્ન કરે છે એમાંથી પ્રતિષ્ઠા કંઈ ઓછી મળે છે એવું નથી પરંતુ બાજુમાં રહેતી ઓછી

પ્રતિષ્ઠા ધરાવતી જ્ઞાતિઓ તેનો વિરોધ કરે છે કે લગ્નમાં ઘરેણાં, ભોજનમાં વધુ માણસો ન બોલાવવા, સાદગીપૂર્ણ લગ્ન કરવા કે દહેજ આપવું ન જોઈએ વગેરે વગેરે. જેમાં વિરોધ આંદોલનો પણ થતા હોય છે. સત્તા (Power) ના સંદર્ભમાં જોઈએ તો આ આર્થિક રીતે અસમાનતા દર્શાવતો આર્થિક વિનિમયવાદ કહેવાય જે પીટર એમ બ્લાઉએ વિશદ રીતે છણાવટ કરી વ્યાખ્યાયિત કર્યો છે.

## ૩.૬ ઉપસંહાર

સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોમાં ઘણા બધા સિદ્ધાંતો છે પરંતુ સમાજના નાના વર્ગ કે સમૂહ તરફ જોઈએ તેટલું ધ્યાન અપાતું નથી. તેમના અરસપરસના વ્યવહાર અંગેના પ્રશ્નો ઘણા છે. એવું પણ કહેવાય છે વિનીમય સિદ્ધાંત મુખ્ય રીતે નાના સમૂહોને જ ઓળખવાનો સિદ્ધાંત છે. આમ, સામાજિક વિનીમય સિદ્ધાંત સામાજિક રચના સાથે જોડાયેલ છે અને સમાજમાં જે કંઈપણ મૂલ્ય, લાગત, ભેટ, સોગાદનું આદાનપ્રદાન થાય છે તેમાં વિવિધતા જોવા મળે છે અને વિનીમય સંબંધોની નિરંતરતા બનાવી રાખવા માટેનું કાર્ય વ્યક્તિનું નહિં પરંતુ સમાજનું છે તેમ પીટર એમ બ્લાઉ પોતાના સિદ્ધાંતમાં વિસ્તારથી અને મુદ્દાસર રીતે સમજાવવાનો પ્રયત્ન કરે છે.

### સંદર્ભ પુસ્તકો :


૧. ઉચ્ચતર સમાજશાસ્ત્રીય સિદ્ધાંત (૨૦૧૧) એસ.એલ. દોશી, એમ.એસ. ત્રિવેદી, (હિન્દી) રાવત પબ્લિકેશન, જયપુર (ભારત.)

૨. સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો (૨૦૧૭) વાય.એ. પરમાર યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.


## ૩.૭ ચાવીરૂપ શબ્દો

- વિનીમય : આપણે જ્યારે પડોશી, સગા-સંબંધી, મિત્રોને ત્યાં લગ્ન પ્રસંગ, શુભ-અશુભ પ્રસંગના સમયે જઈએ છીએ અને જે કંઈ રિવાજો છે તે પૂરા કરીએ છીએ. પોતાના

સમાજના રિવાજો, પરંપરાઓને પૂર્ણ કરીએ છીએ પછી તે મૂલ્ય, ભેટ કે સામાજિક વ્યવહારના રૂપમાં હોય તેનો સંદર્ભ સામાજિક વિનીમય સાથે જોડાયેલ છે.

- ટોબ્રિયેન્ડ : ટાપુનું નામ
- કુળ (Kula) : ગોત્ર
- Exchange Structuralism : વિનીમય સંરચનાવાદ
- Anthropology : માનવશાસ્ત્ર

## ૩.૮ તમારી પ્રગતિ ચકાસો માટેની પ્રશ્નોત્તરી

માગ્યા પ્રમાણે લખો.

(૧) વિનિમયવાદનો અર્થ પાંચ લીટીમાં સમજાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(૨) વિનિમયવાદનો બૌદ્ધિક આધાર પાંચ લીટીમાં લખો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(૩) વિનિમયવાદમાં જ્યોર્જ સી. હોમન્સ અને પીટર એમ. બ્લાઉનું પ્રદાન દસ લીટીમાં સમજાવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

(૪) વિનિમયવાદ અંગે માનવશાસ્ત્રીઓના ખ્યાલો દસ લીટીમાં સમજાવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## એકમ : ૦૪

## ફ્રેંકફર્ટ વિચારશાખા

**રૂપરેખા :**

૪.૦ ઉદ્દેશો

૪.૧ પ્રસ્તાવના

૪.૨ ફ્રેંકફર્ટ વિચારશાખાની ઐતિહાસિક પૂર્વભૂમિકા

૪.૩ ફ્રેંકફર્ટ વિચારશાખા અને ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ રીસર્ચ

૪.૪ ફ્રેંકફર્ટ વિચારશાખાનું હાર્દ

૪.૫ વ્યક્તિમત્તા અને સામાજિક રચનાતંત્ર

૪.૬ સામૂહિક સંસ્કૃતિ

૪.૭ વિજ્ઞાન અને પ્રત્યક્ષવાદ

૪.૮ સામાજિક ઉત્ક્રાંતિ અંગેના વિચાર

૪.૯ ફ્રેંકફર્ટ વિચારશાખાનું મૂલ્યાંકન

૪.૧૦ સારાંશ

૪.૧૧ તમારી પ્રગતિ ચકાસવા માટેની પ્રશ્નોત્તરી

    ૪.૧૧.૧ મોટા પ્રશ્નો

    ૪.૧૧.૨ ટૂંકા પ્રશ્નો

    ૪.૧૧.૩ ખરા અને ખોટા વિધાન

    ૪.૧૧.૪ સંદર્ભ પુસ્તકો (ગ્રંથો)

## ૪.૦ ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે,

- ફ્રેંફકર્ટ વિચારશાખાની પૃષ્ઠભૂમિ જાણી શકશો.
- ફ્રેંફકર્ટ વિચારશાખાના વિચારોને સમજી શકશો.
- ફ્રેંફકર્ટ વિચારશાખાનું મૂલ્યાંકન કરી શકશો.
- આલોચનાત્મક (ટીકાત્મક) સિદ્ધાંતમાં ફ્રેંકફર્ટ વિચારશાખાનું પ્રદાન સમજી શકશો.

## ૪.૧ પ્રસ્તાવના

ઉદ્દામવાદી સાથે સંકળાયેલ છતાં પોતાનું અલગ સ્વરૂપ ધારણ કરેલ વિચારશાખા તે સમાજશાસ્ત્રની આલોચનાત્મક વિચારશાખા (The Critical School of Sociology) છે. ૧૯૬૦ અને ૧૯૭૦ ના દશકામાં તેણે વિદ્યાર્થીઓ અને બુદ્ધિજીવીઓમાં રસ પેદા કર્યો. ઉત્તર અમેરિકા અને યુરોપિયન દેશોના ડાબેરી પાંખના સભ્યોમાં નવી ચેતના પ્રગટાવી. તેણે રૂઢિચુસ્ત માર્ક્સ્વાદ અને પરંપરાગત સામાજિક વિજ્ઞાનોના સમર્થકોમાં હલચલ મચાવી દીધી હતી. આ વિચારશાખાએ મૂડીવાદ અને સોવિયેટ સમાજવાદ બંનેની આલોચના કરી જે સામાજિક વિકાસ માટે વૈકલ્પિક માર્ગ બતાવે છે. વિશ્વયુદ્ધ બાદ એક વિશિષ્ટ પ્રકારના માર્ક્સ્વાદનો વિકાસ થયો જે નાઝીવાદથી વિરૂદ્ધ મનાયો હતો. હિટલરના સમયમાં જર્મનીમાં અનેક બુદ્ધિજીવીઓને જર્મની છોડી દેશવટો લેવો પડ્યો અથવા જર્મનીમાં જ ભૂગર્ભમાં રહેવું પડ્યું. વિશ્વયુદ્ધ બાદ ડાબેરી બુદ્ધિજીવીઓને નાઝી સંસ્કૃતિને દૂર કરી તેની જગ્યાએ માનવીય મૂક્તિની સ્થાપના કરવાની ફરજ પડી.

ફ્રેંકફર્ટ વિચારશાખાએ ડાબેરી પાંખના બુદ્ધિજીવીઓને પોતાના ઉદ્દામવાદી વિચારો વિકસાવવા સાનુકૂળ વાતાવરણ પૂરું પાડ્યું. (૧) ફ્રેંકફર્ટ વિચારશાખા જર્મનીની જ નીપજ છે.

(૨) તેણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ સંબંધો સ્થાપ્યા અને અમેરિકામાં ઊંડા મૂળ નાંખ્યા. એટલું જ નહિ પરંતુ તેણે કેલિફોર્નિયાના મુક્તિવાદીઓને હર્બર્ટ માર્ક્યુસે જેવો ચિંતક પૂરો પાડ્યો. તેના વિચારોના પ્રભાવ હેઠળ અમેરિકામાં આ વિચારશાખા વધુ પ્રચલિત બની. (૩) આ શાખાને માનવતાવાદી માર્ક્સવાદ તરીકે ઓળખવામાં આવે છે અને તે સોવિયેટ રશિયાનો વિકલ્પ છે. (૪) આ વિચારશાખા માર્ક્સને માત્ર નવી વ્યવસ્થાના તારણહાર તરીકે જ જોતી નથી, પરંતુ સાથે હયાત સમાજ વ્યવસ્થાની ટીકા પણ કરે છે. તેનો અંતિમ હેતુ પરિવર્તન માટે ભૂમિકા ભજવવાનો છે.

આલોચનાત્મક સિદ્ધાંત અંગે તેના સમર્થકોમાં એકમત પ્રવર્તતો નથી. આથી તેઓને વિવાદાસ્પદ જૂથના સિદ્ધાંતવાદી તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે તેમના વિચારો જટિલ અને અસ્પષ્ટ છે. તેમ છતાં વર્તમાન સમયમાં ડાબેરી ચિંતકોમાં (Left Wing) તેનો પ્રભાવ વધતો જાય છે. આ પરંપરાના વિચારો અનેકવિધ નામોથી ઓળખાય છે. કેટલાંક તેને આલોચનાત્મક સિદ્ધાંત (The Critical Theory), નવજાગૃતિનો દ્વન્દ્વવાદ (The Dialectics of Enlightment) અને સમાજનો સિદ્ધાંત (The Theory of Society) તરીકે ઓળખાવે છે. જ્યારે અન્ય ટીકાકારો તેને નૂતન નવજાગૃતિમાં (Neo-Enlightment) થી વેશપલટો કરેલ નવ-રોમાંચકારીવાદ (Neo-Romantism) તરીકે પણ ઓળખાવે છે.

આલોચનાત્મક સિદ્ધાંતકારોને એવા પરિબળોમાં રસ છે જે સમાજને તાર્કિક સંસ્થાઓ તરફ દોરી જાય છે. આ સંસ્થાઓ યોગ્ય, મુક્ત અને ન્યાયી જીવન સુરક્ષિત કરી શકે છે. સાથે સાથે ઉદ્દામવાદી પરિવર્તનને અવરોધક બનતા પરિબળોથી પણ વાકેફ કરે છે. આથી તેઓ આવા પરિબળોનું વિશ્લેષણ કરવા અને તેને ખુલ્લા પાડવામાં પણ રસ ધરાવતા હતા. ફ્રેંકફર્ટ વિચારશાખાના સમર્થકોએ કાન્ટ, હેગલ, માર્ક્સ, વેબર, લૂકાચ અને ફ્રોઈડ જેવા ચિંતકોના કેટલાક વિચારોને ગ્રાહ્ય કરી પોતાના કાર્યમાં સમન્વય કરી અભિવ્યક્ત કરવા પ્રયાસ કર્યો છે.

તેઓ જે પરિસ્થિતિઓ અને સમાજનું પુનરુત્પાદન અને પરિવર્તન, સંસ્કૃતિનો અર્થ તેમજ વ્યક્તિ, સમાજ અને પ્રકૃતિ વચ્ચેના સંબંધોને શક્ય બનાવે છે તે પ્રત્યે ગંભીરતા દાખવે છે. આલોચનાત્મક સિદ્ધાંતવાદીઓ દ્રઢપણે માને છે કે સમકાલીન સામાજિક અને રાજકીય સવાલોની તપાસ દ્વારા વિચારસરણીની ટીકા અને બિન-સત્તાધારી, બિન-અમલદારશાહીના રાજકારણને વિકસાવવામાં તેઓ પોતાનો ફાળો આપી શકે છે. તેને તેઓ પોતાની ફરજ માને છે.

## ૪.૨ ફ્રેંકફર્ટ વિચારશાખાની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

ફ્રેંકફર્ટ વિચારશાખાનું કાર્લ માર્ક્સ (Karl Marx), જ્યોર્જ લ્યૂકાસ (George Lukas) અને કાર્લ કોર્શ (Karl Korsch) ના વિચારો સાથે ઘણું સામ્ય જોવા મળે છે. તેના પાયામાં કાર્લ માર્ક્સના વિચારોની પ્રખર અસર જોવા મળે છે. જોકે આ બધા ચિંતકોને જ્યુડો-ક્રિશ્ચિયન (Judeo-Christian) વિચારો અને જી.ડબલ્યુ.એફ.હેગલના તત્ત્વજ્ઞાનમાંથી પ્રેરણા મળી હતી. ફ્રેંકફર્ટ વિચારશાખા માર્ક્સવાદનો જ એક ફાંટો હોવા છતાં તેને સામ્યવાદ પક્ષ સાથે કોઈ સંબંધ નથી. તેમ છતાં આ વિચારશાખાએ જર્મનીમાં નવા ડાબેરી પાંખના વિદ્યાર્થીઓને બીજા વિશ્વયુદ્ધ પહેલાનાં વખતની સમાજ-વ્યવસ્થા વિરૂદ્ધ બળવો કરવા અવશ્ય પ્રેરણા આપી હતી. ફ્રેંકફર્ટ વિચારશાખાને નાઝીવાદ અને ફાસીવાદ વિરૂદ્ધના એક બૌદ્ધિક શસ્ત્ર તરીકે ઓળખવામાં આવે છે.

## ૪.૩ ફ્રેંકફર્ટ વિચારશાખા અને 'ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ રીસર્ચ'

'ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ રીસર્ચ' (The Institute of Social Research) ફ્રેંકફર્ટ વિચારશાખાનું કેન્દ્ર મનાય છે. આ સંસ્થાની સ્થાપના ૧૯૨૩માં ફેલિક્સ જે. વેલ (Felix J. Well) અને તેના પિતાના દાનમાંથી કરવામાં આવી હતી. આ સંસ્થાનો હેતુ

ઓછામાં ઓછા દબાણો અને નિયંત્રણો વિના મુક્ત રીતે કાર્ય કરવાનો હતો. આ સંસ્થા ફ્રૅંફકર્ટ વિદ્યાપીઠ સાથે સંકળાયેલી હોવાથી તેને ફ્રૅંકફર્ટ વિચારશાખા તરીકે ઓળખવામાં આવે છે. આ સંસ્થા સાથે અનેક બુદ્ધિજીવીઓ સંકળાયા હતા. તેમનો અભિગમ આંતરજ્ઞાનશાખીય (Interdisciplinary) મનાય છે. તેના સમર્થકોના વિચારોમાં એકવાક્યતા જોવા મળતી નથી છતાં પ્રત્યેક બુદ્ધિજીવીએ વિશિષ્ટ જ્ઞાનને અનુરૂપ સંસ્થાના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. મોટાભાગના બુદ્ધિજીવીઓ યહૂદી હતા. આમાંથી કેટલાક રાજકારણમાં ડાબેરી પાંખના સક્રિય સભ્યો હતા. તેઓ મધ્યમ અને ઉપલા મધ્યમવર્ગની પૃષ્ઠભૂમિ ધરાવતા હતા. આ સંસ્થાનું સભ્યપદ ધરાવનારને ફ્રૅંકફર્ટ વિચારશાખાના સમર્થકો તરીકે ઓળખવામાં આવે છે. ફ્રૅંકફર્ટના મહત્ત્વના સભ્યોમાં મેક્સ હોર્કહેમર, થિયોડોર એડોર્નો, હર્બર્ટ મારક્યુસ, એરિક ફ્રોમ અને જર્ગન હેબરમાસ હતા. ફ્રૅંફકર્ટ સ્કૂલના આગળ પડતા સિદ્ધાંતશાસ્ત્રી હેબરમાસ હતા. હિટલરના ઉદય સાથે ૧૯૩૦માં આ સંસ્થાના સભ્યોને દેશનિકાલની સજા થઈ અને સંસ્થા બંધ પડી. ત્યાર પછી તેઓએ અમેરિકામાં ૧૯૫૦ સુધી માર્કસવાદ અંગે પોતાના સ્વતંત્ર અભ્યાસો ચાલુ રાખ્યા. ૧૯૫૦માં ફ્રૅંકફર્ટ યુનિવર્સિટીના ભાગ તરીકે આ સંસ્થા પુનઃ શરૂ થતાં એડોર્નો અને હોર્કહેમર જર્મની પાછા ફર્યા. હેબરમાસે નવી માનવતાવાદી પરંપરા વિકસાવવા પ્રયત્ન કર્યો તેમાં તેમણે હેગલ અને માર્ક્સના કાર્યો ઉપર વિશેષ ભાર મૂક્યો છે.

## ૪.૪ ફ્રૅંફકર્ટ વિચારશાખાનું હાર્દ

ફ્રૅંકફર્ટ વિચારશાખાના પાયામાં કાર્લ માર્ક્સ, જોર્જ લૂકાચ અને કાર્લ કોર્શના વિચારોની પ્રબળ અસર જોવા મળે છે. તેઓએ જ્યુડો ક્રિશ્ચિયન (Judeo-Christian) વિચારો અને તત્ત્વજ્ઞાનમાંથી પ્રેરણા મેળવી હતી. તે માર્કસવાદનો જ એક ફાંટો મનાય છે. આ વિચારશાખાના વિશ્લેષણમાં બે વિધાનો ધ્યાન ખેંચ્યા વિના રહેતા નથી.

એક સમાજની વ્યક્તિઓ કેટલાક વિચારો ધરાવે છે. આ વિચારો સમાજની પૃષ્ઠભૂમિમાંથી જ આવે છે. પરિણામે આપણા વિચારોનું ઘડતર સામાજિક છે. આથી અમુક કાલખંડ અને તેના ખ્યાલાત્મક ઢાળો (Conceptual Patterns) ની અસરથી મુક્ત એવું વસ્તુનિષ્ઠ જ્ઞાન (Objective Knowledge) અને તારણો શક્ય નથી.

બીજું બુદ્ધિજીવીઓએ તેમના કાર્યમાં માત્ર વસ્તુનિષ્ઠતા (Objectivity) ધારણ કરવી જોઈએ નહીં. આને બદલે પોતે જે સમાજને તપાસે છે તેના પ્રત્યે આલોચનાત્મક (Critical) વલણ અખત્યાર કરવું જોઈએ. તેમણે વર્તમાન સમાજની સ્થિતિ અને સામાજિક રીતે નિર્માણ કરેલા જ્ઞાનના સંબંધોને સ્પષ્ટ કરવા અને તપાસવા જોઈએ. તેઓએ સામાજિક પરિવર્તન અંગે લોકોને જાગ્રત કરવા પ્રયાસ કરવો જોઈએ.

ફ્રેંકફર્ટ વિચારશાખા માનવ સમાજમાં જોવા મળતી અવિરત યાતનાઓ અને અન્યાયો પરત્વે ગંભીર હોવાથી તેની સતત ટીકા કરે છે. તેઓ અન્યાય સામેના પ્રતિકારને મજબૂત કરવા માંગે છે, અને અન્યાયને નાબૂદ કરવા માંગે છે. તેના પ્રવર્તકો બગડેલ સમાજ વ્યવસ્થાથી વ્યથિત છે. તેઓ આ પ્રકારના સમાજનો અસ્વીકાર કરી નવો માનવીય સમાજ (Human Society) સ્થાપવા માંગે છે. શરૂઆતના આલોચનાત્મક સિદ્ધાંતનો ઈરાદો સમાજમાં ધીરે ધીરે સુધારણા લાવવાને બદલે ઉદ્દામવાદી પરિવર્તન (Radical Change) લાવવાનો હતો. આને લીધે તેને માર્ક્સવાદના બુદ્ધિજીવીઓના ઈતિહાસમાં સ્થાન આપવામાં આવે છે. જોર્જ લૂકાચ અને કાર્લ કોર્શ આલોચનાત્મક સિદ્ધાંત સાથે સંકળાયા વિના તેના પૂર્વગામી રહ્યા છે. આ એક પ્રકારનો માર્ક્સવાદ જ છે. તેના બુદ્ધિજીવીઓ કોઈપણ પ્રકારના એકમાર્ગીકરણ (Regimentation) નો વિરોધ કરે છે.

આલોચનાત્મક સિદ્ધાંતવાદીઓના લખાણોમાં બૂર્ઝવા સમાજની સતત ઉદ્દામવાદી ટીકા થયેલી જોવા મળે છે. તેમના લખાણો છૂટાછવાયા હોવા છતાં તેમાં મૂડીવાદ વિરૂદ્ધનો પ્રતિકાર

જોવા મળે છે. આ સિદ્ધાંત રાજકીય આર્થિકતંત્ર પર, સામાજિક-સાંસ્કૃતિક પાસાં પર મનોવિશ્લેષણ અને ઈતિહાસના ચિંતન ઉપર વિશેષ ભાર મૂકે છે.

## ૪.૫ વ્યક્તિમત્તા અને સામાજિક રચનાતંત્ર

આલોચનાત્મક સિદ્ધાંતવાદીઓ આર્થિક સંગઠનના મહત્ત્વ ઉપર ભાર મૂકતા હોવાથી પોતાને ભૌતિકવાદી ગણાવે છે. તેમના અભ્યાસો વ્યક્તિમત્તા, સંસ્કૃતિ અને વિચારો સાથે સંકળાયેલા છે. હોર્કહેમર, એડોર્નો વગેરેના મતે વિચારો અને વ્યક્તિમત્તાના મૂળ આર્થિક વ્યવસ્થામાં રહેલા છે. તેઓ કહે છે કે સંસ્કૃતિ અને વિચારસરણી સમાજમાં સ્વતંત્ર ભૂમિકા ભજવી શકે છે.

કેટલાક આલોચનાત્મક સિદ્ધાંતશાસ્ત્રીઓ વ્યક્તિમત્તાના અભ્યાસમાં રસ ધરાવે છે. તેઓ આર્થિક વ્યવસ્થા વ્યક્તિમત્તાને કેવી રીતે વિકૃત કરે છે તે બાબત ઉપર ભાર મૂકે છે. એરિક ફ્રોમે વ્યક્તિના દુનિયા વિશેના મનોવૈજ્ઞાનિક અનુભવોનું વર્ણન કરવા માટે વિમુખતાનો ખ્યાલ પ્રયોજ્યો છે. તેણે માર્ક્સ કરતાં જુદી રીતે વિમુખતાનો ખ્યાલ ઉપયોગમાં લીધો છે.

એરિક ફ્રોમ કહે છે કે "વ્યક્તિમત્તા ઉપર મૂડીવાદની અસરના સંદર્ભમાં વિમુખતા કેન્દ્રવર્તી પ્રશ્ન છે. મૂડીવાદમાં કામદારો અને મેનેજરો બંને એકસરખી રીતે વિમુખ થયેલા હોય છે". આ બાબાત માટે તેઓ નીચેના કારણો દર્શાવે છે :

(૧) કામદારો અને મેનેજરો બંને સર્જનાત્મક અને વ્યક્તિત્વ જેવી મૂળભૂત જરૂરિયાતોનો ઈન્કાર કરે છે. (૨) તેઓનું કાર્ય સંપૂર્ણપણે અવૈયક્તિક સ્વરૂપનું હોય છે. (૩) તેમનો ઉપભોગ પણ વિમુખ થયેલો હોય છે. (૪) તેઓ ઉપયોગ કરે કે ન કરે, તેની કદર કરે કે ન કરે પણ તેઓ તેનો કબજો (વસ્તુઓનો ઉપભોગ) મેળવે છે. (૫) તેઓ સ્વહિતથી પ્રેરિત થયેલા હોય છે, પ્રેમથી પ્રેરિત થયેલા હોતા નથી. (૬) બીજા લોકો સાથેના સંબંધોને તેઓ લોકો તરીકે નહીં પરંતુ દરજ્જા ધરાવતી વ્યક્તિ તરીકે એટલે કે ડૉક્ટર, વકીલ કે ક્લાર્ક તરીકે જુએ છે.

થિયોડોર એડોર્નોએ વ્યક્તિમત્તા અને સામાજિક રચનાતંત્ર વચ્ચેના સંબંધ અંગે નીચેના તારણો રજૂ કર્યા છે. સર્વસત્તાધીશ કે સરમુખત્યારશાહી વ્યક્તિમત્તા (Personality) વિશે એડોર્નોનું તારણ એવું છે કે ખૂબ જ પૂર્વગ્રહ ધરાવતી અને લોકશાહી વિરોધી વ્યક્તિઓની વ્યક્તિમત્તા વિશિષ્ટ હોય છે. સરમુખત્યારશાહી વ્યક્તિમત્તા ધરાવતી વ્યક્તિઓ સમગ્ર રીતે જોતા એવા કુટુંબમાંથી આવતી હોય છે કે જે કુટુંબમાં મા-બાપ અને સંતાનો વચ્ચેના સંબંધો પ્રભુત્વ અને તાબેદારીયુક્ત હોય છે તેમજ કુટુંબના સભ્યો વિચલન પ્રત્યે ખૂબ જ અસહિષ્ણુ હોય છે. વિચલન પ્રત્યેના આવા પૂર્વગ્રહ (અસહિષ્ણુતા) ને ઉત્તેજના આપતાં પરિબળો મનોવૈજ્ઞાનિક સ્વરૂપનાં હોય છે. તે કહે છે કે પૂર્વગ્રહ (અસહિષ્ણુતા) ધરાવતી વ્યક્તિ આપણી સભ્યતાની પેદાશ છે.

## ૪.૬ સામૂહિક સંસ્કૃતિ

સામૂહિક સંસ્કૃતિમાં વિચારસરણી, સંગીત, જ્યોતિષશાસ્ત્ર, યંત્રવિજ્ઞાન વગેરેનો સમાવેશ થાય છે.

સમીક્ષાત્મક સિદ્ધાંતવાદીઓના મતે સંસ્કૃતિ નિરાશાવાદી વ્યક્તિમત્તા વિકસાવે છે. હોર્કહેમર એવી દલીલ કરે છે કે સંસ્કૃતિ અને વિચારસરણી એ આર્થિક ઉપરચનાનું પ્રતિબિંબ માત્ર નથી પરંતુ તે અર્ધસ્વાયત્તતા ધરાવે છે. સંસ્કૃતિ અને વિચારસરણી પ્રવર્તમાન વ્યવસ્થાની જાળવણી કરવામાં અને તેને મજબૂત કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. તેમના મતે સામૂહિક સંસ્કૃતિ નોકરશાહી સમાજના લોકોને નબળા બનાવવાનું સાધન છે.

એડોર્નો જાઝ સંગીત અને પોપ્યુલર સંગીતની ઝાટકણી કાઢે છે. તે કહે છે કે જાઝ અને પોપ્યુલર સંગીત લોકોને વ્યગ્ર, દીવાના, ચસકેલા અને વ્યાકુળ બનાવે છે. વ્યક્તિમત્તા ઉપર સંગીત આવી અસર ઉપજાવીને તે પ્રવર્તમાન સમાજ વ્યવસ્થાને મજબૂત બનાવે છે. જાઝ સંગીત વિમુખતા વધારે છે.

એડોર્નો જ્યોતિષશાસ્ત્રને તેમજ ગૂઢવિદ્યા કે જાદુને ધિક્કારે છે. તે જ્યોતિષશાસ્ત્ર અને ગૂઢવિદ્યાને સભાનતાની અવનતિના લક્ષણ તરીકે ઓળખાવે છે. જ્યોતિષશાસ્ત્રીઓ અને ગૂઢવિદ્યા જાણનારા તેમના ગ્રાહકોનું શોષણ કરે છે. તેમજ તેઓ ગ્રાહકને મનોવૈજ્ઞાનિક રીતે ધીરજ આપીને પ્રવર્તમાન સામાજિક રચનાતંત્રને જાળવી રાખે છે.

હર્બર્ટ મારક્યુસ યંત્રવૈજ્ઞાનિક નિર્ણાયિકવાદી છે. તે કહે છે કે યંત્રવૈજ્ઞાનિક પ્રગતિએ પ્રભુત્વ અને સંકલનની સમગ્ર આવશ્યકતા શક્ય બનાવી છે. તે બધા વિરોધોને નિષ્ફળ બનાવે છે. યથાવત પરિસ્થિતિના હિતમાં સામાજિક નિયંત્રણ એટલું શક્તિશાળી હોય છે કે કોઈપણ પ્રકારની ટીકા માટે વિચારો પણ અવકાશ પામતા નથી. એટલે કે યંત્રવિજ્ઞાનનો એવો પ્રભાવ હોય છે કે સ્વતંત્ર વિચારોને અવકાશ રહતો નથી. લોકો ભૌતિક લાભો માટે સ્વતંત્રતા જતી કરે છે. આમ કરીને તેઓ જૂઠી જરૂરિયાતોની શરણાગતિ સ્વીકારી લે છે. આવી જૂઠી જરૂરિયાતો વ્યક્તિ ઉપર વિશિષ્ટ સામાજિક હિતો દ્વારા લાદવામાં આવી હોય છે.

આમ, ટીકાત્મક સિદ્ધાંતવાદીઓના મતે આધુનિક સામૂહિક સંસ્કૃતિ લોકો ઉપર વિઘાતક અસરો ઉપજાવે છે, તે વ્યક્તિત્વને કુંઠિત કરે છે, વિમુખતા વધારે છે, શોષણને શક્ય બનાવે છે, સ્વતંત્ર વિચારશક્તિને રૂંધે છે. તેમજ યથાવત્ પરિસ્થિતિ જાળવી રાખવામાં સહાયરૂપ થઈને સામાજિક પરિવર્તનમાં અવરોધ પેદા કરે છે.

### ૪.૭ વિજ્ઞાન અને પ્રત્યક્ષવાદ

નવજાગૃતિની સાથે પ્રકૃતિનું ગાણિતિકરણ થયું અને વિજ્ઞાનનો ઉદ્ભવ થયો. આ નવા વિજ્ઞાને તાર્કિક અને આદર્શવાદી જગતનો એક વાસ્તવિક સત્ય તરીકે સ્વીકાર કર્યો. જગતને માત્ર વિજ્ઞાન દ્વારા જ વ્યવસ્થિત રીતે સમજી શકાય છે. સાર્વત્રિક અને ગાણિતિક વિજ્ઞાનના વિકાસે અન્ય વિજ્ઞાન અને જ્ઞાનને સમજવા એક માળખું પૂરું પાડ્યું. આની સાથે યુરોપના વિચારોમાં મારક્યુસેની દૃષ્ટિએ પ્રત્યક્ષવાદના યુગની શરૂઆત થઈ. કોન્ટે આનો પ્રખર

પુરસ્કર્તા હતો. તેણે સમાજને જટિલ તથ્યો તરીકે નિહાળ્યો, જેનું સંચાલન સામાન્ય નિયમોથી થાય છે. સમાજની પ્રકૃતિ સાથે તુલના કરી તેને પદાર્થ તરીકે જોવા પ્રયાસ કર્યો. સામાજિક વિજ્ઞાનોનું ચણતર જીવશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર પર થયું. આથી એમ કહી શકાય કે પ્રત્યક્ષવાદનો હેતુ તટસ્થ, અનુભવજન્ય અને વ્યવસ્થિત જ્ઞાનની રચના કરવાનો છે. આ માટે નિરીક્ષણ અને પ્રયોગ મહત્ત્વના છે. પરંતુ આમ કરવા જતા હોર્ક હેમર અને એડોર્નોની દષ્ટિએ પ્રત્યક્ષવાદે સમાજના આલોચનાત્મક વિશ્લેષણનો હેતુ વિશિષ્ટ ઐતિહાસિક પરિસ્થિતિઓ જે વર્તમાનનું ઘડતર કરે છે તેને તપાસવાનો છે. આ સિદ્ધાંત સામાજિક જગતના પરિમાણોના સંશોધનમાં રસ ધરાવે છે.

## ૪.૮ સામાજિક ઉત્ક્રાંતિ અંગેના વિચાર

હેબરમાસે સામાજિક ઉત્ક્રાંતિની જે પ્રક્રિયા દર્શાવી એમાં તેમણે માર્ક્સના ઉત્ક્રાંતિના સિદ્ધાંતને નવેસરથી આકાર આપ્યો છે તેમજ આધુનિક સમાજના વિકાસ અને પરિવર્તન ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હેબરમાસ સમાજોને નીચેની શ્રેણીઓમાં વહેંચે છે.

(૧) <u>આદિમ સમાજો</u> – આદિમ સમાજોને માર્ક્સે દર્શાવેલા આદિમ સમાજો સાથે સરખાવી શકાય. માર્ક્સના મતે માનવ-ઈતિહાસમાં આવો સમાજ લાખો વર્ષ સુધી અસ્તિત્વ ધરાવતો હતો. આ સમાજમાં ઉત્પાદનનાં સાધનો પછાત કક્ષાના હતા. તેમાં ઉત્પાદનના સાધનોની માલિકી સામૂહિક સ્વરૂપની હતી. સામાજિક તફાવતો ન્યૂનતમ હતા. ખાનગી મિલકત ધરાવતા વર્ગનો અને મિલકતવિહીન વર્ગનો તેમાં અભાવ હતો અર્થાત આદિમ સમાજો એ વર્ગવિહીન સમાજો હતા.

(૨) <u>વર્ગ સમાજો</u> – વર્ગ સમાજોમાં પરંપરાગત અને આધુનિક સભ્યતાનો સમાવેશ થાય છે. પરંપરાગત સભ્યતામાં પ્રાચીન સમાજો અને સામંતશાહી સમાજોનો સમાવેશ થાય છે.

પ્રાચીન યુગનો સમાજ ગુલામો અને ગુલામોના માલિકો એવા બે વર્ગોમાં વહેંચાયેલો હતો. આ સમાજમાં આદિમ સમાજ કરતાં ઉત્પાદનના વિકસિત સાધનો હતા. ઉત્પાદનના સાધનોની માલિકી ખાનગી હતી. ગુલામ વર્ગ શ્રમ કરીને ઉત્પાદન કાર્ય કરતો અને બદલામાં તેને રોટી મળતી.

સામંતશાહી સમાજોમાં સામંતોનો વર્ગ અને અર્ધગુલામ કિસાનોનો વર્ગ એમ બે વર્ગો હતા. મધ્યયુગનો સમાજ આ પ્રકારનો હતો. ઉત્પાદનના સાધન તરીકે જમીન હતી અને જમીન ઉપર સામંતોનો માલિકી હક્ક હતો. અર્ધગુલામ કિસાનોને જમીન ઉપર કોઈ હક ન હતો. તેઓ જમીન ઉપર મજૂરી કરતા અને તેના બદલામાં તેમને ખાવા પૂરતું અનાજ મળતું.

આધુનિક સભ્યતામાં મૂડીવાદી સમાજો અને અનુ-મૂડીવાદી સમાજોનો સમાવેશ થાય છે. મૂડીવાદી સમાજના બે પેટા પ્રકાર દર્શાવ્યા છે : એક ઉદાર મૂડીવાદી સમાજો (Liberal Capitalist Societies) અને બીજા સંગઠિત મૂડીવાદી સમાજો (Organized Capitalist Societies).

આધુનિક ઉદારમતવાદી મૂડીવાદી સમાજોને તે ૧૯મી સદીની સભ્યતાના મૂડીવાદી સમાજ તરીકે વર્ણવે છે. જેનું વર્ણન માર્ક્સે પણ કર્યું છે. માર્ક્સના મતે ઔદ્યોગિક ક્રાંતિ પછી ઉત્પાદનની ઔદ્યોગિક મૂડીવાદી પ્રથાનો વિકાસ થતાં ઉત્પાદનના સાધનોની માલિકી ધરાવતો મૂડીપતિ વર્ગ અને મૂડીવિહીન મજૂરવર્ગ એવા બે વર્ગોના પાયા ઉપર સમાજ વ્યવસ્થા વિકસી. આ પ્રકારની વર્ગપ્રથામાં મજૂર પોતાના શ્રમકાર્ય દ્વારા માત્ર રોજી મેળવે છે. ઉત્પાદનથી થતા નફામાં તેને કોઈ હિસ્સો મળતો નથી.

હેબરમાસ પશ્ચિમી સમાજોને સંગઠિત મૂડીવાદી સમાજના દૃષ્ટાંત તરીકે દર્શાવે છે. તથા રાજકીય સમાજવાદી સમાજોને તે અનુમૂડીવાદી વર્ગ સમાજો તરીકે વર્ગીકૃત કરે છે. ઉત્ક્રાંતિના

વર્તમાન તબક્કા તરીકે તેમણે અનુઆધુનિક વર્ગ સમાજો દર્શાવ્યા છે અને તે છેલ્લી સદીના એટલે કે વીસમી સદીના વર્ગસમાજો છે.

હેબરમાસે આપેલું સામાજિક ઉત્ક્રાંતિનું ચિત્ર માર્ક્સના ઉત્ક્રાંતિના ચિત્ર સાથે સામ્ય ધરાવે છે. તે પણ માર્ક્સની જેમ સામાજિક ઉત્ક્રાંતિને જે તે સામાજિક વ્યવસ્થામાં રહેલા આંતરિક વિરોધાભાસના પરિણામ તરીકે જુએ છે.

હેબરમાસ લોકોના વિચારો અને સમાનતાની ભૂમિકા ઉપર ભાર મૂકે છે. અંતર્નિહિત રચનાતંત્રીય પરિવર્તનો અને વિરોધાભાસો પોતે જ મૂલ્યો અને ધોરણોના ભંગાણમાં પ્રગટ થાય છે અને જૂની વ્યવસ્થા વિઘટિત થાય છે. કારણકે આવા પરિવર્તનો લોકોના અસ્તિત્વ અને એકતા માટે પડકારરૂપ બને છે.

હેબરમાસના મતે ઉદારમતવાદી મૂડીવાદનું વિશિષ્ટ લક્ષણ એ છે કે તે વર્ગસંબંધોને રાજકારણથી અલગ પાડે છે. ઉદારમતવાદની પહેલા નાના જૂથ દ્વારા રાજ્યનું નિયંત્રણ કેન્દ્રવર્તી મહત્ત્વ ધરાવતું હતું. જ્યારે ઉદારમતવાદી મૂડીવાદ નીચે સ્વનિયંત્રિત વેપાર વાણિજ્ય શરૂ થયો અને રાજ્યની ભૂમિકા માત્ર મૂડીવાદી ઉત્પાદનની સામાન્ય પરિસ્થિતિની જાળવણી કરવી અને દીવાની કાયદા રચી તેનું પાલન કરાવવા પૂરતી સીમિત બની.

હેબરમાસ માને છે કે કપોળ કલ્પનામાંથી ધર્મ દ્વારા તત્ત્વજ્ઞાન અને વિચારસરણીનો વિકાસ થયો એ ખૂબ જ અગત્યની બાબત છે.

ઉદારમતવાદી મૂડીવાદમાંથી સંગઠિત મૂડીવાદી સંક્રાંતિ નીચેના બે પરિવર્તનો સૂચવે છે :

(૧) પ્રચંડ બહુવિધ ઉત્પાદન કરતી પેઢીઓનો ઉદ્‌ભવ થયો અને સ્પર્ધાત્મક મૂડીવાદનો અસ્ત થયો.

(૨) બજારમાં વધુને વધુ હસ્તક્ષેપ કરતી સંસ્થા તરીકે રાજ્યનો પુનઃઉદ્‌ભવ થયો.

રાજ્ય આર્થિક ચક્રનું નિયમન કરવા અને વિકાસ તથા રોજગારી જાળવવા પ્રયાસ કરે છે. રાજ્ય શિક્ષણ અને સંશોધન પાછળ ખર્ચ કરે છે, રસ્તા અને સુવિધાનું નિર્માણ કરે છે તેમજ ખાનગી ઉત્પાદનમાંથી પરિણમતા સામાજિક અને ભૌતિક ખર્ચમાં બેરોજગારી ભથ્થું, કલ્યાણ પ્રવૃત્તિઓ દ્વારા ઘટાડો કરે છે. આમ છતાં નફાનો હેતુ અને અતિરિક્ત મૂલ્ય વ્યક્તિગત રીતે તો ચાલુ જ રહે છે.

પરિવર્તનની આ પ્રક્રિયામાં આખરે સિદ્ધિની વિચારસરણી પણ અદૃશ્ય થતી જાય છે. કલ્યાણ રાજ્ય સખત પરિશ્રમને ઓછો મહત્ત્વનો બનાવે છે અને આધુનિક અર્થવ્યવસ્થામાં વ્યક્તિગત પ્રયત્ન માટે લોકોને બદલો આપવો તે તેમજ વ્યક્તિગત જવાબદારી નક્કી કરવી તે વધુને વધુ મુશ્કેલ બને છે.

### ૪.૯ ફ્રેંકફર્ટ વિચારશાખાનું મૂલ્યાંકન

ફ્રેંકફર્ટ વિચારશાખાના વિચારો અસ્પષ્ટ રહ્યા હોવાથી તે વ્યવસ્થિત સિદ્ધાંતરૂપે વ્યક્ત થતા નથી. અરણ્યમાં માત્ર તે ચીસ પાડી રહ્યા છે. કેટલાંક ટીકાકારો તેને માર્ક્સવાદી દ્વન્દ્વાત્મક ધર્મશાસ્ત્ર (Marxist dialectical theology) તરીકે ઓળખાવે છે. તેમ છતાં તેના સમર્થકોને જે સામાજિક વાસ્તવિકતાનો સામનો કરવો પડ્યો તેનો પડઘો બહુ જ સ્પષ્ટપણે વ્યક્ત કર્યો છે. ઝોલટાન ટારે (Zoltan Tar) ૧૯૭૭માં હોર્કહેમર અને એડોર્નોના પ્રદાનનું મૂલ્યાંકન કરતા જણાવ્યું કે 'આલોચનાત્મક સિદ્ધાંત જૂના મધ્ય યુરોપના બૂર્ઝવા સમાજના વિઘટનનો એક દસ્તાવેજ છે, એટલે કે તે કેટલાક સામાજિક ઐતિહાસિક અને સામાજિક સમૂહોની સ્થિતિ, ખાસ કરીને સિમાન્ત બૂર્ઝવા યહૂદી બુદ્ધિજીવીઓને અભિવ્યક્ત કરે છે.' ટાર માત્ર એટલું જ તારણ કાઢે છે કે આ સિદ્ધાંત 'માર્ક્સવાદ' અથવા 'વૈજ્ઞાનિક સમાજશાસ્ત્ર' નથી, પરંતુ તે અસ્તિત્વવાદી દર્શનશાસ્ત્રનું બીજુ રૂપ છે.

એન્ડરસન અને થરબોર્નના મત મુજબ અલોચનાત્મક સિદ્ધાંત સમાજની સંઘર્ષ અને તાણના પ્રવાહને વ્યવસ્થિત રીતે સમજાવવામાં નિષ્ફળ નીવડયો છે. ઊલટાનું તેમણે મૂડીવાદની સંબદ્ધતા પર વધુ ભાર મૂક્યો છે. તેઓ આર્થિક વ્યવસ્થા અને રાજકારણ વચ્ચેના સંબંધોનો યોગ્ય સિદ્ધાંત વિકસાવવામાં પાછળ રહ્યા છે. તેમના મૂડીવાદી સમાજની વિકાસની વિભાવના, ફાસીવાદ અને નાઝીવાદના અનુભવોથી પ્રભાવિત થઈ છે. વર્ગ અને વર્ગ સંઘર્ષ જેવા ખ્યાલો તેમના સિદ્ધાંતમાં પાછળથી આવ્યા લાગે છે. ૧૯૩૦ બાદ હોર્કહેમર, એડોર્નો અને માર્ક્યુસે રાજ્ય, પ્રશાસનતંત્ર અને અર્થવ્યવસ્થા વચ્ચેના સંબંધો સૂમેળભર્યા છે તેવું જણાવ્યું તે વધુ પડતું લાગે છે. તેમના મોટાભાગના તારણો પૂર્વ નાઝીવાદ આધારિત હતા, પરંતુ નાઝીવાદી જર્મનીના સમયની અર્થવ્યવસ્થામાં રાજકારણનો સતત હસ્તક્ષેપ રહેતો હતો. નાઝી રાજકારણમાં સત્તા અને કોટિક્રમમાં સતત વિઘટન જોવા મળતું અને પરિણામે રાજ્ય વર્ગ અને વર્ગ સંઘર્ષની પ્રવૃત્તિનું કેન્દ્ર બની જાય છે.

ફ્રેંકફર્ટ વિચારશાખાના સમર્થકો સિદ્ધાંત અને તેના વ્યવહારુ ઉપયોગને મૂર્તિમાન કરવામાં નિષ્ફળ ગયા. માર્ક્સની માફક તેમની પાસે કોઈ કેન્દ્રવર્તિ ક્રાંતિકારી એજંટ નથી. પ્રવર્તમાન ક્રાંતિકારી સિદ્ધાંત બિનક્રાંતિકારી છે. શા માટે પશ્ચિમના દેશોમાં માર્ક્સે કલ્પેલ ક્રાંતિ શક્ય બની નહિં તે સવાલ પરત્વે તેઓ ગંભીર હતા. પરંતુ તેઓ યોગ્ય ઉકેલ આપી શક્યા નહિ. તેમની માન્યતા મુજબ પ્રવર્તમાન સમાજ વ્યવસ્થાને તોડી પરિવર્તન લાવી શકાય છે. આ માન્યતાને લીધે તેઓએ સમાજને સ્થિરતા બક્ષતા સત્તાના પરિબળો પર વધુ ધ્યાન આપ્યું. આમ કરવા જતા તેમણે સમાજની એક વ્યવસ્થા તરીકે વિરોધને સમાવી લેવાની શક્તિ પર વિશેષ ભાર મૂક્યો. કામદાર વર્ગના રાજકારણ સાથે સામેલ થયા વિના તેઓએ વિદ્યાપીઠના વાતાવરણના સંદર્ભમાં આલોચનાત્મક સિદ્ધાંતનો વિકાસ કર્યો. ઉપરાંત માર્ક્સની માફક તત્ત્વજ્ઞાનથી અર્થશાસ્ત્ર અને રાજકારણ તરફ વળવાને બદલે તેઓ માત્ર અમૂર્ત સવાલોમાં

રચ્યાપચ્યા રહ્યા. આમ તેમનો સિદ્ધાંત માર્ક્સવાદી નથી કે ક્રાંતિકારી પણ નથી. ઉપરાંત માર્ક્સવાદી વિચારસરણીના કેટલાંક તત્ત્વો જેવા કે ઐતિહાસિક અને દ્વન્દ્વવાદી ભૌતિકવાદ, સર્વોચ્ચ માળખું, આર્થિક નિયતીવાદ, મૂડીવાદની ટીકા અને વર્ગસંઘર્ષ તેના પ્રભાવી તત્ત્વો બન્યા નથી. જ્યારે પણ આ તત્ત્વોનો ઉપયોગ કરવામાં આવ્યો છે ત્યારે બહુ સામાન્ય અને રૂપાંતરના સ્વરૂપે ઉપયોગ કરવામાં આવ્યો છે. તેઓ તેમના સિદ્ધાંતને જર્મનીના વર્ગ-સંઘર્ષ સાથે સાંકળવામાં નિષ્ફળ ગયા છે. તેમના કાર્યમાં આર્થિક વાસ્તવિકતાનો અભાવ વર્તાય છે.

એડોર્નો અને હોર્કહેમરનો અભ્યાસ 'Authoritarian Personality' મુખ્યત્વે સિદ્ધાંત, પદ્ધતિ અને રાજકીય સમાપનમાં બૂર્ઝવા સામાજિક મનોવિજ્ઞાન સાથેની શરણાગતિ છે. ઉપરાંત તેઓએ સૌન્દર્યશાસ્ત્ર અને સંસ્કૃતિના ઔદ્યોગિક સ્વરૂપ ઉપર વધારે ભાર મૂકી વ્યક્તિના સામાજિક અને રાજકીય જીવનને નિયત કરતા પરિબળો પર ઓછું લક્ષ્ય આપ્યું છે. હોર્કહેમરની દૃષ્ટિએ આધુનિક વાણિજ્યકરણ રૂપી કલાના વિકાસે તર્કનું વિચ્છેદન કરી નાંખ્યુ છે. કલાનું સાંસ્કૃતિક વસ્તુઓમાં રૂપાંતર કરી નાંખ્યું છે અને તેના ઉપભોગને અસ્તવ્યસ્ત લાગણીઓમાં છિન્નભિન્ન કરી તેને માનવીની સાચી ઈચ્છાઓ અને અપેક્ષાઓથી અલગ કરી નાંખી છે. તેઓએ માની લીધું કે ઉદ્યોગરૂપી સંસ્કૃતિ સમાજના પ્રત્યેક વર્ગને સમાન રીતે અસર કરે છે. પરંતુ સાંસ્કૃતિક માધ્યમો અનેક જટિલ પરિબળો દ્વારા કાર્ય કરે છે અને તેની અસરો પડોશ જૂથ, મિત્ર વર્તુળ, વ્યવસાયિક અને ધંધાદારી સમૂહો, કુટુંબ અને અન્ય સામાજિક સંસ્થાઓ દ્વારા જાણી અને સમજી શકાય છે. ઉદ્યોગરૂપી સંસ્કૃતિ અને તેના ઉપભોગતાની ખરેખર અસરો પ્રત્યેના પ્રતિભાવો હજી વણખેડાયેલા છે. સમૂહ સંસ્કૃતિનો વિકાસ અસમાન રહ્યો છે. આથી કલા, સાહિત્ય અને સંગીતનું ઐતિહાસિક વિશ્લેષણ અનિવાર્ય બને છે. પરંતુ અહીં તેની ઉણપ વર્તાય છે. એડોર્નો લોકભોગ્ય સંગીત પ્રત્યેના શક્ય પ્રતિભાવો સ્પષ્ટ કરવામાં નિષ્ફળ ગયો છે. ખરેખર જોઈએ તો આ સંસ્કૃતિની વ્યક્તિના વિચારો અને ક્રિયા પર શું અસર

પડે છે તે વધુ સંશોધન અને વિશ્લેષણ માંગી લે છે. તેમના ઐતિહાસિક ભૌતિકવાદી સૌન્દર્યશાસ્ત્રના વિશ્લેષણમાં વ્યવહારું વર્ગના દષ્ટિબિંદુની ઉણપ વર્તાય છે.

જેમ સમાજ વ્યવસ્થિત નથી તેમ આલોચનાત્મક સિદ્ધાંત પણ વ્યવસ્થિત નથી. ખરેખર જોઈએ તો આલોચનાત્મક સિદ્ધાંત એક નથી પરંતુ અનેક છે. દા.ત. હોર્કહેમરનો સિદ્ધાંત, એડોર્નોનો સિદ્ધાંત અને હેબરમાસનો સિદ્ધાંત તેના ૫૦ વર્ષના ઈતિહાસમાં તેઓ અનુભવજન્ય સંશોધનથી અળગા રહ્યા. પોતાના સિદ્ધાંત રચનામાં પ્રયોગ અને આંકડાશાસ્ત્રનો અસ્વીકાર કર્યો. કાર્લ પોપરના શબ્દોમાં તેઓ, "મામુલી બાબતોને ભારેખમ ભાષા દ્વારા અભિવ્યક્ત કરે છે." તેઓએ ઈતિહાસ અને ઐતિહાસિક સંશોધનના મહત્ત્વ પર ભાર મૂક્યો પરંતુ તેમના કાર્યમાં સામાજિક સ્વરૂપોનું સર્જન, સાતત્ય અને પરિવર્તન કેવી રીતે થાય છે તે અંગે ઐતિહાસિક છણાવટનો અભાવ વર્તાય છે. તેઓ માત્ર તત્ત્વજ્ઞાનમાં જ રચ્યાપચ્યા રહ્યા.

### ૪.૧૦ સારાંશ

ફ્રેંકફર્ટ વિચારશાખા ફાસીવાદ અને નાઝીવાદ જેવા ઐતિહાસિક પૃષ્ઠ ભૂમિની નીપજ છે. તેણે સમકાલીન સંસ્કૃતિ, એકહથ્થુ સત્તાવાદ અને અમલદારશાહીની સમીક્ષા કરી, તેના દ્વારા તેનો હેતુ સ્વતંત્ર વિચાર અને મુક્તતા માટે સંઘર્ષને પ્રોત્સાહિત કરવાનો છે. આથી તેમણે ઉત્પાદન, કુટુંબ, પર્યાવરણ અને જીવનના અન્ય ક્ષેત્રો પર આધિપત્યની શું અસર પડે છે તે તપાસવા ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમણે વિચારસરણીની સમીક્ષા સાથે સાંસ્કૃતિક, રાજકીય અને આર્થિક પાસાંને આંતરજ્ઞાનશાખીય સંશોધન હેઠળ ગ્રહણ કરવાનો પ્રયાસ કર્યો. સમાજના વિરોધના વિશ્લેષણને વ્યક્તિના માનસની અંદર તપાસવા પ્રયત્ન કર્યો. આથી હોર્કહેમર, એડોર્નો, મારક્યુસ અને હેબરમાસે જણાવ્યું કે મુક્તિની પ્રક્રિયા આત્મ મુક્તિના સંઘર્ષથી અલગ નથી. તેનો હકારાત્મક ફાળો હજી અસ્પષ્ટ રહ્યો છે. છતાં માનવ સમાજની યાતનાઓ અને અન્યાયો માટે તે ગંભીર છે. તે સમાજમાં જોવા મળતા વિવિધ પ્રકારના આધિપત્યના સ્વરૂપોને

દૂર કરી માનવીને મુક્ત કરવા પ્રયાસ કરે છે. તેની સંશોધન પદ્ધતિ પરંપરાગત સમાજશાસ્ત્રથી ભિન્ન છે. તે અંતર્ગત ટીકા અને અર્થઘટનશાસ્ત્ર પર વિશેષ ભાર મૂકે છે.

## ૪.૧૧ તમારી પ્રગતિ ચકાસો

### ૪.૧૧.૧ મોટા પ્રશ્નો

પ્રશ્ન-૧ ફ્રેંકફર્ટ વિચારશાખાની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

પ્રશ્ન-૨ ફ્રેંકફર્ટ વિચારશાખાના વ્યક્તિમત્તા અને સામાજિક રચનાતંત્ર, સામૂહિક સંસ્કૃતિ અંગેના વિચારો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

પ્રશ્ન-૩ હેબરમાસના સામાજિક ઉત્ક્રાંતિ અંગેના વિચારો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................................

..........................................................................................

**૪.૧૧.૨ ટૂંકા પ્રશ્નો**

૧. ધી ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ રીસર્ચ

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૨. ફ્રેંકફર્ટ વિચારશાખાનું મૂલ્યાંકન

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૩. ફ્રેંકફર્ટ વિચારશાખાનું હાર્દ

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**૪.૧૧.૩ આપેલ વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો**

૧. ફ્રેંકફર્ટ વિચારશાખાનો સિદ્ધાંત આલોચનાત્મક (ટીકાત્મક) સિદ્ધાંત છે.

૨. ફ્રેંકફર્ટ વિચારશાખાને કેટલાક ટીકાકારો નવ-રોમાંચકારીવાદ તરીકે પણ ઓળખાવે છે.

૩. ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ રીસર્ચની સ્થાપના ૧૯૨૪ માં થઈ હતી.

૪. ફ્રેંકફર્ટ વિચારશાખાના પાયામાં કાર્લ માર્ક્સ, જોર્જ લૂકાચ અને કાર્લ કોર્શના વિચારોની પ્રખર અસર જોવા મળે છે.

૫.	ફ્રેંકફર્ટ સ્કૂલના આગળ પડતા સિદ્ધાંતશાસ્ત્રી કાર્લ માર્ક્સ હતા.

૬.	ફ્રેંકફર્ટ સિદ્ધાંત અસ્તિત્વાવીદ દર્શનશાસ્ત્રનું બીજુ રૂપ છે.

## ૪.૧૧.૪ કેટલાક ઉપયોગી પુસ્તકો


1. Fromm, Erich (1941) : Escape from Freedom, New York, Farrer and Rinchart.
2. Marcuse, Herbert (1941) : Reason and Revolution : Hegal and the Rise of Social Theory, New York, Oxford University Press.
3. Marcuse, Herbert (1955) : Eros and Civilization : A Philosophical Inquiry into Freud, Boston, Boston Press.
4. Marcuase, Herbert (1964) : One Dimensional Men, Boston, Beacon Press.
5. Marcuse, Herbert (1964) : Soviet Marxism : A Critical Analysis, Boston, Beacon Press.
6. Marcase, Herbert (1968) : Negation : Essays in Critical Theory, Noston, Beacon Press.
7. Habermus, Jurgen (ed) (1968) : Antworten auf Herber Marcuse, Frankfurt, Suhrkamp.
8. Marcuse, Herbert (1969) : An Essay on Liberation, Boston Beacon Press.
9. Marcuse, Herbert (1972) : Counterrevolution and Revolt, Boston, Beacon Press.
10. Adorno, Theodor W. and Horkheimer, Max, (1972) : Dialectic of Enlightenment, trans. by John camming, New York, Herder & Herder.
11. Adorno, Theodor W. (1973) : Negative Dialectics, trans. by E.B. Ash on, New York, Seabury Press.

12. Marcuse, Herbert (1973) : Studies in Critical Philosophy, trans. Joris de Bres, Boston, Beacon Press.

13. Marcuse Herbert (1978) : The Aesthetic Dimension : Towards a Critique of Marxist Aesthetics, Boston, Beacon Press.

14. પરમાર, વાય. એ. (૨૦૦૨) : સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

15. પરમાર, વાય. એ. (૨૦૧૩) : વીસમી સદીના ડાબેરી ચિંતકો, ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત.

યુનિવર્સિટી ગીત
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**MSO-05**

# સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો ભાગ-2

વિભાગ

# 1

## સમાજશાસ્ત્રીય વિચારધારા


એકમ-**1**
જ્ઞાનનું સમાજશાસ્ત્ર **5**

એકમ-**2**
એથ્નોમેથોડોલોજી **45**

# એકમ 1 જ્ઞાનનું સમાજશાસ્ત્ર

સમાજશાસ્ત્ર સામાજિક આંતરક્રિયાઓ તથા સામાજિક સંબંધોનો અભ્યાસ કરનારું વિજ્ઞાન છે. સમાજ અને સમાજ સાથે સંબંધિત સામાજિક સમસ્યાઓનો અભ્યાસ સમાજશાસ્ત્ર વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી કરે છે. આનો અર્થ એ થયો કે સમાજશાસ્ત્રનો અભ્યાસ કરવાથી વ્યક્તિને સમાજ, સામાજિક જીવન અને સામાજિક જીવનમાં જોવા મળતી સમસ્યાઓ અંગેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. સમાજ અંગેનું આવું સામાન્ય જ્ઞાન વ્યક્તિને જુદી જુદી સામાજિક પરિસ્થિતિમાં અનુકૂલન સાધવામાં માર્ગદર્શક બને છે. જુદા જુદા સમાજોના અભ્યાસો દ્વારા સમાજશાસ્ત્ર પોતાના જ્ઞાનમાં ઉત્તરોત્તર વધારો કરી રહ્યું છે. વર્તમાન સમયમાં સમાજલક્ષી મનોવિજ્ઞાનના પ્રભાવ હેઠળ સમાજશાસ્ત્ર માત્ર સામાજિક આંતરક્રિયાઓ તથા આંતરસંબંધોનો અભ્યાસ જ નથી કરતું પરંતુ આંતરક્રિયાઓ અને આંતરસંબંધોનો વિચાર, આચરણ અને વ્યવહાર પર કેવો પ્રભાવ પડે છે તેનું વિશ્લેષણ અને નિરૂપણ પણ કરે છે.

આ વસુંધરા પર જોવા મળતા બધા જ પ્રાણીઓમાં માનવી એક વિશિષ્ટ પ્રાણી છે. તે પોતાની આસપાસ બનતી ઘટનાઓ માટે તથા સમગ્ર માનવજાતિ માટે હંમેશા ચિંતન કરતો રહ્યો છે. ગ્રીક વિદ્વાનોએ માનવી અને સમાજની પ્રકૃતિ અંગે ખૂબ જ ચિંતન કર્યું છે. માનવીની મૂળભૂત પ્રકૃતિ કઈ છે ? તે સારો છે કે ખરાબ ? તે સ્વાર્થી છે કે પરમાર્થી ? તેનામાં જે કંઈ ગુણ-અવગુણ જોવા મળે છે તે જન્મજાત છે કે પછી સામાજિક પર્યાવરણનું પરિણામ છે ? વગેરે બધી જ બાબતોને લગતું ચિંતન આ ગ્રીક વિદ્વાનોના વિચારોમાં કેન્દ્ર સ્થાને રહેલું જોવા મળે છે. ધર્મશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, પ્રાકૃતિક વિજ્ઞાનો તથા સામાજિક વિજ્ઞાનોએ પોતપોતાના દૃષ્ટિબિંદુથી માનવીને સમજવાનો પ્રયાસ કર્યો છે. ધાર્મિક દૃષ્ટિએ વ્યક્તિ અને ઈશ્વરના સંબંધો પર વિચાર કરવામાં આવતો હતો. ધાર્મિક મનુષ્યનું અંતિમ ધ્યેય ધર્મના મૂલ્યો મુજબ આચરણ કરીને મોક્ષ પ્રાપ્ત કરવાનું હતું. વિશ્વના દરેક ધર્મોમાં ઈશ્વરને પામવાના માર્ગો તથા સાધનો જુદા જુદા છે પરંતુ તેનું અંતિમ ધ્યેય તો મોક્ષ પ્રાપ્તિનું જ રહ્યું છે.

દાર્શનિક દૃષ્ટિબિંદુ મુજબ માનવી અન્ય પ્રાણીઓ કરતા ઉત્તમ એટલા માટે છે કે તેની પાસે તર્ક શક્તિ છે. તર્કના આધારે તે કોઈપણ વસ્તુના સારાં કે ખરાબ પાસાં અંગે વિચારી શકે છે તથા સમાજને સંગઠિત કરી શકે છે. તત્ત્વજ્ઞાનમાં નૈતિકતાને પણ મહત્વ આપવામાં આવ્યું છે. અહીં નૈતિકતાનો વિચાર સમય, સ્થાન અને સમાજના સાપેક્ષમાં કરવામાં આવ્યો છે. આમ છતાં કેટલાક સાર્વજનિક નૈતિક મૂલ્યોના પાલનની અપેક્ષા માનવી પાસે રાખવામાં આવે છે.

પ્રાકૃતિક વિજ્ઞાનીઓ માનવીને કંઈક જુદી જ રીતે જૂએ છે. પ્રાકૃતિક વિજ્ઞાનીઓ માટે માનવીની શારીરિક રચના મહત્વની છે અને આ રચનાને કેન્દ્રમાં રાખીને તેઓ માનવીનો અભ્યાસ કરે છે.

જુદા જુદા વિજ્ઞાનોની જેમ સમાજવિજ્ઞાનીઓ પણ પોતાના આગવા દૃષ્ટિબિંદુથી માનવીને સમજવાનો પ્રયાસ કરે છે. મનોવિજ્ઞાન માનવીની મૂળભૂત અભિવૃત્તિઓ, પ્રેરણાઓ, પ્રત્યક્ષીકરણ, અનુભૂતિ, મનોવૃત્તિઓ વગેરેનો અભ્યાસ કરે છે.

જ્યારે અર્થશાસ્ત્ર માનવીને એક આર્થિક પ્રાણીના રૂપમાં જૂએ છે. ઉત્પાદન, ઉપભોગ, વિનિમય અને વિતરણની વ્યવસ્થામાં વ્યક્તિની ભૂમિકાનું નિરીક્ષણ અને અધ્યયન એ અર્થશાસ્ત્રનું વિષયવસ્તુ છે. અર્થશાસ્ત્ર માનવજીવનમાં આર્થિક પાસાંને કેન્દ્રમાં રાખે છે. રાજ્યશાસ્ત્ર માનવીનો અભ્યાસ રાજ્ય, સત્તા, શક્તિ વગેરેના આધારે કરે છે. જ્યારે ઈતિહાસ વ્યક્તિને ભૂતકાળની ઉપજ માનીને તેની સામાજિક ઉત્ક્રાંતિ, તેનું

માનવીની વિચાર કરવાની રીતો વ્યક્તિગત, સામૂહિક, રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય એમ કોઈપણ પ્રકારની હોઈ શકે. જ્ઞાનનું સમાજશાસ્ત્ર માનવીની સામાજિક વિચાર પ્રક્રિયામાં વૈયક્તિક અથવા સામૂહિક આંતરસંબંધોનો અભ્યાસ અને પ્રતિપાદન કરનારું વિજ્ઞાન છે. તે પ્રત્યક્ષ અથવા પરોક્ષ એમ બંને પ્રભાવો પર એકસાથે જ વિચારે છે. આમ માનવ ચિંતન, બોધ અને જ્ઞાન તેનું વિષયવસ્તુ છે.

જ્ઞાનના સમાજશાસ્ત્રનો ઉદ્ભવ 19મી સદીમાં યુરોપમાં ખાસ કરીને જર્મની અને ફ્રાંસમાં એક વિજ્ઞાનના રૂપમાં થયો. સૌપ્રથમ બેકને જ્ઞાનના સમાજશાસ્ત્રની વાત રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે માનવી પર માત્ર જન્મજાત કે પ્રાકૃતિક પરિબળોનો જ પ્રભાવ નથી પડતો, પરંતુ તેની સાથે સાથે સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોનો પણ વ્યક્તિના જીવન પર પ્રભાવ પડે છે. પીટર એલ. બર્જર અને થોમસ લૂકમેને એબ્સર્ડ સમાજશાસ્ત્રની માફક જ્ઞાનના સમાજશાસ્ત્રને વિકસાવ્યું. ઈ. સ. 1930માં કાર્લ મેનહાઈમે જ્ઞાનના સમાજશાસ્ત્રનો ખ્યાલ લોકપ્રિય કર્યો. આમ છતાં જ્ઞાનના સમાજશાસ્ત્રની વિભાવનાઓ, ખ્યાલો, સંશોધન પદ્ધતિઓ, સમસ્યાઓ વગેરે વિશે સમાજશાસ્ત્રીઓમાં સર્વાનુમતિ પ્રવર્તતી નથી. જ્ઞાનના સમાજશાસ્ત્રને, સમાજશાસ્ત્રની જ એક શાખા તરીકે વિકસાવવામાં આ સંદર્ભમાં જુદા જુદા સમાજશાસ્ત્રીઓના તેને લગતા વિચારો એ મહત્ત્વનું પાસું બની જાય છે.

**જ્ઞાનના સમાજશાસ્ત્રની પરિભાષા :**

જ્ઞાનના સમાજશાસ્ત્રની પરિભાષા સમજતા પહેલાં 'જ્ઞાન' એટલે શું તે જાણવું જરૂરી બની જાય છે.

ગુજરાતી વિશ્વકોશમાં જ્ઞાન એટલે ચક્ષુ, કર્ણ, નાસિકા, જીભ અને ત્વચા એ પાંચ ઈન્દ્રિયો અને મન વડે પ્રાણીમાત્રને થતો જગતના પદાર્થોનો બોધ. સંસ્કૃત 'જ્ઞા' ધાતુ પરથી બનેલો'જ્ઞાન' શબ્દ 'જાણવું' એવો અર્થ ધરાવે છે.

ગુજરાતી વિશ્વકોશ જ્ઞાનના સંદર્ભમાં વધુમાં જણાવે છે કે, સંવેદના, જ્ઞાન અને ચિંતનમાં જ્ઞાનેન્દ્રિયો ઉપરાંત બુદ્ધિ અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. માનવી બુદ્ધિનો ઉપયોગ ભૌતિક તેમજ આધ્યાત્મિક સ્તરે કરતો હોય છે. કુતૂહલ અને જિજ્ઞાસા વૈજ્ઞાનિક તેમજ વૈચારિક જ્ઞાનવૃદ્ધિનું નિમિત્ત બને છે. જ્ઞાન પિપાસાના ફળસ્વરૂપે વૈજ્ઞાનિક શોધોનો ઉપયોગ માનવીએ વિકાસ અને વિનાશ માટે કરેલો છે તે સુવિદિત છે.

સૃષ્ટિના ઉત્ક્રાંતિક્રમમાં પ્રગટ થયેલ માનવીને 'આ બધું શું છે ?' 'આનો સર્જક કોણ છે ?' અને 'હું કોણ છું ?' એ પ્રશ્નો સતત મૂંઝવ્યા કરતા હતા. તેના જવાબરૂપે લાંબા મંથન અને મથામણ બાદ તેને પ્રાપ્ત થયેલું જ્ઞાન તે અનુક્રમે વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને આત્મજ્ઞાન છે.

અમરકોશમાં બુદ્ધિના જ્ઞાન અને વિજ્ઞાન એવા બે પ્રકારો ગણાવ્યા છે. મોક્ષ એટલે આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટેની બુદ્ધિ એ જ્ઞાન અને શાસ્ત્ર તથા શિલ્પકળા વગેરેને લગતા વ્યવહારની બુદ્ધિ તે વિજ્ઞાન.

સાર્થ ગુજરાતી જોડણી કોશમાં જ્ઞાન શબ્દનો અર્થ 'જાણવું', 'જાણ', 'ખબર', 'માહિતી', 'ભાન', 'પ્રતીતિ', 'સમજ' કે 'સમજવા જેવી વસ્તુ' એવો કરવામાં આવ્યો છે.

જ્ઞાન શબ્દનો અર્થ જે તે વિષય વિશેની માત્ર માહિતી પ્રાપ્ત કરવી એવો કરી શકાય નહીં. જ્ઞાન પ્રાપ્તિ માટે માહિતી મહત્ત્વની છે તેમ છતાં માહિતી અને જ્ઞાન એ બંનેનો

સર્વશ્રેષ્ઠ સ્થાન અપાવવા માટે પૂરતી છે.

જ્ઞાનનું સમાજશાસ્ત્ર સમાજશાસ્ત્રની જ એક શાખા છે કે જે સામાજિક માનવીની વિચાર પ્રક્રિયા પર અન્ય વ્યક્તિઓ, સમૂહો અથવા સમાજ સાથે માનવીની આંતરક્રિયાને પરિણામે તેના પર પડતા પ્રત્યક્ષ અથવા પરોક્ષ પ્રભાવો તથા આંતરસંબંધોના અભ્યાસનું નિરૂપણ કરે છે.

આમ, જ્ઞાનના સમાજશાસ્ત્રનું મુખ્ય અભ્યાસવસ્તુ સામાજિક માનવીનો 'વિચાર' છે. વાસ્તવમાં વિચાર શબ્દ જ અત્યંત વિશાળ છે અને તેની અંતર્ગત માનવીનું સંપૂર્ણ બૌદ્ધિક જીવન આવી જાય છે. વ્યક્તિની બૌદ્ધિક ક્ષમતા પ્રમાણે તેના મનમાં વિચારો ઉદ્ભવે છે અને એ વિચારોના આધારે જ તેને 'બોધ' અથવા 'જ્ઞાન' પ્રાપ્ત થાય છે. પરંતુ વ્યક્તિ જે વિચારો પ્રસ્તુત કરી રહ્યો છે એ માત્ર તેના મનની જ નીપજ છે એમ માનવું ભૂલભરેલું છે. અર્થાત્ દરેક વિચાર પછી તે કોઈ પણ પ્રકારનો હોય પરંતુ તેનો માત્ર જૈવિક આધાર જ નહીં પરંતુ સામાજિક અથવા તો સામૂહિક આધાર પણ હોય છે. વ્યક્તિ સામાજિક પ્રાણી એટલા માટે છે કે તેને પોતાના સામાજિક, શારીરિક, બૌદ્ધિક તથા સાંસ્કૃતિક અસ્તિત્વને ટકાવી રાખવા માટે સમાજ પર નિર્ભર રહેવું પડે છે. આ રીતે વ્યક્તિના જીવનના વિવિધ પાસાંઓ પર સમાજનો સ્પષ્ટ પ્રભાવ પડે છે. વ્યક્તિએ પોતાના સામાજિક, શારીરિક, બૌદ્ધિક અને સાંસ્કૃતિક જીવનને ટકાવી રાખવા માટે અર્થાત્ જીવનના વિવિધ પાસાંઓ સાથે સંબંધિત આવશ્યક્તાઓને સંતોષવા માટે આજુબાજુની અનેક વ્યક્તિઓ તથા સમૂહો સાથે આંતરક્રિયા કરવી પડે છે. અન્ય વ્યક્તિઓ અથવા સમૂહો સાથેની આંતરક્રિયા દરમ્યાન માત્ર વ્યક્તિની આવશ્યક્તાઓની જ પરિપૂર્તિ નથી થતી પરંતુ વ્યક્તિના વિચારો પર પણ અન્ય વ્યક્તિઓ તથા સમૂહોના વિચારોનો પ્રભાવ સતત પડતો રહે છે. આનો અર્થ એવો નથી કે વ્યક્તિ જે કંઈ વિચારે છે એ બધું જ બીજાની દૃષ્ટિથી જ વિચારે છે અને તેના પોતાના વિચારો એ માત્ર નિષ્ક્રિય આધાર માત્ર છે. પરંતુ તેનું તાત્પર્ય એ છે કે વ્યક્તિના વિચારો પોતાના મનની નીપજ હોવા છતાં તેના પર સામાજિક-સાંસ્કૃતિક-ઐતિહાસિક અવસ્થાઓ અને શક્તિઓનો પણ પ્રભાવ હોય છે. વ્યક્તિના વિચારો પર અન્ય વ્યક્તિઓ, સમૂહો અથવા સમાજનો આ પ્રભાવ કઈ રીતે અને કેટલી હદ સુધી પડે છે એ જ જ્ઞાનના સમાજશાસ્ત્રનું મુખ્ય અભ્યાસવસ્તુ છે.

સ્પ્રાટ જણાવે છે કે જ્ઞાનનું સમાજશાસ્ત્ર 'વિચારો' પર અન્ય સામાજિક તથ્યોનો જે પ્રભાવ પડે છે તેનો અભ્યાસ કરે છે.

કોઝર અને રોઝનબર્ગના મતે મહદ્ અંશે જ્ઞાનના સમાજશાસ્ત્રને, સમાજશાસ્ત્રની જ એક શાખાના રૂપમાં પરિભાષિત કરી શકાય કે જે વિચાર તથા સમાજ વચ્ચે જોવા મળતા સંબંધોનો અભ્યાસ કરે છે. જ્ઞાનના સમાજશાસ્ત્રના વાસ્તવિક ક્ષેત્ર તથા પ્રકૃતિ અંગે સ્પષ્ટતા કરતા આ વિદ્વાનો જણાવે છે કે જ્ઞાનના સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં માત્ર વૈજ્ઞાનિક અને પ્રમાણિત જ્ઞાન સુધી જ મર્યાદિત ન રહેતા વિદ્વાનોએ તેને બૌદ્ધિક નીપજ સુધી વિસ્તૃત કર્યું છે, જેના પરિણામે જ્ઞાનના સમાજશાસ્ત્રની અંતર્ગત તત્ત્વજ્ઞાનથી શરૂ કરીને આદર્શ સુધી અને રાજનૈતિક સિદ્ધાંતોથી લઈને આધ્યાત્મિક વિચારધારા સુધી દરેકનો સમાવેશ થઈ જાય છે. આ બધા જ ક્ષેત્રોમાં જ્ઞાનનું સમાજશાસ્ત્ર વિચારોને સામાજિક-ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અથવા પરિસ્થિતિઓ સાથે સાંકળવાનો પ્રયત્ન કરે છે.

આ જ કારણથી મેનહાઈમના મતે કોઈ વિશેષ ઐતિહાસિક સમયમાં સામાજિક અને રાજનૈતિક શક્તિઓનો જે સંબંધ માનવીના બૌદ્ધિક જીવન સાથે છે તેનું વિશ્લેષણ

હતું. એ પ્રાચીન દિવસોમાં ભારતે પોતાની સુવિકસિત સભ્યતાની હથેળી તેની આસપાસના પ્રદેશોમાં પ્રસરાવી દીધી હતી.

શૂન્યની શોધથી લઈને અહિંસાના ઉદ્દાત વિચારો સુધી ભારતે વિશ્વને અનેક અદ્ભુત ભેટ આપી છે. પ્રાચીન ભારતીયોએ તર્કશાસ્ત્ર, વ્યાકરણ, શરીરવિદ્યા, ખગોળવિદ્યા, તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મવિદ્યા, તબીબીશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રમાં કરેલી શોધો અદ્ભુત હતી. આજે વિશ્વમાં જોવા મળતી આવી કેટલીય બાબતોની જન્મભૂમિ ભારત છે.

જુદાં જુદાં ક્ષેત્રોમાં ભારતે વિશ્વને આપેલાં પ્રદાનને અહીં સમજીએ.

### 1. શિક્ષણ :

એક પૂર્ણવિકસિત યુનિવર્સિટીનો પહેલો ખ્યાલ ભારતમાં ઉદ્ભવ્યો હતો. લગભગ 2700 વર્ષ પૂર્વે એટલે કે ઈ.સ. પૂર્વે 700માં વિશ્વની સર્વપ્રથમ યુનિવર્સિટી ભારતમાં સ્થપાઈ હતી. આ યુનિવર્સિટીનું નામ હતું તક્ષશિલા વિદ્યાપીઠ. આ વિદ્યાપીઠમાં જુદી જુદી 64 વિદ્યાશાખાઓ પર અધ્યયન કરાવવામાં આવતું હતું. વેદ, ભાષા, વ્યાકરણ, તત્ત્વજ્ઞાન, આયુર્વેદ, શસ્ત્રક્રિયા, શસ્ત્રવિદ્યા, રાજવિદ્યા, યુદ્ધવિદ્યા, ખગોળશાસ્ત્ર, વાણિજ્ય, ભવિષ્યવિદ્યા, દસ્તાવેજી વિદ્યા, સંગીત, નૃત્ય વગેરે વિવિધ વિષયોમાં અહીં ઊંડાણપૂર્વક જ્ઞાન અપાતું. ભારતીયો ઉપરાંત બેબિલોન, ગ્રીસ, સિરિયા, ચીન અને આરબ દેશોમાંથી અહીં વિદ્યાર્થીઓ ભણવા માટે આવતા. ઓછામાં ઓછા 16 વર્ષની ઉંમરે વિદ્યાર્થીઓને અહીં પ્રવેશ મળતો. આવા 10,500 વિદ્યાર્થીઓથી તક્ષશીલા ઊભરાતી હતી.

તક્ષશિલાના અસ્ત દરમ્યાન એવી જ એક બીજી વિદ્યાપીઠનો ઉદ્ભવ થયો જેનું નામ હતું નાલંદા વિદ્યાપીઠ. જાપાન, ચીન, કોરિયા, ઈન્ડોનેશિયા વગેરે દૂર દૂરના દેશોમાંથી વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરવા માટે આવતા હતા. પુરાતત્ત્વીય અવશેષો પરથી જણાઈ આવે છે કે અહીં 300 કરતાંય વધુ વ્યાખ્યાન ખંડો હતા. આ ઉપરાંત પ્રયોગશાળાઓની સુવિધા પણ ઉપલબ્ધ હતી. ચીન પ્રવાસી હ્યુએનત્સંગ નોંધે છે કે તે ભારતમાં આવ્યો ત્યારે નાલંદા વિદ્યાપીઠમાં 10,000 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા. આ ઉપરાંત 2,000 પ્રાધ્યાપકો અને વહીવટી કર્મચારીઓનો વિશાળ સમુદાય નાલંદામાં કાર્યરત હતો.

### 2. શૂન્યની શોધ :

ભારતે વિશ્વને શૂન્યની શોધ કરી આપી. શૂન્યની શોધ વિના આધુનિક યુગમાં જોવા મળતા કમ્પ્યૂટરની કલ્પના કરવી અસંભવિત છે. પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી બ્રહ્મગુપ્તે સાતમી સદીમાં લખેલા બ્રહ્મસ્ફૂટ સિદ્ધાંત ગ્રંથમાં શૂન્યનો ઉપયોગ જોવા મળે છે. પ્રાચીન ભારતીય સંસ્કૃત ગ્રંથોમાં પણ શૂન્યનો ઉલ્લેખ જોવા મળે છે.

ગ્રીક ચિંતક લાપ્લેસ કહે છે : 'ભારતે આપણને અંકોને રજૂ કરવાની દશાંશ પદ્ધતિ આપી છે. તેની સરળતાએ આપણને બધી ગણતરી કરવા પ્રેર્યા છે, ઉપયોગી સંશોધનો માટે આપણા અંકગણિતને પ્રથમ હરોળમાં મૂક્યું છે, ગ્રીસના બે પ્રાચીન વિદ્વાનો આર્કિમીડીઝ અને એપોલોનિયસ જેવા બુદ્ધિશાળીઓની બુદ્ધિમાંથી પણ એ છટકી ગયું હતું.'

એક આગવી છાપ ઉપસાવે છે. ભારતનાં મંદિરોમાં ઈલોરાનું કૈલાસ મંદિર એક જ પત્થરમાંથી કંડારાયેલી જગતની એક અજાયબી છે. સામાન્ય રીતે મંદિરો પાયામાંથી શિખર તરફ ચણાય છે. જ્યારે આ મંદિર શિખરથી પાયા સુધી કોતરાયેલું છે. તાજેતરમાં જ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા દિલ્હી ખાતે રચાયેલું સ્વામિનારાયણ અક્ષરધામમાં ભારતની આ પ્રાચીન સ્થાપત્ય કલાના દર્શન થાય છે.

આમ, શિક્ષણ, તબીબી વિજ્ઞાન, ખગોળ વિદ્યા, ભાષા અને સાહિત્ય, સ્થાપત્ય વગેરે ક્ષેત્રોમાં ભારતના વિદ્વાનોએ પ્રાપ્ત કરેલી સિદ્ધિઓનો લાભ સમગ્ર વિશ્વને મળ્યો છે.

**જ્ઞાનના સમાજશાસ્ત્રનો સ્ત્રોત :**

જ્ઞાનના સમાજશાસ્ત્રની મૂળભૂત માન્યતા એ છે કે માનવચિંતન અથવા વિચારો પર વધુ વિસ્તૃત અર્થમાં કહીએ તો માનવીના સમગ્ર બૌદ્ધિક જીવન પર સામાજિક-સાંસ્કૃતિક શક્તિઓનો પ્રભાવ સતત પડતો રહે છે. કાર્લ મેનહાઈમ જણાવે છે કે જ્ઞાનના સમાજશાસ્ત્રની મુખ્ય બાબત એ છે કે માનવ વિચારની પ્રણાલિઓને ત્યાં સુધી વ્યવસ્થિત રીતે સમજી શકાતી નથી જ્યાં સુધી તેની સામાજિક ઉત્પત્તિના સંબંધમાં આપણને સ્પષ્ટ જ્ઞાન ન હોય. એ વાત સાચી છે કે માત્ર વ્યક્તિ જ વિચારી શકે છે. સામૂહિક મન જેવી કોઈ આધિભૌતિક વસ્તુનું વાસ્તવમાં કોઈ અસ્તિત્વ જ નથી કે જે વ્યક્તિના મનથી પર અને ઉન્નત ઢબે વિચારે છે કે વિચારોને જન્મ આપે છે. આમ છતાં જે તે સ્ત્રોતોમાંથી વિચારોની ઉત્પત્તિ દરમ્યાન ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓનો પ્રભાવ એ વિચારોના ક્ષેત્ર તથા પ્રકૃતિ પર પણ પડે જ છે. જ્ઞાનના સમાજશાસ્ત્રની આ જ સૌથી મહત્ત્વપૂર્ણ માન્યતા છે.

જ્ઞાનના સમાજશાસ્ત્રની આધારભૂત માન્યતાઓને નીચે મુજબ દર્શાવી શકાય.

**(1) માનવીના વિચારો તથા સમાજ વચ્ચે પારસ્પરિક સંબંધ :**

વિચારોનો ઉદ્ભવ વ્યક્તિના પોતાના મનમાંથી જ થાય છે. આ દિશામાં માનવીની વ્યક્તિગત અથવા સામૂહિક આવશ્યક્તા અથવા તો સમસ્યા પ્રેરક શક્તિના રૂપમાં કાર્ય કરે છે. જ્યાં સુધી માનવીની આવશ્યક્તાઓની પરિપૂર્તિ સરળતાથી થાય છે, ત્યાં સુધી એ વિષય વિશે તે વિચારતો નથી. આ માટે તેને વિચારવાની જરૂરિયાત પણ લાગતી નથી. આનાથી વિરુદ્ધ જ્યારે વ્યક્તિને કોઈ શારીરિક, આર્થિક, સામાજિક કે મનોરંજનની જરૂરિયાત ઊભી થાય અથવા એ આવશ્યક્તા સ્વયં સાથે અથવા સમાજ સાથે સંબંધિત હોય તો એ અવસ્થામાં વ્યક્તિએ જે તે વિષય પર કંઈક વિચાર કરવો પડે છે. આ વિચારવાની પ્રક્રિયા જ વ્યક્તિના બૌદ્ધિક જીવનને અભિવ્યક્ત કરે છે. આ સંબંધમાં એક ઉલ્લેખનીય બાબત એ છે કે માનવીની વ્યક્તિગત અથવા સામૂહિક આવશ્યક્તાઓ અથવા સમસ્યાઓ કે જે માનવીને વિચાર કરવા માટે પ્રેરિત કરે છે તેની પ્રકૃતિ ચોક્કસ 'સામાજિક' હોય છે, કારણ કે વ્યક્તિ સ્વયં એક સામાજિક પ્રાણી છે. આ કારણથી જ તેની અથવા તેના સમાજ કે સમૂહની આવશ્યક્તા અથવા સમસ્યા સમાજ કે સમૂહથી પર અથવા જુદી ન હોઈ શકે. આમ માનવીના 'વિચારો' તથા 'સમાજ' એ બંને વચ્ચે પરસ્પર અતૂટ સંબંધ છે.

### (4) માનવ વિચાર માનવીની પ્રવૃત્તિઓનો પરિચય કરાવે છે :

માનવીય વિચાર માનવીની વિકાસલક્ષી પ્રવૃત્તિનો પરિચય આપે છે. માનવ ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે દરેક યુગમાં માનવી પોતાની તત્કાલીન વ્યવસ્થાથી સંપર્ણ સંતુષ્ટ નહોતો. આનું કારણ માનવીની વિકાસલક્ષી પ્રવૃત્તિઓ છે. આ પ્રવૃત્તિઓથી પ્રેરાઈને જ માનવી પોતાની સાંપ્રત સામાજિક વ્યવસ્થાને સુધારવા તથા વધુ ઉચ્ચ વ્યવસ્થાને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતો રહ્યો છે. આ માટે તેણે પોતાના ઐતિહાસિક તથા સામાજિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિના આધારે વર્તમાન પરિસ્થિતિઓ વિશે ચિંતન, મનન, અધ્યયન અને વિશ્લેષણ કરવું પડ્યું છે. આ ચિંતન અને મનન માનવીના વિચારોને રજૂ કરે છે. આ રીતે જ્ઞાનના સમાજશાસ્ત્રની એક માન્યતા એ છે કે માનવીની વિકાસ પ્રવૃત્તિ કે જે સામાજિક-સાંસ્કૃતિક પરિબળો દ્વારા પ્રભાવિત થાય છે, તે માનવીય વિચારની ઉત્પત્તિને પ્રોત્સાહિત કરે છે.

### (5) માનવ વિચાર પર સમાજ તથા સમૂહોનો પ્રભાવ :

જ્ઞાનનું સમાજશાસ્ત્ર માનવ વિચાર પર સમાજ અથવા સમૂહોના પ્રભાવનો સ્વીકાર કરે છે અને એટલા માટે જ તે સામાજિક અથવા સામૂહિક મનના સિદ્ધાંતને સ્વીકારતો નથી. એ માત્ર એટલું સ્વીકારે છે કે જ્યારે કોઈ સમાજ લાંબા સમય સુધી સ્થિર અને સંગઠિત હોય છે, ત્યારે પ્રભાવશાળી શક્તિનો વિકાસ થાય છે જે સમાજના વ્યક્તિગત સભ્યોની વિશેષતાઓથી અલગ અને વધારે પ્રભાવશાળી હોય છે. જેના પરિણામે સમાજ અથવા સમૂહની એ સંગઠન શક્તિમાં બધા જ સભ્યોના વિચારોને પ્રભાવિત કરવાની ક્ષમતા હોય છે. વાસ્તવમાં સામાજિક જીવનના કારણે જ વ્યક્તિ અન્ય વ્યક્તિઓના સંપર્કમાં આવે છે. આ સંપર્કના કારણે જ આંતર પ્રતિક્રિયાત્મક વ્યવહાર પણ ઉદ્ભવે છે. તેનો પ્રભાવ વ્યક્તિના મન પર પણ પડે છે. વ્યક્તિના સ્વાભાવિક વ્યવહાર, તેના સંકલ્પો, ઉદ્દેશ્યો પણ સંશોધિત અને પરિવર્તિત થાય છે. આ બધાનો અંતિમ પ્રભાવ વ્યક્તિના વિચારો અથવા બૌદ્ધિક જીવન પર પડે તે સ્વાભાવિક છે.

### (6) વ્યક્તિનો સામાજિક રૂપમાં સ્વીકાર :

જ્ઞાનનું સમાજશાસ્ત્ર વ્યક્તિનો સામાજિક રૂપમાં સ્વીકાર કરીને પોતાના અભ્યાસનો પ્રારંભ કરે છે. જો કે તે વ્યક્તિના વ્યક્તિગત અસ્તિત્વનો કે તેના મહત્ત્વનો અસ્વીકાર પણ નથી કરતું. બીજા શબ્દોમાં કહીએ તો જ્ઞાનનું સમાજશાસ્ત્ર એકબાજુ વ્યક્તિના વિચારો મુજબ સમાજની વ્યાખ્યા નથી કરતું તો બીજી બાજુ સમાજની પ્રકૃતિ મુજબ વ્યક્તિના વિચારોને સંપૂર્ણ રીતે પરિભાષિત કરવાનો પ્રયત્ન પણ નથી કરતું. આમ જ્ઞાનનું સમાજશાસ્ત્ર આ બંને પરસ્પર વિરોધી દષ્ટિકોણની વચ્ચેનો માર્ગ અપનાવે છે. માનવીના બૌદ્ધિક જીવનના નિર્માણમાં વ્યક્તિ પહેલો કે સમાજ - એની ચર્ચાથી સમાજશાસ્ત્રની આ શાખા દૂર છે. જેમ ઈંટોના ઢગલામાંથી કે ઈંટોથી બનેલા મકાનમાંથી એક એક ઈંટને અલગ કરીને ઢગલા કે મકાનની કલ્પના અસંભવિત લાગે તેવી જ રીતે પહેલા વ્યક્તિ કે સમાજ એ ચર્ચા કરવી નિરર્થક છે. વ્યક્તિઓને એકસૂત્રતામાં બાંધવાવાળા સંબંધો સ્વાભાવિક અને આંતરિક હોય છે જે વ્યક્તિને માત્ર પ્રભાવિત જ નથી કરતા પરંતુ સ્વયં પણ વ્યક્તિ દ્વારા પ્રભાવિત થાય છે. વ્યક્તિઓ સ્વાભાવિક રીતે જ એકબીજા સાથે જોડાયેલા છે. સમાજ સ્વતંત્ર રીતે ઉદ્ભવેલી કોઈ રચના કે યાંત્રિક યોજના નથી કે જેના

વિચારકો દ્વારા પણ પ્રસ્તુત થયા હતા. આમ છતા ક્રમબદ્ધ રીતે જ્ઞાનના સમાજશાસ્ત્રનો ઉદ્ભવ 19મી સદીમાં થયો. 19મી સદીના સમાજશાસ્ત્રીઓને બે સંપ્રદાયોમાં વહેંચી શકાય. 1. જર્મનીનો માર્ક્સવાદી સંપ્રદાય અને 2. ફ્રાંસનો દુર્ખિમવાદી સંપ્રદાય. આ બંને સંપ્રદાયોની વિચારધારામાં ઘણો તફાવત છે. અમેરિકન વ્યવહારવાદ અને સામાજિક વર્તનવાદે જ્ઞાનના સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

## જ્ઞાનના સમાજશાસ્ત્રમાં ઈમાઈલ દુર્ખિમનું પ્રદાન : (1858-1917)

દુર્ખિમનો જન્મ ઈ.સ. 1858ની એપ્રિલની 5મી તારીખે ફ્રાંસના એપિનાલ નામના સ્થળે થયો હતો. પેરિસમાં થોડો સમય અધ્યયન કર્યા બાદ દુર્ખિમ વધુ અભ્યાસાર્થે જર્મની ગયા હતા. અભ્યાસકાર્ય પૂર્ણ કર્યા બાદ દુર્ખિમ બોર્ડેક્સ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રના અધ્યાપક તરીકે જોડાયા. ઈ.સ. 1893માં તેમણે પેરિસ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની ડિગ્રી મેળવી હતી. તેમના પીએચ.ડી.નો વિષય હતો : The Division of Labour in Society. દુર્ખિમ પર મોન્તેસ્ક, સંત સાયમન, કોમ્ટ, સ્પેન્સર, કેન્ટ તથા એસ્પિનાસ જેવા વિચારકોનો પ્રભાવ જોવા મળે છે. સમાજશાસ્ત્રમાં દુર્ખિમે આપેલા પ્રદાનમાં નીચે મુજબની કૃતિઓ મહત્ત્વની છે.

**1. The Division of Labour in Society - 1893**

**2. The Rules of Sociological Method - 1895**

**3. Suicide - 1897**

**4. The Elementary forms of Religious Life - 1912**

**5. Education and Sociology - 1922**

જ્ઞાનના સમાજશાસ્ત્રને લગતા ઈમાઈલ દુર્ખિમના વિચારો તેના સામાજિક તથ્યના સિદ્ધાંતમાં અને સામૂહિક સભાનતાના સિદ્ધાંતમાં વ્યક્ત થાય છે. કોઝર અને રોઝનબર્ગ જણાવે છે કે જ્ઞાનના સમાજશાસ્ત્રમાં દુર્ખિમનું પ્રદાન તેની બધી જ કૃતિઓનો એક નાનો ભાગ છે અને વળી આ વિષય પર તેમના કેટલાક વિધાનો તથા વિચારો કાલ્પનિક અને શંકાશીલ લાગતા હોવા છતાં તેનું વિવેચન જ્ઞાનના સમાજશાસ્ત્રમાં માર્ગદર્શક બની રહે છે.

ઈમાઈલ દુર્ખિમનો સામાજિક તથ્યનો ખ્યાલ જ્ઞાનના સમાજશાસ્ત્રમાં એક મહત્વનું પ્રદાન છે. સામાજિક તથ્યોમાં કાર્ય કરવાની, વિચારવાની, અનુભવવાની રીતો સમાવિષ્ટ હોય છે જે વ્યક્તિ માટે બાહ્ય હોય છે તથા જે પોતાની દબાણ શક્તિના માધ્યમથી વ્યક્તિના વર્તનને નિયંત્રિત કરે છે. દુર્ખિમના મતે સામાજિક ઘટનાઓ કે જેમાં વિચાર પણ સમાવિષ્ટ હોય છે તેનું મૂળ કારણ સમાજ પોતે છે. એટલે કે વિચારોનો જન્મદાતા વ્યક્તિ નહીં, સમાજ છે. સામૂહિક વિચાર, વ્યક્તિગત વિચારોને પ્રદર્શિત કરે છે. વ્યક્તિના વ્યક્તિગત વિચારો પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સામાજિક વિચારોના રંગે રંગાતા હોય છે. સામૂહિક વિચારો સામૂહિક ચેતનાને અભિવ્યક્ત કરે છે. વ્યક્તિગત ચેતનાના સ્વરૂપોના અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે વ્યક્તિગત ચેતનાનો મૂળ આધાર સંવેદનાઓ છે. સંવેદનાઓ વિવિધ ઈન્દ્રિયોની આંતરક્રિયાનું પરિણામ છે. દુર્ખિમ સામૂહિક ચેતનાના પ્રતીકોને

દઢ થતો જતો હતો કે માનવીના જીવનના અસ્તિત્વનો આધાર ભૌતિક વસ્તુઓ અથવા ઉત્પાદનના સાધનો છે, જેના દ્વારા અસ્તિત્વ ટકાવી રાખવા માટે આવશ્યક ભૌતિક વસ્તુઓનું ઉત્પાદન થઈ શકે. માર્ક્સ હેગલના તાત્ત્વિક વિચારો સાથે ક્યારેય સંપૂર્ણ રીતે સહમત ન થઈ શક્યા. કાર્લ માર્ક્સે ઈ.સ. 1841માં વિશ્વવિદ્યાલયમાંથી પીએચ.ડી. થયા. માર્કસના આ મહાનિબંધ પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે માર્કસ હેગલના તત્ત્વજ્ઞાનની કેટલીક ખામીઓ પ્રત્યે જાગૃત હતા.

કાર્લ માર્કસની મહત્ત્વની કૃતિઓ નીચે મુજબ છે :

**1. The Economic and Philosophical manuscript - 1844**

**2. German Ideology - 1845-46**

**3. The Poverty and Philosophy - 1847**

**4. The Holy Family - 1848**

**5. The Communist Manefesto -1848**

**6. Class Struggle in France - 1850**

**7. The Contributions to critique of political economy - 1859**

**8. Das Capital - 1867, 1885, 1894.**

હેગલના મતે ચિંતન અથવા વિચારની પ્રક્રિયા જ વાસ્તવિક જગતનું સર્જન કરે છે. એટલે કે વિચાર જ વાસ્તવિક જગતનો નિર્માતા છે. બીજા શબ્દોમાં કહીએ તો વિચાર પહેલા આવે છે અને ભૌતિક જગતનું સ્થાન તે પછી આવે છે કારણ કે વિચાર જ ભૌતિક જગતનું ઉદ્ભવ સ્થાન છે. આમ હેગલના તત્ત્વજ્ઞાનમાં વિચારને જ ભૌતિક જગત તથા માનવીના જીવનનો આધાર માનવામાં આવ્યો છે. માર્કસ હેગલના આ મતને સ્વીકારતા નથી. તેઓ હેગલનો આ સિદ્ધાંત કાલ્પનિક અને અવૈજ્ઞાનિક છે એમ કહીને ટીકા કરે છે. માર્ક્સ જણાવે છે કે માનવી અને વિશ્વ વિચાર અથવા આત્માની અભિવ્યક્તિ નથી અને જેઓ વિચારને જ માનવ અથવા વિશ્વને વિચારની અભિવ્યક્તિ માને છે તેઓ પોતાના વિશે, વિશ્વ વિશે કે વિચાર અથવા આત્મા વિશે કંઈ જાણતા નથી. માર્કસના મતે બાહ્ય જગત સત્ય છે અને તેનો આધાર વિચાર, આત્મા કે વિશ્વાત્મા જેવું કોઈ અવાસ્તવિક તત્ત્વ નહીં પરંતુ નક્કર ભૌતિક તત્ત્વ છે.

માર્કસના મતે આત્મા અવાસ્તવિક એટલા માટે છે કે તેને આપણે પ્રત્યક્ષ નિહાળી શકતા નથી. આપણે વધુમાં વધુ તો તેની કલ્પના કરી શકીએ છીએ. માર્કસ જણાવે છે કે તો પછી જે કંઈ વાસ્તવમાં અસ્તિત્વ ધરાવે છે, જેને આપણે પ્રત્યક્ષ રીતે જોઈ શકીએ છીએ, સ્પર્શી શકીએ છીએ, તેને જ શા માટે વાસ્તવિક જગતનો આધાર ન માનીએ ? હેગલના મતે ભૌતિક વસ્તુઓ, પ્રકૃતિ વગેરે આત્મા અથવા વિચારમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ માર્કસના મતે આપણે આત્મા, મન અથવા વિચાર તરીકે જેને ઓળખીએ છીએ તે ભૌતિક શરીરથી ઉત્પન્ન વસ્તુ જ છે. આમ માર્કસની વિચારધારા હેગલની વિચારધારા કરતાં જુદાં જ સ્વરૂપની છે.

હેગલના સિદ્ધાંતનો અસ્વીકાર કરવાનું મુખ્ય કારણ એ હતું કે માર્કસના મતે હેગલે પોતાના સિદ્ધાંતમાં વાસ્તવિક અને પ્રયોગસિદ્ધ તથ્યો પર બિલકુલ ધ્યાન આપ્યું નથી. વિચાર અથવા દર્શન (તત્ત્વજ્ઞાન)ની ઉત્પત્તિ મન દ્વારા થાય છે, પરંતુ એ મનનો આધાર એટલે કે શરીરનું અસ્તિત્વ તો ભૌતિક વસ્તુઓ પર આધારિત છે એ સત્યનો હેગલ સ્વીકાર કરતા નથી. માર્કસના મતે એ વસ્તુલક્ષી ભૌતિક દુનિયા અથવા સમાજની

## જ્ઞાનના સમાજશાસ્ત્રમાં મેક્સશેલરનું પ્રદાન (1874 - 1928) :

જ્ઞાનના સમાજશાસ્ત્રના વિકાસમાં મેક્સ શેલરનું નામ સૌથી વધુ નોંધપાત્ર છે. જ્ઞાનના સમાજશાસ્ત્રમાં શેલરે રજૂ કરેલા વિચારોને કારણે તેમને સમાજશાસ્ત્રની આ શાખાના જનક તરીકે ઓળખવામાં આવે છે. તેઓ રોમન કેથોલિક ખ્રિસ્તી હતા. જ્ઞાનના સમાજશાસ્ત્ર ઉપરાંત Sociology of Culture એટલે કે સંસ્કૃતિનું સમાજશાસ્ત્ર વિકસાવવામાં પણ તેમનું પ્રદાન નોંધપાત્ર છે. તેઓએ કોલન યુનિવર્સિટીમાં દર્શનશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે પોતાની સેવાઓ આપી હતી. શેલરની કેટલીક મહત્ત્વની કૃતિઓ નીચે મુજબ દર્શાવી શકાય :

**1. Ressentiment - 1912**

**2. The Nature of Sympathy - 1913**

**3. Problems of a Sociology of Knowledge - 1926**

**4. Man's place in nature - 1928**

મેક્સ શેલર એવું વિધાન કરે છે કે સાતત્ય સભર કોઈપણ સ્વતંત્ર પરિબળ એવું નથી કે જે વિચારોની ઉત્પત્તિને નિર્ધારિત કરતું હોય. પરંતુ જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ તેની સાથે સાથે ઉદ્ભવેલા કેટલાક વાસ્તવિક પરિબળો વિચારોને નિર્ધારિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઉદા. તરીકે જોઈએ તો આદિવાસી સમાજના સંદર્ભમાં એમ ન કહી શકાય કે સૌ પ્રથમ રક્ત તથા સગપણ સંબંધ અને ત્યારબાદ રાજકીય પરિબળ અને અંતે આધુનિક સમયમાં આર્થિક પરિબળો એવા સ્વતંત્ર અને એકમાત્ર પરિબળો છે કે જે વિચારોના સ્વરૂપ તથા પ્રકૃતિને નિર્ધારિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતા હોય. વિચારોના ઉદ્ભવમાં કોઈ એકમાત્ર સ્વતંત્ર પરિબળ હોઈ શકે છે એવું જ્યારે કોઈ વિદ્વાન માને છે ત્યારે તે વૈજ્ઞાનિક અને તર્કસંગત વિશ્લેષણને રજૂ કરતો નથી એમ કહી શકાય. વાસ્તવમાં તો ઐતિહાસિક પરિવર્તન પાછળ એક કરતા વધારે પરિબળો કામ કરતા હોય છે. અને એટલા માટે જ પ્રાકૃતિક સિદ્ધાંતમાં ઈતિહાસ અને વિચારની તરાહમાં થનારા પરિવર્તનો પાછળ એક જ પરિબળને જે મહત્ત્વ અપાયું છે તે ખોટું છે. આમ જોઈએ તો પ્રત્યેક દેશ અને કાળ સાથે સંબંધિત એક કરતા વધારે તથા જુદા જુદા અનેક વાસ્તવિક પરિબળો વિચારોના ઉદ્ભવમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે એમ કહી શકાય. આ વાસ્તવિક પરિબળો નિશ્ચિત ઢબે તથા ક્રમાનુસાર વિચારોની ધારાના ફાટકને ખોલે છે તથા બંધ કરે છે.

ઉપરોક્ત વિશ્લેષણ પરથી એવું ચોક્કસ કહી શકાય કે શેલર આદર્શવાદી તથા ભૌતિકવાદી સિદ્ધાંતો સાથે સંમત નહોતા. તેઓ ઈતિહાસના નિર્ણાયક તત્ત્વોને એકબીજા સાથે જોડાયેલા માને છે. આ સંબંધિત સામાજિક તથ્યો દ્વારા વિચાર પ્રભાવિત થાય છે અને તેની સાથે સંબંધિત પણ બને છે. આ કારણથી જ વિચાર સ્વયં સાપેક્ષ છે કારણ કે તે સાપેક્ષ સામાજિક તથ્યો સાથે સંબંધિત છે.

શેલરના મતે સંસ્કૃતિ, ભાષા અને પ્રજાતિના સંક્રમણથી વિચારોમાં પરિવર્તન આવે છે. આનું મુખ્ય કારણ વિચારોનો સંબંધ આવેગાત્મક સંરચના સાથે છે અને વ્યાવહારિક સ્તર પર ભાષા, સંસ્કૃતિ વગેરે બધાનો આધાર આવેગો સાથે છે. ભાષા, સંસ્કૃતિ અને પ્રજાતિમાં થવાવાળા પરિવર્તનની ગતિ હંમેશા ધીમી હોય છે અને તેથી વિચારોમાં આવતું પરિવર્તન પણ પ્રમાણમાં ધીમું હોય છે. શેલરના આ વિચારો ઓગબર્નના સાંસ્કૃતિક મંદતાના ખ્યાલને મળતા આવે છે. ઓગબર્ન જણાવે છે કે ભૌતિક સંસ્કૃતિમાં

મેનહાઈમની કેટલીક મહત્ત્વની કૃતિઓ નીચે મુજબ છે :

1. Essays on the Sociology of Knowledge - 1928
2. Ideology of Utopia - 1929
3. Man and Society in Age of Reconstruction - 1935
4. Diagnosis of our Time - 1943
5. Freedom, Power and Democratic Planning - 1951
6. Essays on Sociology and Social Pathology - 1953
7. Essays on the Sociology of Culture - 1956

આ આધાર પર જ જ્ઞાનના સમાજશાસ્ત્રના વિષયમાં મેનહાઈમે જે મુખ્ય વાતો કહી છે તેને ટૂંકમાં નીચે મુજબ રજૂ કરી છે :

જ્ઞાનના સમાજશાસ્ત્રનો મુખ્ય સિદ્ધાંત એ છે કે વિચારની પ્રક્રિયાને તેની સામાજિક ઉત્પત્તિ અસ્પષ્ટ હોય ત્યાં સુધી બરાબર સમજી શકાતી નથી. એ સાચું છે કે માત્ર વ્યક્તિ જ વિચાર કરવાની ક્ષમતા ધરાવે છે. સામૂહિક મન જેવી કોઈ આધિભૌતિક વસ્તુનું અસ્તિત્વ વાસ્તવમાં હોતું નથી. જો કે વ્યક્તિગત ધોરણે અલગ અને સ્વતંત્ર રીતે વિચાર કરી શકાય છે અને એવું પણ નથી કે સામૂહિક મન દ્વારા પ્રસ્તુત વિચારોને જ વ્યક્તિ પુનઃ પ્રસ્તુત કરતો રહે છે. તો પછી સમગ્ર વિચારો તથા ભાવનાઓનો ઉદ્ભવ માત્ર વ્યક્તિમાં જ થાય છે અને તેને માત્ર એ વ્યક્તિના સ્વયંના જીવનના અનુભવોના આધારે જ સમજાવી શકાય એવું તારણ ન કાઢી શકાય. વ્યક્તિ જે ભાષા બોલે છે તે પરથી એવું તારણ ન તારવી શકાય કે એ ભાષાનો ઉદ્ભવ જે તે વ્યક્તિ દ્વારા થયો છે. એ જ રીતે માત્ર પોતાની માનસિક ક્ષમતાના કારણે એક વ્યક્તિ પોતના વિચારો રજૂ કરી રહ્યો છે એમ માનવું પણ ભૂલભરેલું છે. જે રીતે પેલો વ્યક્તિ પોતાની નહીં પરંતુ પોતાના સમૂહની ભાષા બોલે છે એ જ રીતે તે સમૂહ દ્વારા પ્રભાવિત થઈને વિચારો રજૂ કરે છે.

આ રીતે જ્ઞાનના સમાજશાસ્ત્રની અભ્યાસપદ્ધત્તિની પ્રથમ વિશેષતા એ છે કે જ્ઞાનનું સમાજશાસ્ત્ર પોતાના અભ્યાસ કાર્યનો પ્રારંભ દાર્શનિકોની જેમ વ્યક્તિ અથવા તેના વિચારોથી કરતું નથી પરંતુ અધ્યયન અને વિશ્લેષણનો પ્રારંભ ઐતિહાસિક સામાજિક પરિસ્થિતિની નક્કર પૃષ્ઠભૂમિ પર કરે છે, જેમાં વ્યક્તિના જુદા જુદા વિચારો ખૂબ જ ધીમે ધીમે ઉદ્ભવે છે. આ રીતે એવું નથી કે અનેક લોકો એકસાથે સમાન રીતે વિચારે છે અથવા અલગ અલગ રીતે વ્યક્તિઓ વિચારે છે, પરંતુ કોઈને કોઈ સમૂહોમાં માનવી વિચારોને પ્રસ્તુત કરે છે કે જેઓ પોતાની સામાન્ય સ્થિતિ સાથે સંબંધિત કંઈક વિશિષ્ટ પરિસ્થિતિઓ પ્રત્યેની પ્રતિક્રિયારૂપે અનંત કડીઓ જેવી એક વિશેષ પ્રકારની વિચારશૈલીને વિકસાવે છે.

ઉપરોક્ત વિશેષતાઓને સ્પષ્ટ કરતા મેનહાઈમ જણાવે છે કે વાસ્તવિક રીતે જોઈએ તો માત્ર વ્યક્તિ જ વિચારે છે એમ કહેવું ભૂલભરેલું છે. તેના બદલે એમ કહેવું વધુ ઉચિત છે કે વ્યક્તિ તેની પૂર્વે પણ અન્ય લોકોએ જે વિચાર્યું છે તે વિચારપ્રક્રિયામાં વધુ વિચારવાના કાર્યમાં ભાગીદાર બને છે અથવા તો યોગદાન આપે છે. વ્યક્તિ પોતાની જાતને એવી પરંપરાગત પરિસ્થિતિમાં પામે છે કે જેમાં એવા અનેક વિચારોની તરાહ ઉપલબ્ધ હોય છે કે જે પોતાની વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ હોય. વ્યક્તિ એ પરંપરાગત વિચાર તરાહને પોતાના સમયની પરિવર્તન પામતી પરિસ્થિતિઓ દ્વારા

ન બની શકે કે એ ઘટના વિશે તે સમૂહ પાસે સંપૂર્ણ જ્ઞાન હોય. જ્ઞાનના સમાજશાસ્ત્રનું કાર્ય એ છે કે તે સામાજિક પ્રક્રિયાના સંદર્ભમાં વિશેષ સમયમાં સમૂહના જ્ઞાન અથવા વિચાર તથા સંરચનાત્મક અને ઐતિહાસિક સ્થિતિઓની વચ્ચે પ્રયોગસિદ્ધ આંતરસંબંધોને શોધી કાઢે. વિચારો તથા સામાજિક સંરચના વચ્ચે જોવા મળતા સંબંધોને સમજવાથી વિચારોની સમગ્ર વાસ્તવિક્તાઓથી આપણે પરિચિત હોઈએ એવો દાવો મેનહાઈમ કરતા નથી.

### જ્ઞાનના સમાજશાસ્ત્રમાં સોરોકિનનું પ્રદાન :

સમાજશાસ્ત્રમાં આ વિચારકનું પ્રદાન ઘણું મહત્ત્વનું હોવા છતાં આ નામ અન્ય સમાજશાસ્ત્રીઓ જેટલું જાણીતું નથી બન્યું. સોરોકિનનો જન્મ ઉત્તર રશિયામાં આવેલા યુરીયા ગામમાં 21મી જાન્યુઆરી, 1889ના રોજ થયો હતો. બાળપણમાં માત્ર ત્રણ વર્ષની નાની ઉંમરે તેઓએ પોતાની માતા ગુમાવી હતી. તેમના પિતા એક મહેનતુ વ્યક્તિ હતા. સોરોકિન તેમના માતાપિતાના બે સંતાનોમાં સૌથી નાના હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં જ મેળવ્યું હતું. 1914માં તેઓ સેન્ટ પીટ્સ બર્ગ યુનિવર્સિટીમાં Neuro Psychology ની સંસ્થામાં વિદ્યાર્થી તરીકે જોડાયા. 1916માં આ સંસ્થાએ તેઓને 'મેજીસ્ટ્રન્ટ ઓફ પીનલ લો'ની અનુસ્નાતકની ડિગ્રી અર્પણ કરી હતી. આ સંસ્થામાં પોતાના અભ્યાસકાળ દરમ્યાન તેઓ બેક્ષેરોવિચ, કોર્વાલિવોસ્કી, ઈવાન પાવલોવ જેવા વિદ્વાનોના સંપર્કમાં આવ્યા હતા. આ બધા વિદ્વાનોના વિચારોનો સોરોકિનના જીવનમાં પ્રભાવ જોવા મળે છે. 1917માં તેઓના લગ્ન ડૉ. હેલન બારાનીસ્કાસીયા સાથે થયા. તેમના પત્ની વનસ્પતિશાસ્ત્રી હતા. 1918માં તેઓ પટ્રોગ્રેડ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે જોડાયા. આ જ યુનિવર્સિટીમાંથી તેઓએ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. આ ઉપરાંત 1924માં તેઓએ મીનેસોટા યુનિવર્સિટીમાં છ વર્ષ સુધી અધ્યાપનનું કાર્ય કર્યું હતું. આ યુનિવર્સિટીમાં પોતાના કાર્યકાળ દરમ્યાન તેઓએ ગ્રામીણ સમાજશાસ્ત્ર તથા ધર્મના સંસ્કારો વિશેનું લેખન કાર્ય પણ કર્યું. 1930માં તેઓ હાવર્ડ યુનિવર્સિટીમાં જોડાયા અને નિવૃતિ સુધી તેઓ અહીં જ રહ્યા. હાવર્ડ યુનિવર્સિટીમાં તેઓએ રોબર્ટ મર્ટન અને બર્નાર્ડ બારબેર જેવા વિદ્વાન સહયોગીઓ સાથે કાર્ય કર્યુ. 1959માં તેઓ નિવૃત્ત થયા.

ઝિમરમેનના મત પ્રમાણે સોરોકિન સામાજિક સંગઠન કે રચનાને મહત્ત્વ આપતા નહોતા. તેમના મતે સામાજિક સમયને સામાજિક-સાંસ્કૃતિક સંશોધન ક્ષેત્રમાં વધારે મહત્ત્વ છે. આ સામાજિક સમય સાંસ્કૃતિક પરિબળોને મહત્ત્વ આપે છે કારણ કે તેને પણ સામાજિક ઘટનાઓ સાથે સંબંધ છે.

સોરોકિનની કેટલીક મહત્ત્વની કૃતિઓ નીચે મુજબ છે :

**1. Crime and Punishment - 1914**

**2. System of Sociology - 1919**

**3. Social Mobility - 1927**

**4. Contemporary Sociological Theories - 1928**

**5. Social and Cultural Dynamics - 1937-41**

**6. Society, Culture and Personality - 1947**

**7. Sociolgical Theories of Today - 1966**

સ્થૂળ વસ્તુઓને એટલું મહત્ત્વ આપવામાં આવતું નથી. વળી, અહીં માત્ર વસ્તુગત સત્યની જ નહીં પરંતુ પરમ સત્યની શોધ કરવા માટેનો પ્રયત્ન હોય છે. ભૌતિકવાદી પરિપ્રેક્ષ્યને બદલે આધિભૌતિક પરિપ્રેક્ષ્યને અહીં વધુ પ્રાધાન્ય અપાય છે. આ બધાનો પ્રભાવ સત્ય, જ્ઞાન, ધર્મ, કળા, કાનૂન, આચરણ, તત્ત્વજ્ઞાન તથા સામાજિક સંબંધો પર પણ જોઈ શકાય છે. ભાવનાત્મક સંસ્કૃતિમાં વિજ્ઞાન કરતાં ધર્મનું મહત્ત્વ વધારે હોય છે. ઈશ્વર સર્વસ્વ છે અને તેના મહિમાનું ગાન કરવું એ જ માનવજીવનની સાર્થક્તા છે એવા વિચારો અહીં વધુ પ્રભાવશાળી હોય છે. આમ, આ સંસ્કૃતિમાં કલા અને તત્ત્વજ્ઞાનમાં ઈશ્વર કેન્દ્રસ્થાને હોય છે. સંગીતમાં પણ ભજન તથા ભક્તિનું મહત્ત્વ વિશેષ હોય છે. સારું-ખરાબ કે સાચા-ખોટાનો વિચાર આધ્યાત્મિકતાની સાપેક્ષમાં કરવામાં આવે છે.

આદર્શાત્મક સંસ્કૃતિ એ ચેતનાત્મક તથા ભાવનાત્મક-સાંસ્કૃતિક વ્યવસ્થાની વચ્ચેનો તબક્કો છે. આથી આ સંસ્કૃતિમાં ચેતનાત્મક તથા ભાવનાત્મક એમ બંને સંસ્કૃતિના તત્ત્વોનો સમન્વય જોવા મળે છે. સોરોકિનનો આ ખ્યાલ ઓગસ્ટ કોમ્ટના ત્રણ સ્તરના નિયમને થોડો મળતો આવે છે. કોમ્ટના ત્રણ સ્તરના નિયમમાં પણ આધિભૌતિક તબક્કો એવો છે કે જેમાં ધાર્મિક સ્તર તથા પ્રત્યક્ષ સ્તર એમ બંને સ્તરના તત્ત્વો જોવા મળતા હોય છે. આમ અહીં ભૌતિક દૃષ્ટિકોણ તથા આધ્યાત્મિક આદર્શોનો ઉત્તમ સમન્વય જોવા મળે છે. અહીં વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન કે ધર્મમાંથી કોઈની પણ ઉપેક્ષા કરવામાં આવતી નથી. સાથે સાથે જરૂર કરતા વધારે કોઈને મહત્ત્વ પણ આપવામાં આવતું નથી. જ્ઞાન ખાતર જ જ્ઞાન નહીં પરંતુ જ્ઞાનનો ઉપયોગ વ્યવહારમાં પણ કરી શકાય એ બાબતને વિશેષ મહત્ત્વ અપાય છે. કલા તથા તત્ત્વજ્ઞાનમાં વાસ્તવિક્તા તથા આધ્યાત્મિક્તા એમ બંનેનું મિશ્રણ જોવા મળે છે. વિચાર તથા ધારણાઓનો આધાર માત્ર ભૌતિકવાદી જ નહીં પરંતુ ધાર્મિક તથા આદર્શાત્મક પણ હોય છે.

સોરોકિન ભાવનાત્મક કે ચેતનાત્મક સંસ્કૃતિ કરતા આદર્શાત્મક સંસ્કૃતિને વધુ પસંદ કરે છે. અને એટલા માટે જ તેઓએ આદર્શાત્મક સંસ્કૃતિને આ બંને સંસ્કૃતિઓ વચ્ચેના સેતુના રૂપમાં પ્રસ્તુત કરી છે. સોરોકિનના મતે ભાવનાત્મક અને ચેતનાત્મક એ બંને સંસ્કૃતિઓની અંતર્ગત વિકાસ પામવાવાળા વિચારો, ખ્યાલો કે જ્ઞાન પોતાની ચરમસીમાને વ્યક્ત કરે છે અને તેથી તે વધારે ઉગ્રસ્વરૂપે અથવા તો કડવા સ્વરૂપે પ્રગટ થાય છે. આ વિચારો, ખ્યાલો કે જ્ઞાનની એક સંતુલિત વ્યવસ્થા હોવી જરૂરી છે કે જે ભાવનાત્મક સંસ્કૃતિ તથા ચેતનાત્મક સંસ્કૃતિ વચ્ચે સુમેળ સાધી શકે. આનાથી વિચાર વ્યવસ્થાની એક આદર્શ વ્યવસ્થા સંભવિત બની શકે.

## જ્ઞાનના સમાજશાસ્ત્રમાં થોર્સટીન વેબ્લનનું પ્રદાન (1857-1929) :

વેબ્લનનો જન્મ ઈ.સ. 1857માં અમેરિકાના કાટો (Cato) શહેરમાં થયો હતો. જ્ઞાનના સમાજશાસ્ત્રમાં વેબ્લનના વિચારો પણ ઘણા મહત્ત્વના છે. વેબ્લને 1884માં યેલ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. 1892 થી 1906 સુધી University of Chicagoમાં, 1906 થી 1909 દરમ્યાન Stanford University તથા 1911 થી 1918 દરમ્યાન University of Missoursમાં તેઓએ અધ્યાપક તરીકેની પોતાની સેવાઓ આપી હતી. વેબ્લનની કેટલીક મહત્ત્વની કૃતિઓને આપણે નીચે મુજબ દર્શાવી શકીએ :

થોડેઘણે અંશે તેના બધા જ પ્રયોજનો સાથે સંબંધિત વિચારની આદતોનું નિર્માણ કરે છે. પ્રત્યેક વ્યક્તિ વિચાર કરવાની આદતોનો એક સંકુલ છે. વિચાર એ માનસિક પ્રક્રિયા છે. એકબાજુ તે વ્યક્તિના વ્યવહાર કે આચરણના રૂપમાં વ્યક્ત થાય છે તો બીજી બાજુ જ્ઞાનના રૂપમાં વ્યક્તિ પોતાની જાતને અભિવ્યક્ત કરે છે. આમ, વિચાર કરવાની આદતોનો પ્રભાવ જ્ઞાનની અભિવ્યક્તિમાં સ્પષ્ટ જોઈ શકાય છે. મોટેભાગે વિચારની અથવા જ્ઞાનની યોજના જીવનની યોજનાનો જ પડછાયો હોય છે.

વેબ્લને પોતાના જુદા જુદા વિચારોને વ્યક્ત કરવા માટે જુદા જુદા નિયમોનું પ્રતિપાદન પણ કર્યું છે. આ બધા નિયમોમાં જ્ઞાનના સમાજશાસ્ત્ર સાથે સંબંધિત આર્થિક ચિંતનનો નિયમ તથા યાંત્રિક વિચારનો નિયમ સમજવા જેવો છે. વેબ્લનના આર્થિક ચિંતનના નિયમ મુજબ કેટલાક વ્યવસાયો આર્થિક વિચારોને જન્માવે છે તથા તેના પરિણામસ્વરૂપે આર્થિક દષ્ટિબિંદુથી વિચાર કરવાની આદત વિકસે છે. સમાજમાં કેટલાય લોકો કેમ કરીને વધુ પૈસા રળી કમાઈ શકાય એને લગતું ચિંતન તેમના માનસિક જગતમાં કેન્દ્રસ્થાને હોય છે. આના પરિણામે તેઓ પૈસા સિવાયની અન્ય બાબતો પર ગંભીરતાથી વિચારી શકતા નથી. આવા લોકો કઈ રીતે આર્થિક લાભ થાય અથવા તો ક્યો એવો ધંધો છે કે જેમાંથી વધુ પૈસા કમાઈ શકાય એવા વિચારો જ લોકોએ કરવા જોઈએ એવો મત ધરાવે છે. આમ, આ રીતે પૈસાનું પરિબળ વ્યક્તિના વિચારો અથવા ચિંતનની દિશાને નિર્ધારિત કરે છે. એવી જ રીતે યાંત્રિક વિચારનો નિયમ એવી પ્રક્રિયા તરફ દિશા નિર્દેશ કરે છે કે જેના દ્વારા માનવીના વિચારો તથા કાર્યોનું સ્વરૂપ મોટેભાગે યંત્રવત બની જાય છે. આધુનિક ઔદ્યોગિક યુગમાં આવું થવાનું સંભવિત છે. માનવીએ મશીનો શોધીને પોતાને ઓછો શ્રમ કરવો પડે એ હેતુથી તેની પાસેથી કામ લેવા માંડ્યું. પરંતુ મશીનો સાથે કામ કરી કરીને માણસ સ્વયં મશીન અથવા તો યંત્ર જેવો થઈ ગયો. વર્તમાન સમયમાં કમ્પ્યૂટરનો અતિ ઉપયોગ માણસને માણસ કરતા ટેકનિકલ વધુ બનાવી દે છે. માનવી યંત્રની માફક જ વિચારે છે. જેમ યંત્રને નૈતિકતા કે સારા-ખરાબ સાથે કંઈ લેવાદેવા નથી તેવું જ માનવીના સંદર્ભમાં પણ બનવા લાગ્યું છે. માનવ ધીમે ધીમે લાગણીશૂન્ય બનવા લાગ્યો છે. સામાજિક સંબંધોનું તેને મન નજીવું મહત્ત્વ રહ્યું છે.

**વેબ્લનના વિચારોની ટીકા :**

1. વેબ્લનના મતે માનવી પોતાની આદતોથી નિયંત્રિત છે. વેબ્લનના આ તથ્ય સાથે ઘણા વિદ્વાનો સંમત થતા નથી. આ વિદ્વાનોના મતે માનવી એક વિવેકી પ્રાણી છે એટલા માટે તેને આદતોનો દાસ માની લેવો યોગ્ય નથી.

2. ભૌતિક પરિસ્થિતિમાં પરિવર્તન આવવાથી સામાજિક પરિવર્તન આવે છે એમ કહેવું પણ ઉચિત નથી. સમાજમાં ક્યારેક એવું પણ જોવા મળે છે કે ભૌતિક પર્યાવરણ બિલકુલ ન બદલાયું હોય છતાં ધાર્મિક, નૈતિક અથવા એવા જ અનેક પરિવર્તનોને કારણે સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા કાર્યાન્વિત થઈ હોય.

3. વેબ્લનના મતે સામાજિક પરિવર્તન અતિ સરળ પ્રક્રિયા છે પરંતુ તેનો આ ખ્યાલ ખોટો છે. વાસ્તવમાં સામાજિક પરિવર્તન એક જટિલ ખ્યાલ છે.

અંગે ચર્ચા શરૂ કરી.

રોબર્ટ મર્ટને તે અંગે એક પેરેડાઈમની રજૂઆત કરી. તે પરેડાઈમ દ્વારા જ્ઞાનના આધારો શોધવાનો પ્રયત્ન કર્યો. તેમના મતે વિચાર, વિચારનો આધાર માનસિક ક્રિયાઓ, માનસિક ચેતાતંત્ર, કલ્પનાઓ એ બધાની નીપજ સામાજિક-સાંસ્કૃતિક બાબતોમાંથી થતી જણાય છે. રોબર્ટ મર્ટને પ્રગટ અને પ્રચ્છન્ન કાર્યોને આમાં વણી લીધા છે. સાથે સાથે ઈતિહાસ પણ આને માટે મહત્ત્વનું પરિબળ છે તેવી ચર્ચા કરી. જ્ઞાનના સમાજશાસ્ત્રમાં માનસિક કાર્યો, ક્રિયા-પ્રક્રિયાઓ, વિચારના મૂળ શોધવાનો પ્રયત્ન છે. મર્ટને સૌપ્રથમ સમાજશાસ્ત્રી તરીકે સામાજિક પરિબળોની ચર્ચા કરી છે. ત્યારબાદ સામાજિક પરિબળોની જનક સંસ્કૃતિ એટલે કે સાંસ્કૃતિક પરિબળોની ચર્ચા કરી છે. સાથે સાથે સમાજની માન્યતાઓ, ધાર્મિક માન્યતાઓ, સમાજનું સ્તર અને સમાજના લોકોના માનસિક સ્તર, કારણાત્મક પ્રતીકાત્મક સંબંધો, સમાજમાં મહત્ત્વની ગણાતી વાતો, ઐતિહાસિક તથ્યો વગેરેને મહત્ત્વના ગણ્યાં છે અને એ પેરેડાઈમ નીચે મુજબ છે.

**1. માનસિક બાબતોના આધારો :**

**(અ) સામાજિક આધાર :**

વિશ્વના સર્વ પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ પ્રાણી માણસ છે અને માનવની સૌથી મહત્ત્વની બાબત એટલે એનો ભૂત-વર્તમાન અને ભવિષ્ય સાથેનો નાતો છે. કોઈપણ એક પેઢી એક જ જન્મમાં મહત્તમ કરી શકે તેનાથી દુનિયા બનતી નથી પરંતુ માનવી ઈતિહાસને ખભે ઊભો રહે છે. આના કારણે માનવ સંસ્કૃતિ એ એક અદ્વિતીય માનવીનું ઘડતર કરે છે. આ ઘડતરની પ્રક્રિયા સમાજમાં થાય છે અને સમાજ એની પાંચ સંસ્થાઓ જેવી કે કુટુંબ, શિક્ષણ, અર્થતંત્ર, રાજકીયતંત્ર અને ધાર્મિકતંત્ર દ્વારા ઘડતરના આ કાર્યમાં સક્રિય બને છે. આ પાંચેય સંસ્થા માનવીના સામાજિક ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપે છે. સમાજમાં મહત્ત્વની બાબત છે - સામાજિક સ્થાન. જેને સમાજશાસ્ત્રીય પરિભાષામાં સામાજિક દરજ્જા તરીકે ઓળખવામાં આવે છે. વ્યવસાય, વર્ગ, વ્યાવસાયિક ભૂમિકા, ઉત્પાદનની વિવિધ રીતો, વિવિધ જૂથ સંરચનાઓ, વર્ગ, વર્ગના હિતો, જાતિ સાથેના જોડાણો, સત્તાના માળખાઓ, સામાજિક ગતિશીલતા અને અનેકવિધ સામાજિક પ્રક્રિયાઓ વગેરે સમાજમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. માનવીય ઘડતરમાં સામાજીકરણ દ્વારા આ બધા જ પરિબળો તેમાં સક્રિય ભૂમિકા ભજવે છે. વ્યક્તિને આપવામાં આવતા ખ્યાલો, દરજ્જાનો કોટિક્રમ, દરજ્જા દ્વારા પ્રાપ્ત થનારા લાભ-ગેરલાભ, વિવિધ વ્યવસાયો સાથે સંકળાયેલી ભૂમિકાઓ, આ ભૂમિકાના લાભ-ગેરલાભ, વિવિધ વર્ગો અને વિવિધ જાતિના સંદર્ભમાં પોતાની જાતિ અને વર્ગ અંગેના પ્રત્યક્ષીકરણો માનવીના બોધન જગતને ઘડે છે. માનવીના જ્ઞાનાત્મક જગતને ઘડનારા આ પરિબળો સાથે સત્તાના વિવિધ માળખાં, તે દ્વારા થતાં કાર્યો, વિવિધ સત્તાના સમીકરણો, એના જોડાણો, એમાં આવતું પરિવર્તન તથા વિવિધ સામાજિક પ્રક્રિયાઓ સામાજીકરણ માટે આધાર બને છે.

ઉપરોક્ત તમામ પરિબળો વ્યક્તિના જ્ઞાનાત્મક જગતને ઘડી વ્યક્તિને એની સમજ તથા વિશ્લેષણ માટે ભાથું બાંધી આપે છે અને વર્તન વ્યવહાર માટે તેને એમાંથી માર્ગદર્શન પ્રાપ્ત થાય છે.

મર્ટનના મતે વિચારનો આધાર સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિ છે અને તેમાંજ વ્યક્તિની પસંદગી, તેના આધારો, તેના કારણો આ બધા અંગે ચોક્કસ કાર્ય-કારણનો સંબંધ પ્રાપ્ત થાય એવું તેઓ જણાવે છે. તેમના મતે વ્યક્તિના વૈચારિક સ્તર, માનસિક કક્ષા, અમૂર્તીકરણનું સ્તર, પૂર્વધારણાઓ અને સમાજ દ્વારા હકીકતોનો સ્વીકાર અને અસ્વીકાર તેમજ વિવિધ બાબતો અંગે સંશયનું વિશ્લેષણ કરવામાં આવે છે. આમ, વ્યક્તિ શું સ્વીકારે છે, શું નથી સ્વીકારતી, કોને સત્ય માને છે, કોને વિશે વિચારે છે તે બાબત અંગે સમાજશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવે છે. ધારણાઓના ખ્યાલો, માળખાઓ અને સત્યાસત્યની કસોટીઓના સ્વીકારાયેલ માળખા તથા બૌદ્ધિક પ્રવૃત્તિના ઉદ્દેશનું વિશ્લેષણ કરાય છે. ટૂંકમાં અનેકવિધ વિચારો, વિચારસરણીઓ, દષ્ટિબિંદુ, પરિપ્રેક્ષ્યોના સામાજિક-સાંસ્કૃતિક આધારના પૃથક્કરણની પ્રવૃત્તિ જ્ઞાનના સમાજશાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ છે.

### 3. માનસિક નીપજનો અસ્તિત્વવાદી બાબતો સાથે સંબંધ :

#### (અ) કારણાત્મક કે કાર્યાત્મક સંબંધો :

માનસિક ક્રિયા-પ્રક્રિયાઓ વચ્ચે કાર્યાત્મક સંબંધ છે કે માત્ર કારણાત્મક સંબંધ છે તે જાણવું જરૂરી છે. કઈ બાબત નિર્ણયાત્મક છે, અનિવાર્ય શરત કઈ છે, કાર્યાત્મક પરસ્પરાવલંબનની શરતો કઈ છે, આંતરક્રિયાઓ, આધારિતપણું વગેરે બાબતો માટેના આધાર અસ્તિત્વવાદી બાબતમાં શોધવાનો પ્રયત્ન જ્ઞાનનું સમાજશાસ્ત્ર કરે છે. ટૂંકમાં કહીએ તો જેનું અસ્તિત્વ છે તેની માનસિક નીપજ પર કયા પ્રકારની અસર થાય છે, માનસિક નીપજ અને અસ્તિત્વવાદી બાબતો વચ્ચે કેવો સંબંધ છે તે જ્ઞાનના સમાજશાસ્ત્રનું મહત્વનું કાર્યક્ષેત્ર છે.

#### (બ) પ્રતીકાત્મક અથવા સાવયવી કે અર્થપૂર્ણ સંબંધો :

જ્ઞાનનું સમાજશાસ્ત્ર વ્યક્તિની માનસિક ક્રિયાઓ વચ્ચેનું સાતત્ય, એકતા, સુસંગતતા, સુગ્રથિતતા, સાનુકૂળતા, તેની અભિવ્યક્તિ, અનુભૂતિ, પ્રતીકાત્મક અભિવ્યક્તિઓ, માળખાગત ઓળખ, વિવિધ આંતરિક જોડાણો, શૈલીની સમાનતા, ઐક્ય અને અર્થબોધની સામ્યતા વગેરે બાબતો ચોક્કસપણે કયા આધારે થાય છે તેની શોધ કરે છે. ટૂંકમાં વિચારો વચ્ચેના તમામ અર્થપૂર્ણ સંબંધો તથા તેમના વિવિધ સ્વરૂપોની ખોજ જ્ઞાનના સમાજશાસ્ત્રમાં કરવામાં આવે છે.

#### (ક) સંબંધોને સ્પષ્ટ કરતા સંદિગ્ધ શબ્દો :

સમાનતા, પ્રતિબિંબ-ની સાથે જોડાણ

...........................................................................................

...........................................................................................

...........................................................................................

(3) માનવની જ્ઞાનયાત્રામાં ભારતનું વિશ્વને પ્રદાન સમજાવો.

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

(4) જ્ઞાનના સમાજશાસ્ત્રના સ્ત્રોત અને માન્યતાઓ સમજાવો.

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

...........................................................................................

.................................................................................................

(6) દુર્ખિમના પુસ્તકોની યાદી આપો.

.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................

(7) જ્ઞાનના સમાજશાસ્ત્રમાં કાર્લ માર્ક્સનું પ્રદાન સમજાવો.

.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................
.................................................................................................

(10) મેક્સ શેલરના પુસ્તકોની યાદી આપો.

(11) કાર્લ મેનહાઈમનો જ્ઞાનના સમાજશાસ્ત્રમાં ફાળો સમજાવો.

(15) જ્ઞાનના સમાજશાસ્ત્રમાં વેબ્લનનું પ્રદાન સમજાવો.

**(19)** રોબર્ટ મર્ટનનું જ્ઞાનનું સમાજશાસ્ત્ર પેરેડાઈમ.

સમાજશાસ્ત્રના પિતા તરીકેનું બિરૂદ પામનાર ઓગસ્ટ કોમ્ટનું પ્રદાન સમાજશાસ્ત્રમાં અનન્ય છે. સામાજિક ભૌતિકશાસ્ત્રને સમાજશાસ્ત્ર એવું નામ આપવા પાછળ કોમ્ટનો હેતુ સમાજશાસ્ત્રને એક વિજ્ઞાનના રૂપમાં પ્રસ્થાપિત કરવાનો હતો. પ્રાકૃતિક ઘટનાઓને જેમ વિજ્ઞાનની મદદથી જાણી-સમજી શકાય છે તેવી જ રીતે સમાજશાસ્ત્રમાં પણ સમાજમાં બનતી સામાજિક ઘટનાઓ અંગેના કાર્ય-કારણના સંબંધોને જાણી શકાય છે. કોમ્ટના મતે નિરીક્ષણ પદ્ધતિ, પ્રયોગ પદ્ધતિ, તુલનાત્મક પદ્ધતિ તથા ઐતિહાસિક પદ્ધતિના ઉપયોગ દ્વારા સામાજિક ઘટનાઓ અંગેનું વૈજ્ઞાનિક જ્ઞાન મેળવી શકાય છે. કોમ્ટ પછી સ્પેન્સર, દુર્ખિમ, પાર્સન્સ જેવા વિદ્વાનોએ સમાજશાસ્ત્રને વિજ્ઞાનના રૂપમાં પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. આ બધા જ વિદ્વાનો સિદ્ધાંતની રચના માટે પ્રાકૃતિક વિજ્ઞાનની વિભાવનાઓ અને મોડેલોનો ઉપયોગ કરે છે.

જયારે બીજી બાજુ સામાજિક ઘટનાઓની જટિલતા તથા પરિવર્તનશીલતા સમાજશાસ્ત્રને વિજ્ઞાન બનાવવાના માર્ગમાં અવરોધરૂપ સાબિત થાય છે. 19મી સદીના અંત ભાગમાં ઔદ્યોગિક વ્યવસ્થાને કારણે ઉદ્ભવેલી નવીન પરિસ્થિતિઓના ફળસ્વરૂપે સમાજશાસ્ત્રનું સ્વરૂપ ધીમે ધીમે પરિવર્તન પામવા લાગ્યું. અમેરિકન સમાજશાસ્ત્રમાં માનવીની ઈચ્છાઓ, ભાવનાઓ, હેતુઓ, બુદ્ધિ વગેરે મનોવૈજ્ઞાનિક તત્વોને મહત્ત્વ આપવામાં આવ્યું. ઔદ્યોગિકરણ તથા શહેરીકરણને કારણે ઉદ્ભવેલી નવી સામાજિક સમસ્યાઓ તરફ લોકોનું ધ્યાન ખેંચાયું. આ સામાજિક પરિસ્થિતિઓને કારણે સમાજશાસ્ત્રમાં માનવીય પરિપ્રેક્ષ્યનો ઉદ્ભવ થયો. માનવીય પરિપ્રેક્ષ્યના સમર્થકો સમાજના સભ્યોના દૃષ્ટિકોણથી સમાજને સમજવાનો પ્રયાસ કરે છે. આ પરિપ્રેક્ષ્ય પરંપરાગત કે વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યથી જુદા પ્રકારનો છે. સમાજશાસ્ત્રમાં ડિલ્થે નામના વિદ્વાને સૌપ્રથમ વખત અનુભવજન્ય રીતે પરંપરાના વિરોધ દ્વારા વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્ય સામે પડકાર ફેંક્યો હતો.

અમેરિકન સમાજશાસ્ત્રમાં વૈજ્ઞાનિકને બદલે અનુભવજન્ય દૃષ્ટિકોણથી સામાજિક પરિસ્થિતિના વિશ્લેષણને વધારે મહત્ત્વ આપવામાં આવતું હતું. ઈ.સ. 1920 થી ઈ.સ. 1940 સુધીના સમયગાળા દરમ્યાન સમાજશાસ્ત્રમાં અનુભવજન્ય અભ્યાસોનું મહત્ત્વ વધ્યું. સામાજિક પરિવર્તન, સમુદાયો, કુટુંબ, વિચલિત વર્તન, બાળઅપરાધ, વસ્તીવધારો વગેરેને લગતા અનેક સંશોધનો થયા. આ સમયે વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્ય મુજબ ઓગબર્ન, ચૈપિન, બર્નાડ તથા રાઈસે પ્રયોગો, નિયંત્રિત ક્ષેત્રિય અભ્યાસો, તથ્યોની આંકડાકીય સમીક્ષા વગેરે પર ભાર મૂક્યો. જયારે થોમસ, રોબર્ટ ઈઝરાપાર્ક, લિન્ડસ વગેરેએ માનવવાદી વૈયક્તિક અધ્યયન તથા સહભાગી નિરીક્ષણને વિશેષ મહત્વ આપ્યું. ઘણા લાંબા સમયથી ઉપેક્ષિત રહેલા સમૂહો, વર્ગો અને વ્યક્તિઓના અભ્યાસ પર માનવીય પરિપ્રેક્ષ્યના સમર્થકોએ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

સમાજશાસ્ત્રનો માનવીય પરિપ્રેક્ષ્ય વસ્તુનિષ્ઠ અભ્યાસોની જગ્યાએ ભાવનિષ્ઠ અભ્યાસો પર ભાર મૂકે છે. તેમાં સમાજને બદલે વૈયક્તિક અધ્યયનને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. માનવીય પરિપ્રેક્ષ્ય મુજબ જડ પદાર્થોનો અભ્યાસ વસ્તુનિષ્ઠ રીતે કરી શકાય છે પરંતુ સામાજિક ઘટનાઓનો અભ્યાસ વસ્તુનિષ્ઠ રીતે કરી શકાય નહીં. કારણ કે માનવી લાગણીઓથી ભરેલો પુંજ છે. માનવીમાં રહેલી ભાવનાઓ, વિચારો, સંવેદનાઓ વગેરેનો પ્રભાવ સામાજિક ઘટનાઓ પર પડતો હોય છે. માનવી કોઈ તથ્ય અથવા ઘટનાને કયો અર્થ આપશે, તેને કઈ રીતે સમજશે તેનું અભ્યાસમાં ઘણું મહત્વ રહેલું છે. આમ સામાજિક વાસ્તવિક્તાને સમજવા માટે હેતુ, બોધ અથવા સમજણ પર

આ અભિગમ કરે છે. મેક્સવેબરે સામાજિક વાસ્તવિક્તાને સમજવા માટે વર્સ્ટેહન પદ્ધત્તિને વિશેષ મહત્ત્વ આપ્યું હતું. આ વર્સ્ટેહન પદ્ધત્તિ ઘટનાઓ અંગેનું જ્ઞાન મેળવવા પર ભાર મૂકતી હતી. આ રીતે આ અભિગમ ઘટનાઓના બોધ પર વિશેષ ભાર મૂકે છે. તે વસ્તુનિષ્ઠ અધ્યયન, આંકડાઓની ગણતરી, પ્રશ્નાવલિ, અનુસૂચિ અને સર્વેક્ષણ-વિશ્લેષણને સ્વીકારતા નથી. આમ એથ્નોમેથોડોલોજી એક વ્યક્તિનિષ્ઠ પદ્ધતિ છે.

આ પદ્ધતિના પિતા અમેરિકન સમાજશાસ્ત્રી હેરોલ્ડ ગારફિંકલ છે. તેમણે ઈ.સ. 1967માં 'Studies in Ethnomethodology' નામના પોતાના પુસ્તકમાં સર્વપ્રથમ આ શબ્દનો પ્રયોગ કર્યો હતો. આ અભિગમના અન્ય સમર્થકોમાં વિટનર, સિકોરલ, ચર્ચિલ, રોઝ, બીટર ઝિપરમેન વગેરેના નામો વિશેષ ઉલ્લેખનીય છે.

**એથ્નોમેથોડોલોજીના ઉદ્દ્ભવના સ્રોત :**

એથ્નોમેથોડોલોજી અભિગમના ઉદ્ભવમાં કેટલાક સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ સિદ્ધાંતોને આપણે નીચે મુજબ દર્શાવી શકીએ.

**(1) પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ :**

એથ્નોમેથોડોલોજી અભિગમના મૂળ પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ તથા ઘટનાશાસ્ત્રીય અભિગમમાં જોવા મળે છે. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં કર્તા પાસે પ્રતીક નિર્માણની ક્ષમતા હોય છે. સાથે સાથે સામાજિક પરિસ્થિતિમાં નવી વસ્તુઓના પ્રવેશની તથા પુનઃ પરિભાષિત કરવાની પણ ક્ષમતા હોય છે. આ વિચારોનો હેતુ એ જાણવાનો છે કે સામાજિક પરિસ્થિતિમાં આંતરક્રિયા કરવાવાળો વ્યક્તિ અર્થાત્ કર્તા કઈ રીતે અર્થ તથા પરિભાષાનું નિર્માણ કરે છે. અન્વેષણની આ સ્થિતિ એથ્નોમેથોડોલોજી અભિગમમાં પણ જોવા મળે છે.

**(2) રંગભૂમિનો અભિગમ :**

જગતને રંગભૂમિ માનવાનો અભિગમ સાહિત્ય ક્ષેત્રે પણ જોવા મળે છે. શેક્સપિયરે જગતને રંગભૂમિની ઉપમા આપી છે અને માનવ એમાં ઈશ્વરના દિગ્દર્શન મુજબ પોતાની ભૂમિકા ભજવે છે. અધ્યાત્મના વિચારોમાં પણ આ જ બાબત સ્પષ્ટ થતી જણાય છે. સમાજશાસ્ત્રમાં ઈરવન ગોફમેનનો રંગભૂમિનો અભિગમ એથ્નોમેથોડોલોજી માટે એક મહત્ત્વપૂર્ણ સ્રોત રહ્યો છે. ગોફમેનનો આ રંગભૂમિનો અભિગમ પ્રતીકાત્મક આંતરક્રિયાવાદને એક નવી જ રીતે પ્રસ્તુત કરે છે. કર્તા કઈ રીતે પ્રતીકોના માધ્યમથી કોઈ વિશેષ સામાજિક પરિસ્થિતિમાં પ્રભાવ પાડવાનો પ્રયાસ કરે છે એ મહત્ત્વનું છે. ગોફમેનના વિશ્લેષણનો મોટો ભાગ આંતરક્રિયાના સ્વરૂપ પર કેન્દ્રિત થયેલો છે. સામાજિક આંતરક્રિયાના સ્વરૂપનું વિશ્લેષણ એથ્નોમેથોડોલોજીના અભિગમમાં પણ મહત્વનું બની જાય છે. કર્તા કઈ રીતે સામાજિક વાસ્તવિક્તાનો ભાવ ઉત્પન્ન કરે છે એ જાણવાનો પ્રયાસ એથ્નોમેથોડોલોજી અભિગમ કરે છે.

**(3) ઘટનાશાસ્ત્રીય અભિગમ :**

ઘટનાશાસ્ત્રીય અભિગમ પણ એથ્નોમેથોડોલોજીના અભિગમ માટે પૂર્વભૂમિકા પૂરી પાડે છે. શુટ્ઝ અને હર્સેલે ઘટનાશાસ્ત્રને દાર્શનિક વિવેચનથી દૂર કર્યું. સામાજિક આંતરક્રિયા કઈ રીતે સામાજિક વાસ્તવિક્તાના નિર્માણમાં ફાળો આપે છે તે જાણવાનો

કરે છે. સમાજમાં શું બની રહ્યું છે ? એ જાણવા માટે સામાન્ય વ્યક્તિ ઘણી પદ્ધતિઓનો ઉપયોગ કરે છે જેને એથ્નો તરીકે ઓળખવામાં આવે છે. તે વ્યાવસાયિક વૈજ્ઞાનિક પ્રક્રિયાથી નહીં પરંતુ સામાન્ય જ્ઞાન દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. આમ એથ્નોમેથોડોલોજી સમૂહના સભ્યો દ્વારા સમુદાયને સમજવાના, નિર્ણય કરવાના તથા ક્રિયાના કારણોને શોધવાના પ્રયોગમાં પ્રયોજવામાં આવતી પદ્ધતિ છે.

બર્નાર્ડ ફિલિપ્સ જણાવે છે કે એથ્નોમેથોડોલોજી એક સૈદ્ધાંતિક અભિગમ છે જેનો હેતુ લોકો પોતાની રોજિંદી ક્રિયાઓમાં કેવા પ્રકારની પરિસ્થિતિની પરિભાષા રચે છે તથા તેને વાસ્તવિક્તામાં ઢાળે છે તેનું વર્ણન કરવાનો છે.

આમ ઉપર્યુક્ત પરિભાષાઓ પરથી સ્પષ્ટ થાય છે કે એથ્નોમેથોડોલોજી સામાજિક વાસ્તવિક્તાને સિદ્ધાંતોના આધારે સમજવાને બદલે રોજબરોજની સામાજિક ઘટનાઓ અને તેના પ્રત્યે લોકોની પ્રતિક્રિયાઓના આધારે સમજવા પર ભાર મૂકે છે. સમાજમાં આંતરક્રિયાની પ્રક્રિયામાં સહભાગી થવાવાળા લોકો કેટલાય પ્રકારના દૃષ્ટિકોણથી એ ઘટનાનું નિરીક્ષણ કરે છે તથા પોતપોતાના દૃષ્ટિકોણ મુજબ જે તે ઘટનાનું વર્ણન કરે છે. આ રીતે સામાન્ય લોકોના એ આંતરક્રિયાના સંદર્ભમાં વિચાર અને તેનું વર્ણન જ સામાજિક વાસ્તવિક્તા છે જેને જાણવાનો પ્રયત્ન એથ્નોમેથોડોલોજી કરે છે. રોજબરોજની ઘટનાઓને વ્યવસ્થિત રીતે સમજવી એ જ આ પદ્ધતિનો હેતુ છે. ઘટનાના અર્થોનું જેટલું મહત્વ છે એટલું મહત્વ ઘટનાનું નથી. સામાન્ય લોકો ઘટનાઓનો કેવો અર્થ કરે છે, આ અર્થ કે બોધનું આદાનપ્રદાન કેવી રીતે કરે છે એ જ એથ્નોમેથોડોલોજીનું વિષયવસ્તુ છે.

કોઈપણ ઘટનાનો અભ્યાસ બે રીતે કરી શકાય છે, એક વસ્તુનિષ્ઠ આધાર પર તથા બીજું વ્યક્તિનિષ્ઠ આધાર પર. તથ્યો જેવાં છે તેને તેવા જ સ્વરૂપમાં રજૂ કરવા જોઈએ. વ્યક્તિએ પોતાના વિચાર, ભાવનાઓ, લાગણીઓથી પ્રેરાઈને તેને નકારવા જોઈએ નહીં. વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા પ્રાપ્ત આ પ્રકારના જ્ઞાનને જ વસ્તુનિષ્ઠ તરીકે ઓળખવામાં આવે છે. દા. ત. બોટલમાં ભરેલું રંગીન પાણી, પાણી જ છે તે અન્ય બીજું કંઈ જ ન હોઈ શકે - એ તથ્ય છે, વૈજ્ઞાનિક સત્ય છે.

પરંતુ કોઈ ઘટનાને પોતાની દૃષ્ટિથી જોવી અને વર્ણન કરવું એ વ્યક્તિનિષ્ઠ દૃષ્ટિબિંદુ છે. એથ્નોમેથોડોલોજીમાં અર્થબોધને મહત્વ આપવામાં આવ્યું છે. આ અભિગમ મુજબ રોજબરોજના જીવનમાં લોકો ઘટનાઓનો જેવો અર્થ કરે છે તેવો જ વ્યવહાર કરે છે. એટલે કે એ જ તેના અભ્યાસનો વિષય હોવો જોઈએ. સામાજિક આંતરક્રિયાની વ્યાખ્યા ત્યાં સુધી ન કરી શકાય જ્યાં સુધી તેના અર્થબોધનો ખ્યાલ ન આવે. એથ્નોમેથોડોલોજી સામાજિક આંતરક્રિયાની પાછળ છૂપાયેલા અર્થને પામવાનો પ્રયત્ન કરે છે.

**ગારફિંકલનું પ્રદાન :**

આગળ જોયું તે પ્રમાણે એથ્નોમેથોડોલોજીનો ઉદ્ભવ અને વિકાસ સમાજશાસ્ત્રમાં સંરચનાત્મક અને કાર્યાત્મકવાદી અભિગમ, વિજ્ઞાનવાદ અને પ્રત્યક્ષવાદના વિરોધના સ્વરૂપમાં થયો. આ અભિગમ પરંપરાગત સમાજશાસ્ત્રનો વિરોધી છે. એથ્નોમેથોડોલોજી નવીન પદ્ધત્તિઓ દ્વારા સામાજિક વાસ્તવિક્તાઓને સમજવાનો પ્રયાસ કરે છે.

અમેરિકન સમાજશાસ્ત્રી હેરોલ્ડ ગારફિંકલ સમકાલીન સમાજશાસ્ત્રીઓમાં પોતાના મૌલિક ચિંતન અને વિચારો માટે પ્રસિદ્ધ છે. તેમનો જન્મ ઈ.સ. 1917માં થયો હતો. 1952માં તેઓએ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. તેઓ ઓહાયો અને શિકાગો વિશ્વવિદ્યાલયમાં પ્રાધ્યાપક હતા. 1959માં તેમણે લોસ એન્જેલસમાં કેલિફોર્નિયા

## 1. દસ્તાવેજી પદ્ધતિ :

આ પદ્ધતિની અંતર્ગત કોઈ પણ સામાજિક પરિસ્થિતિ અથવા સંદર્ભની અનેક વિશેષતાઓમાંથી કેટલીક વિશેષતાઓને અભ્યાસ માટે પસંદ કરવામાં આવે છે. અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલી વિશેષતાઓના પાસાંને પરિભાષિત કરવામાં આવે છે તથા તેને સામાજિક વ્યવસ્થાના પ્રતિમાનના પુરાવા તરીકે સ્વીકારવામાં આવે છે. આ પ્રક્રિયાને ઉલટાવી દેવામાં આવે તથા પુનઃ કોઈ વિશેષ પ્રતિમાનના ઉદાહરણને કોઈ પ્રતિમાનના અસ્તિત્વના પ્રમાણ માટે પ્રયોજવામાં આવે છે. ગારફિંકલ જણાવે છે કે સમાજના સભ્યો સામાજિક જગતનું જ્ઞાન મેળવવા તથા તેની વ્યવસ્થાના કારણોને જાણવા માટે દસ્તાવેજી પદ્ધતિનો ઉપયોગ કરે છે. ગારફિંકલના જ શબ્દોમાં કહીએ તો કોઈ વાસ્તવિક ઘટનાના પૂર્વ કલ્પિત પ્રતિમાનને જ એક દસ્તાવેજ અથવા એક સંકેત માનવામાં આવે છે.

વ્યક્તિગત દસ્તાવેજના પ્રમાણના આધારે જ નિશ્ચિત પ્રતિમાનને જાણી શકાય છે. દા.ત. એટકિન્સને આત્મહત્યાઓના અભ્યાસમાં આ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. આત્મહત્યાનો અભ્યાસ કરવાવાળા અધિકારીઓએ જે મૃત્યુને આત્મહત્યાની શ્રેણીમાં મૂક્યુ હતું તેને જ આત્મહત્યા માની લેવામાં આવી. આત્મહત્યાનો આ સામાન્ય જ્ઞાનનો સિદ્ધાંત છે. જે મૃત્યુ પામેલા લોકોને આત્મહત્યાની શ્રેણીમાં મૂકવામાં આવ્યા હતા તે જ નિહિત પ્રતિમાનો માટે પ્રમાણનું કામ કરે છે. આ રીતે પ્રતિમાનનું ઉદાહરણ તથા સ્વયં પ્રતિમાન એક થઈને એકબીજાના અસ્તિત્વને આધાર પ્રદાન કરે છે. ગારફિંકલ જણાવે છે કે આ રીતે દસ્તાવેજી પદ્ધત્તિ સ્વચાલિત પદ્ધતિ છે અને સામાજિક જીવન પણ વાસ્તવમાં સ્વચાલિત છે. સમાજના સભ્યો આ સામાજિક જગતનું વર્ણન કરે છે કે જે સામાજિક વાસ્તવિક્તા હોય છે. તેઓ આત્મહત્યાનું જે વર્ણન કરે છે તે જ સામાજિક જગતમાં આત્મહત્યા તરીકે ઓળખાય છે. આ રીતે સામાજિક જગતનું નિર્માણ એ પદ્ધતિઓ અને વર્ણનની પ્રક્રિયા દ્વારા થાય છે કે જે સમાજના સભ્યો દ્વારા પરિભાષિત થાય છે. આ રીતે સામાજિક જગતનું નિર્માણ તેના સભ્યો દ્વારા દસ્તાવેજી પદ્ધતિના ઉપયોગથી થાય છે.

ગારફિંકલે દસ્તાવેજી પદ્ધતિનો પ્રયોગ યેલ વિશ્વવિદ્યાલયના મનોવિજ્ઞાન વિભાગમાં કર્યો હતો. આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને એક નવીન પ્રકારની મનોવૈજ્ઞાનિક કસોટીમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું. આ કસોટીમાં સહભાગી થનાર દરેક વિદ્યાર્થીને પોતાની સમસ્યાનું ટૂંકમાં વર્ણન કરવાનું જણાવવામાં આવ્યું. વિદ્યાર્થીઓની સમસ્યાઓને કઈ રીતે નિવારી શકાય તે અંગેનું માર્ગદર્શન આપવા માટે નિષ્ણાત મનોવિજ્ઞાનીઓને પણ બોલાવવામાં આવ્યા. વિદ્યાર્થીઓ અને મનોવિજ્ઞાનીઓને એકબીજાને પ્રત્યક્ષ રીતે જોઈ ન શકે તે રીતે અલગ અલગ રૂમમાં બેસાડવામાં આવ્યા. વિદ્યાર્થીઓ પોતાની સમસ્યાઓને ટૂંકમા ટેલીફોનના માધ્યમથી મનોવૈજ્ઞાનિકોને જણાવતા હતા અને મનોવૈજ્ઞાનિકો તેનો માત્ર 'હા' અથવા 'ના' માં જ ઉત્તર આપતા હતા.

જુદી જુદી સમસ્યાઓથી પરેશાન આ વિદ્યાર્થીઓમાં એક યહૂદી વિદ્યાર્થી જેન્ટાઈલ જાતિની એક છોકરીના પ્રેમમાં પાગલ હતો. આ વિદ્યાર્થીની સમસ્યાનું કારણ પણ તેનો આ પ્રેમ જ હતો. પોતાના આ પ્રેમસંબંધ વિશે જયારે તેના માતા-પિતા જાણશે તો તેઓ કેવી પ્રતિક્રિયા વ્યક્ત કરશે ? પોતાના પ્રિય પાત્ર સાથે લગ્ન થયા પછીનું જીવન કેવું હશે? તેમના સંતાનોનું ભવિષ્ય કેવું હશે ? - મનમાં ઉદ્ભવેલા આ બધા સવાલોથી તે ચિંતિત હતો. તેણે પોતાની આ બધી મૂંઝવણોને લગતા પ્રશ્નો મનોવૈજ્ઞાનિકોને પૂછ્યા. મનોવૈજ્ઞાનિકો પ્રશ્નોના નક્કી કરેલા ક્રમ મુજબ તેના ઉત્તર 'હા' અથવા 'ના' માં આપતા હતા. મનોવૈજ્ઞાનિકો દ્વારા આપવામાં આવેલા આ ઉત્તરોને વિદ્યાર્થીઓએ તાર્કિક, ઉચિત અને પોતાની સમસ્યાના સમાધાનમાં સહાયક માની લીધા. જો કે મનોવૈજ્ઞાનિકો

વ્યાવહારિક જ્ઞાનના આધારે અભ્યાસ કરે છે. ઘટનાઓના વ્યાવહારિક અર્થના આધારે સામાજિક પરિસ્થિતિઓ સાથે તે સમાધાન કરે છે. આમ સામાન્ય વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલો ઘટનાઓનો અર્થ મહત્ત્વનો છે. ગારફિંકલ જણાવે છે કે સામાજિક ઘટનાઓનો અભ્યાસ કરતી વેળાએ વ્યાવહારિક તર્કસંગતતાને ધ્યાનમાં રાખવી જોઈએ. ગારફિંકલના મતે અનુભવ પર આધારિત જ્ઞાન જ વ્યાવહારિક સમાજશાસ્ત્રીય તર્ક છે.

ઘટનાઓના અભ્યાસમાં કર્તાના દૃષ્ટિકોણને પણ મહત્ત્વ આપવું જોઈએ. સામાન્ય માનવીમાં પણ ઘટનાઓનો અનુભવ કરવાની, તેને સંગઠિત કરવાની તથા તેનું વર્ગીકરણ કરવાની ક્ષમતા હોય છે. સામાન્ય માનવી સમાજશાસ્ત્રીય જ્ઞાનના આધારે નહીં પરંતુ વ્યાવહારિક જ્ઞાનના આધારે જ ઘટનાઓનો અનુભવ કરે છે, તેને સંગઠિત કરે છે અને તેનું વર્ગીકરણ કરે છે.

સમાજશાસ્ત્રી પણ સામાજિક ક્રિયાઓની વ્યાખ્યા કરે છે. આ કાર્ય તે પોતાની પાસેના સૈદ્ધાંતિક જ્ઞાનના આધારે કરે છે. આ સૈદ્ધાંતિક જ્ઞાન તેણે શિક્ષણના માધ્યમથી પ્રાપ્ત કરેલું હોય છે. ગારફિંકલ જણાવે છે કે આ અર્થમાં પ્રત્યેક વ્યક્તિ સમાજશાસ્ત્રી નથી કારણ કે તે ઘટનાઓને સામાન્ય દૃષ્ટિએ અને સામાન્ય અર્થમાં જૂએ છે. જ્યારે સમાજશાસ્ત્રી ઘટનાઓનો અભ્યાસ કરે છે ત્યારે તેની પાછળ તેનો વિશિષ્ટ હેતુ હોય છે. તે અભ્યાસ હેઠળ ઘટનાઓની અમૂર્ત અને તર્કસંગત વ્યાખ્યા તથા વિશ્લેષણ કરે છે. તે ઘટનાઓનું સંગઠન, વર્ગીકરણ અને સંક્ષિપ્તીકરણ કરે છે. સામાન્ય વ્યક્તિ સમાજશાસ્ત્રીય વિશ્લેષણ અને વ્યાખ્યાના સૈદ્ધાંતિક પાસાંને જાણતો હોતો નથી. પરંતુ તે પોતાના સામાન્ય જ્ઞાનના આધારે સામાજિક ક્રિયાઓ અને ઘટનાઓની વ્યાખ્યા કરે છે જેને ગારફિંકલ વ્યાવહારિક સમાજશાસ્ત્રીય તર્ક તરીકે ઓળખાવે છે. વ્યાવહારિક સમાજશાસ્ત્રીય તર્કમાં ગારફિંકલ ત્રણ બાબતોને મહત્વની ગણાવે છે જે નીચે મુજબ છે.

1. રોજબરોજની ઘટનાઓનો અભ્યાસ અને મનન.
2. પોતાના અનુભવના આધારે ઘટનાઓનું વર્ગીકરણ.
3. ઘટનાઓનું તાર્કિક વિવરણ પ્રસ્તુત કરવું.

ગારફિંકલ જણાવે છે કે સામાન્ય વ્યક્તિ દ્વારા પ્રયોજવામાં આવતા વ્યાવહારિક તર્કોનું ખંડન ન કરતા, તેને સ્વીકારવો જોઈએ કારણ કે વ્યક્તિ દ્વારા પ્રયોજવામાં આવતા તર્ક અથવા પદ્ધતિનો ઉપયોગ અન્ય વ્યક્તિઓ પણ કરે છે.

**4. ટીકાત્મક વ્યવહાર :**

ગારફિંકલ જણાવ છે કે આપણે આપણા રોજિંદા જીવનમાં એવા અનેક શબ્દ સમૂહોનો ઉપયોગ કરીએ છીએ જેનો કોઈ વિશિષ્ટ અર્થ હોતો નથી. તેનો અર્થ શબ્દોમાં છૂપાયેલો હોય છે. આ શબ્દો સામાજિક સંચાર તથા પારસ્પરિક આંતરક્રિયામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે એટલા માટે આપણે તેનો પણ અભ્યાસ કરવો જોઈએ. તે સામાજિક વાસ્તવિક્તાને જાણવામાં સહાય નીવડશે. શબ્દોના અર્થ લોકો પોતાના સામાન્ય જ્ઞાનના આધારે કરતા હોય છે. આ શબ્દો સ્વયં પરિભાષિત હોય છે, તેને વિસ્તૃત રીતે પરિભાષિત કરવામાં આવતા નથી. ટીકાત્મક વ્યવહારમાં શબ્દોના સામાજિક પાસાંને પણ સમજી શકાય છે કે જેને એથ્નોમેથોડોલોજીમાં વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

કે બાહ્ય સ્વરૂપો દ્વારા પણ સમજી શકાય નહીં પરંતુ તેને સમજવા માટે તેની પાછળ છૂપાયેલા અર્થો, મનોવૃત્તિઓ, મનોભાવો, પ્રેરણાઓ અને અનુભૂતિઓને સમજવી પડે. હર્સેલે આ બધાને સમજવા માટે માનવશાસ્ત્રીય પદ્ધતિ વિકસાવવા પર ભાર મૂક્યો છે.

**આલ્ફ્રેડ શૂટ્ઝનું યોગદાન :**

હર્સેલની જેમ આલ્ફ્રેડ શૂટ્ઝે પણ આદર્શ પ્રકારને બદલે સામાજિક આંતરક્રિયાને મહત્ત્વ આપ્યું છે. શૂટ્ઝ જણાવે છે કે સામાજિક પરિસ્થિતિઓ પરિવર્તનશીલ હોય છે, માટે સામાજિક ઘટનાઓનું અધ્યયન પરંપરાગત પદ્ધતિઓ દ્વારા કરી શકાય નહીં. શૂટ્ઝ જણાવે છે કે ઘટનાશાસ્ત્રીય અને એથ્નોમેથોડોલોજી આ બંને પદ્ધતિઓ દ્વારા સામાજિક આંતરક્રિયાનો અભ્યાસ કરવો જોઈએ. શૂટ્ઝના મતે સમાજશાસ્ત્રીએ કર્તાના દૃષ્ટિબિંદુથી જ ઘટનાને સમજવી જોઈએ. તેમાં પોતાના અર્થોને તેણે સામેલ કરવા જોઈએ નહીં. સામાજિક વાસ્તવિક્તાના અધ્યયનની આ જ સાચી રીત છે.

શૂટ્ઝ સામાજિક વાસ્તવિક્તાના બે સ્વરૂપો દર્શાવે છે, એક ભૌતિક વાસ્તવિક્તા અને બીજી સામાજિક વાસ્તવિક્તા. પ્રાકૃતિક વિજ્ઞાન ભૌતિક વાસ્તવિક્તા સાથે સંબંધિત છે, જયારે સમાજશાસ્ત્ર સામાજિક વાસ્તવિક્તા સાથે સંબંધિત છે. ઘટનાઓ અંગેનું જ્ઞાન દાર્શનિક પદ્ધતિ દ્વારા પણ પ્રાપ્ત કરી શકાય છે. એથ્નોમેથોડોલોજી સમાજને સમજવા માટે દાર્શનિક પદ્ધતિને સ્વીકારે છે કારણ કે દર્શનશાસ્ત્રના સિદ્ધાંતો એથ્નોમેથોડોલોજીના પાયામાં છે. શૂટ્ઝ સામાજિક વાસ્તવિક્તાને સમજવા માટે દાર્શનિક અભિગમ અપનાવવાની બાબત પર ભાર મૂકે છે.

ગારફિંકલ, હર્સેલ, શૂટ્ઝ ઉપરાંત હાર્વે સેક્સ, ઝિમરમેન, પાલનર, બેડર અને આરો સિકોરલ, કોલિન્સ વગેરે વિદ્વાનોએ એથ્નોમેથોડોલોજીના વિકાસમાં પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. હાર્વે સેક્સે ગારફિંકલના વિચારોને વિસ્તૃત સ્વરૂપ આપ્યું છે. તેમણે ભાષા વિજ્ઞાનના અધ્યયનમાં આ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. વાર્તાલાપ વિશ્લેષણમાં આ પદ્ધતિનો ઉપયોગ કરીને તેને નૂતન અર્થ આપવાનું કાર્ય તેમણે કર્યું છે. તેમના મતે શબ્દ તટસ્થ વાહન જ નહીં પરંતુ સમાજશાસ્ત્રીય વિશ્લેષણના યંત્ર તથા સાધન પણ છે.

આરો સિકોરલ સમાજશાસ્ત્રમાં ગણિત અને આંકડાશાસ્ત્રના વિરોધી હતા કારણ કે ગણિતની ભાષા એ ઘટના સાથે સંવાદ નથી કરી શકતી જેના વર્ણન માટે તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

ઝિમરમેને નોકરશાહીના નિયમોની વ્યાવહારિક્તાનો અભ્યાસ એથ્નોમેથોડોલોજીના આધારે કર્યો છે. તેમના અભ્યાસનું તારણ એ છે કે સામાન્ય ખ્યાલ મુજબ નોકરશાહીમાં અધિકારીઓ નિયમો પ્રમાણે કાર્ય કરે છે જયારે વાસ્તવિક્તા એ છે કે અધિકારીઓ જે પણ કાર્ય કરે છે તેને તેઓ નિયમોને આધારે ઉચિત ઠરાવવાનો પ્રયાસ કરે છે અથવા તેઓ નિયમોનું ઉલ્લંઘન કરીને તેના પરિણામોને પણ જાણે તેઓએ નિયમોનું પાલન કર્યું છે એ રીતે દર્શાવે છે.

થોડેઘણે અંશે તેના બધા જ પ્રયોજનો સાથે સંબંધિત વિચારની આદતોનું નિર્માણ કરે છે. પ્રત્યેક વ્યક્તિ વિચાર કરવાની આદતોનો એક સંકુલ છે. વિચાર એ માનસિક પ્રક્રિયા છે. એકબાજુ તે વ્યક્તિના વ્યવહાર કે આચરણના રૂપમાં વ્યક્ત થાય છે તો બીજી બાજુ જ્ઞાનના રૂપમાં વ્યક્તિ પોતાની જાતને અભિવ્યક્ત કરે છે. આમ, વિચાર કરવાની આદતોનો પ્રભાવ જ્ઞાનની અભિવ્યક્તિમાં સ્પષ્ટ જોઈ શકાય છે. મોટેભાગે વિચારની અથવા જ્ઞાનની યોજના જીવનની યોજનાનો જ પડછાયો હોય છે.

વેબ્લને પોતાના જુદા જુદા વિચારોને વ્યક્ત કરવા માટે જુદા જુદા નિયમોનું પ્રતિપાદન પણ કર્યું છે. આ બધા નિયમોમાં જ્ઞાનના સમાજશાસ્ત્ર સાથે સંબંધિત આર્થિક ચિંતનનો નિયમ તથા યાંત્રિક વિચારનો નિયમ સમજવા જેવો છે. વેબ્લનના આર્થિક ચિંતનના નિયમ મુજબ કેટલાક વ્યવસાયો આર્થિક વિચારોને જન્માવે છે તથા તેના પરિણામસ્વરૂપે આર્થિક દૃષ્ટિબિંદુથી વિચાર કરવાની આદત વિકસે છે. સમાજમાં કેટલાય લોકો કેમ કરીને વધુ પૈસા રળી કમાઈ શકાય એને લગતું ચિંતન તેમના માનસિક જગતમાં કેન્દ્રસ્થાને હોય છે. આના પરિણામે તેઓ પૈસા સિવાયની અન્ય બાબતો પર ગંભીરતાથી વિચારી શકતા નથી. આવા લોકો કઈ રીતે આર્થિક લાભ થાય અથવા તો ક્યો એવો ધંધો છે કે જેમાંથી વધુ પૈસા કમાઈ શકાય એવા વિચારો જ લોકોએ કરવા જોઈએ એવો મત ધરાવે છે. આમ, આ રીતે પૈસાનું પરિબળ વ્યક્તિના વિચારો અથવા ચિંતનની દિશાને નિર્ધારિત કરે છે. એવી જ રીતે યાંત્રિક વિચારનો નિયમ એવી પ્રક્રિયા તરફ દિશા નિર્દેશ કરે છે કે જેના દ્વારા માનવીના વિચારો તથા કાર્યોનું સ્વરૂપ મોટેભાગે યંત્રવત બની જાય છે. આધુનિક ઔદ્યોગિક યુગમાં આવું થવાનું સંભવિત છે. માનવીએ મશીનો શોધીને પોતાને ઓછો શ્રમ કરવો પડે એ હેતુથી તેની પાસેથી કામ લેવા માંડ્યું. પરંતુ મશીનો સાથે કામ કરી કરીને માણસ સ્વયં મશીન અથવા તો યંત્ર જેવો થઈ ગયો. વર્તમાન સમયમાં કમ્પ્યૂટરનો અતિ ઉપયોગ માણસને માણસ કરતા ટેકનિકલ વધુ બનાવી દે છે. માનવી યંત્રની માફક જ વિચારે છે. જેમ યંત્રને નૈતિકતા કે સારા-ખરાબ સાથે કંઈ લેવાદેવા નથી તેવું જ માનવીના સંદર્ભમાં પણ બનવા લાગ્યું છે. માનવ ધીમે ધીમે લાગણીશૂન્ય બનવા લાગ્યો છે. સામાજિક સંબંધોનું તેને મન નજીવું મહત્ત્વ રહ્યું છે.

**વેબ્લનના વિચારોની ટીકા :**

1. વેબ્લનના મતે માનવી પોતાની આદતોથી નિયંત્રિત છે. વેબ્લનના આ તથ્ય સાથે ઘણા વિદ્વાનો સંમત થતા નથી. આ વિદ્વાનોના મતે માનવી એક વિવેકી પ્રાણી છે એટલા માટે તેને આદતોનો દાસ માની લેવો યોગ્ય નથી.

2. ભૌતિક પરિસ્થિતિમાં પરિવર્તન આવવાથી સામાજિક પરિવર્તન આવે છે એમ કહેવું પણ ઉચિત નથી. સમાજમાં ક્યારેક એવું પણ જોવા મળે છે કે ભૌતિક પર્યાવરણ બિલકુલ ન બદલાયું હોય છતાં ધાર્મિક, નૈતિક અથવા એવા જ અનેક પરિવર્તનોને કારણે સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા કાર્યાન્વિત થઈ હોય.

3. વેબ્લનના મતે સામાજિક પરિવર્તન અતિ સરળ પ્રક્રિયા છે પરંતુ તેનો આ ખ્યાલ ખોટો છે. વાસ્તવમાં સામાજિક પરિવર્તન એક જટિલ ખ્યાલ છે.

**રોબર્ટ મર્ટનનું જ્ઞાનના સમાજશાસ્ત્રમાં પ્રદાન :**

ઈ.સ. 1910ની 5, જુલાઈના રોજ અમેરિકાના ફિલાડેલ્ફિયામાં જન્મેલા રોબર્ટ કીંગ મર્ટનનું નામ સમાજશાસ્ત્રમાં વિશેષ ઉલ્લેખનીય છે. ઈ.સ. 1927માં તેઓ ટેમ્પલ યુનિવર્સિટીમાં દાખલ થયા. શરૂઆતમાં દર્શનશાસ્ત્રમાં રસ ધરાવનાર રોબર્ટ મર્ટન જયોર્જ સિમ્પસનના સંપર્કથી સમાજશાસ્ત્ર વિષય સાથે જોડાયા. ઈ.સ. 1930માં તેઓએ હાવર્ડ યુનિવર્સિટીમાં ટાલ્કોટ પાર્સન્સ, સોરોકિન, હેન્ડરસન જેવા વિદ્વાનો સાથે અભ્યાસકાર્ય કર્યું. ઈ.સ. 1932માં એમ.એ. અને ઈ.સ. 1936માં તેઓએ પીએચ.ડીની ડિગ્રી પ્રાપ્ત કરી.

રોબર્ટ મર્ટનનું નામ સમાજશાસ્ત્રમાં ખાસ કરીને કાર્યાત્મકવાદના સંદર્ભમા ખૂબ જાણીતું છે. કાર્ય-વિકાર્ય, એનોમીની પરિસ્થિતિ, મધ્યવ્યાપી સિદ્ધાંતો વગેરેને લગતું પ્રદાન અનન્ય છે. રોબર્ટ મર્ટનની કેટલીક મહત્ત્વની કૃતિઓ નીચે મુજબ છે.

**1. Science, Technology and society in the 17th century England - 1938**

**2. Social Theory and Social Structure - 1949**

**3. On the shoulders of Giants - 1965**

**4. On Theoritical Sociology - 1967**

**5. The Sociology of Science - 1973**

જ્ઞાનના સમાજશાસ્ત્ર અંગે રોબર્ટ મર્ટને અનન્ય પ્રદાન કર્યું છે. મર્ટન માને છે કે વિચાર, વિચારસરણીઓ, તર્ક, કલ્પના વગેરે જ્ઞાનના ઉદ્‌ભવ માટે વિવિધ પરિબળો છે. જ્ઞાનના સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ યુરોપમાં જર્મની અને ફ્રાંસમાં થયો.

રોબર્ટ મર્ટન પોતાના પુસ્તક Social Theory and Social Structureમાં જણાવે છે કે એક જ સમાજમાં વિકાસની યાત્રામાં અનેકવિધ વિચારસરણીઓ, પરિપ્રેક્ષ્યો, દષ્ટિબિંદુ, વિશ્લેષણાત્મક માળખાઓ તથા અર્થઘટનો અસ્તિત્ત્વ ધરાવે છે. અનેક પ્રકારના વિચારોમાં અને વિચારસરણીઓમાં એક ચોક્કસ પ્રકારની હરિફાઈ ઉત્પન્ન થાય છે. ક્યારેક તેમાં સંઘર્ષ પેદા થાય છે અને તેમાં પરસ્પર અવિશ્વાસ ઉદ્‌ભવે છે. મોટેભાગે સમાજમાં પુરાવાઓ સાબિતીઓ, સત્યાસત્યની કસોટીઓ વગેરે ભાંજગડમાં પડ્યાં વિના પોતાનાથી વિરોધી જૂથ કોઈક કારણસર પ્રયોજન સાથે વિચારો ધરાવતા હોય તેવું માની લેવાય છે. વિચાર કોઈક કાર્યના અન્વયે અથવા તો કાર્યના સંદર્ભમાં સ્વીકારવામાં આવે છે. વિચારનું કોઈક પ્રયોજન માનવમાં આવે છે. વિચારનું અર્થઘટન મહ્‌દઅંશે માનસિક, આર્થિક, સામાજિક અને જાતીય આધારોના સંદર્ભમાં કરવામાં આવે છે. અને તેથી જ વિવિધ માન્યતાઓ ધરાવનારા જૂથો વચ્ચે પરસ્પર અવિશ્વાસ અને સંઘર્ષ જોવા મળે છે. આમ, વિચારો પાછળ સામાજિક આધારો અને કાર્યો શોધવાની વૃત્તિ જ્ઞાનના સમાજશાસ્ત્રના ઉદ્‌ભવ માટે જવાબદાર છે.

મર્ટનના મતે જ્યાં સુધી ખામીયુક્ત વિચારો, પાયા વિનાના અભિપ્રાયો, કાલ્પનિક વિધાનો વગેરેના સ્પષ્ટીકરણ માટે અસ્તિત્વવાદી અર્થઘટનો યોજાતા હતા ત્યાં સુધી જ્ઞાનના સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ થયો નહીં. પરંતુ સામાજિક પરિસ્થિતિ જ પ્રસ્થાપિત અને પ્રમાણિત સત્યો માટે જવાબદાર છે એવા સ્વીકાર બાદ જ્ઞાનના સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ થયો. રોબર્ટ મર્ટને આ બાબતને સમજવા માટે એટલે કે વિચારના આધારં વિચારસરણી માટે પાયો અને અનેકવિધ માનસિક ક્રિયાઓ, આંતરક્રિયાઓ સમજવા માટે જ્ઞાનના પેરેડાઈમ

અંગે ચર્ચા શરૂ કરી.

રોબર્ટ મર્ટને તે અંગે એક પેરેડાઈમની રજૂઆત કરી. તે પરેડાઈમ દ્વારા જ્ઞાનના આધારો શોધવાનો પ્રયત્ન કર્યો. તેમના મતે વિચાર, વિચારનો આધાર માનસિક ક્રિયાઓ, માનસિક ચેતાતંત્ર, કલ્પનાઓ એ બધાની નીપજ સામાજિક-સાંસ્કૃતિક બાબતોમાંથી થતી જણાય છે. રોબર્ટ મર્ટને પ્રગટ અને પ્રચ્છન્ન કાર્યોને આમાં વણી લીધા છે. સાથે સાથે ઈતિહાસ પણ આને માટે મહત્ત્વનું પરિબળ છે તેવી ચર્ચા કરી. જ્ઞાનના સમાજશાસ્ત્રમાં માનસિક કાર્યો, ક્રિયા-પ્રક્રિયાઓ, વિચારના મૂળ શોધવાનો પ્રયત્ન છે. મર્ટને સૌપ્રથમ સમાજશાસ્ત્રી તરીકે સામાજિક પરિબળોની ચર્ચા કરી છે. ત્યારબાદ સામાજિક પરિબળોની જનક સંસ્કૃતિ એટલે કે સાંસ્કૃતિક પરિબળોની ચર્ચા કરી છે. સાથે સાથે સમાજની માન્યતાઓ, ધાર્મિક માન્યતાઓ, સમાજનું સ્તર અને સમાજના લોકોના માનસિક સ્તર, કારણાત્મક પ્રતીકાત્મક સંબંધો, સમાજમાં મહત્ત્વની ગણાતી વાતો, ઐતિહાસિક તથ્યો વગેરેને મહત્ત્વના ગણ્યાં છે અને એ પેરેડાઈમ નીચે મુજબ છે.

### 1. માનસિક બાબતોના આધારો :

#### (અ) સામાજિક આધાર :

વિશ્વના સર્વ પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ પ્રાણી માણસ છે અને માનવની સૌથી મહત્ત્વની બાબત એટલે એનો ભૂત-વર્તમાન અને ભવિષ્ય સાથેનો નાતો છે. કોઈપણ એક પેઢી એક જ જન્મમાં મહત્તમ કરી શકે તેનાથી દુનિયા બનતી નથી પરંતુ માનવી ઈતિહાસને ખભે ઊભો રહે છે. આના કારણે માનવ સંસ્કૃતિ એ એક અદ્વિતીય માનવીનું ઘડતર કરે છે. આ ઘડતરની પ્રક્રિયા સમાજમાં થાય છે અને સમાજ એની પાંચ સંસ્થાઓ જેવી કે કુટુંબ, શિક્ષણ, અર્થતંત્ર, રાજકીયતંત્ર અને ધાર્મિકતંત્ર દ્વારા ઘડતરના આ કાર્યમાં સક્રિય બને છે. આ પાંચેય સંસ્થા માનવીના સામાજિક ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપે છે. સમાજમાં મહત્ત્વની બાબત છે - સામાજિક સ્થાન. જેને સમાજશાસ્ત્રીય પરિભાષામાં સામાજિક દરજ્જા તરીકે ઓળખવામાં આવે છે. વ્યવસાય, વર્ગ, વ્યાવસાયિક ભૂમિકા, ઉત્પાદનની વિવિધ રીતો, વિવિધ જૂથ સંરચનાઓ, વર્ગ, વર્ગના હિતો, જાતિ સાથેના જોડાણો, સત્તાના માળખાઓ, સામાજિક ગતિશીલતા અને અનેકવિધ સામાજિક પ્રક્રિયાઓ વગેરે સમાજમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. માનવીય ઘડતરમાં સામાજીકરણ દ્વારા આ બધા જ પરિબળો તેમાં સક્રિય ભૂમિકા ભજવે છે. વ્યક્તિને આપવામાં આવતા ખ્યાલો, દરજ્જાનો કોટિક્રમ, દરજ્જા દ્વારા પ્રાપ્ત થનારા લાભ-ગેરલાભ, વિવિધ વ્યવસાયો સાથે સંકળાયેલી ભૂમિકાઓ, આ ભૂમિકાના લાભ-ગેરલાભ, વિવિધ વર્ગો અને વિવિધ જાતિના સંદર્ભમાં પોતાની જાતિ અને વર્ગ અંગેના પ્રત્યક્ષીકરણો માનવીના બોધન જગતને ઘડે છે. માનવીના જ્ઞાનાત્મક જગતને ઘડનારા આ પરિબળો સાથે સત્તાના વિવિધ માળખાં, તે દ્વારા થતાં કાર્યો, વિવિધ સત્તાના સમીકરણો, એના જોડાણો, એમાં આવતું પરિવર્તન તથા વિવિધ સામાજિક પ્રક્રિયાઓ સામાજીકરણ માટે આધાર બને છે.

ઉપરોક્ત તમામ પરિબળો વ્યક્તિના જ્ઞાનાત્મક જગતને ઘડી વ્યક્તિને એની સમજ તથા વિશ્લેષણ માટે ભાથું બાંધી આપે છે અને વર્તન વ્યવહાર માટે તેને એમાંથી માર્ગદર્શન પ્રાપ્ત થાય છે.

(બ) સાંસ્કૃતિક આધાર :

સમાજમાં સામુદાયિક શાણપણ એ સતત માનવ કલ્યાણ માટે કાર્યરત રહે છે. જેના દ્વારા સમગ્ર સમાજને ખૂબ મોટો આધાર મળે છે. સંસ્કૃતિ અને સાંસ્કૃતિક આધારો એ માનવ પ્રગતિ માટેના મૂળ પરિબળો છે એવું જણાય છે. સદીઓથી દરેક પેઢી જ્ઞાનનો સંચય કરી નવી પેઢી માટે કેટલીક માહિતી, શાણપણ, ભાષા, સાહિત્ય, કળા, જ્ઞાન-વિજ્ઞાન વગેરે હસ્તાંતરિત કરે છે. માનવી માટે સામાજિક જીવન અનિવાર્ય છે. માનવ જંગલમાં રહેતો નથી અને એકલવાયું જીવન પણ જીવી શકતો નથી. માનવજીવન સામાજિક સંદર્ભમાં કાર્યરત રહે છે. આ સામાજિક સંદર્ભ તેની માટે મહત્ત્વનો છે. સંસ્કૃતિ માનવીના બોધન માટે અને સમગ્ર જીવનની વિચારધારા, મૂલ્યો તથા ધોરણો માટે મહત્ત્વનું પરિબળ છે. સામાજિક મૂલ્યો ધીમે ધીમે સામાજિક અનુભવો, વ્યક્તિનો સ્વભાવ, સામાજિક જીવન માટે અનિવાર્ય બાબતો વગેરે દ્વારા ઘડાય છે. લોકમત, સામાજિક વાતાવરણ વ્યક્તિત્ત્વના ઘડતરમાં મહત્વનું બને છે. વિશ્વમાં સાંસ્કૃતિક આધારને લીધે જ માનવી પ્રાણીજગતથી અલગ જોવા મળે છે. કોઈ પ્રાણી ભગવાનની ભક્તિ કરતું નથી, પરંતુ માનવીમાં તે જોઈ શકાય છે કારણ કે માનવી વૈચારિક પ્રક્રિયા દ્વારા અનેકવિધ આયામો પ્રાપ્ત કરે છે. આ માનસિક આયામ એ મહદ્ અંશે સામાજિક અને સાંસ્કૃતિક પૃષ્ઠ ભૂમિકાઓ દ્વારા જ ઘડાય છે. માનવ દુનિયાની ઓળખ, ઈતિહાસ, એના અનુભવો બધું જ સંસ્કૃતિ પાસેથી પ્રાપ્ત કરે છે. ભૂતકાળનું ભાથું એને વર્તમાનના વ્યવહારો અને ભવિષ્યના આયોજન માટે અનિવાર્ય માર્ગદર્શન પુરું પાડે છે. સંસ્કૃતિ માનવજીવનને દિશા આપવાનું કાર્ય કરે છે.

## 2. માનસિક નીપજોનું સમાજશાસ્ત્રીય પૃથક્કરણ :

રોબર્ટ મર્ટને આ પૃથક્કરણ માટે ચોક્કસ ક્ષેત્ર તથા પાસાંઓ દર્શાવ્યા છે અને આ પાસાંઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી છે. માનસિક કાર્યકલાપો આ ક્ષેત્રોના સંદર્ભમાં અને પાસાંઓના સંદર્ભમાં સક્રિય જોવા મળે છે.

(અ) ક્ષેત્ર :

સમગ્ર સમાજ એનું ચોક્કસ તત્ત્વજ્ઞાન, નૈતિક વિચારધારાઓ, નૈતિક માન્યતાઓ, પ્રત્યક્ષીકરણો, ધાર્મિક માન્યતાઓ, વિજ્ઞાન અને ટેકનોલોજી અંગેના પ્રત્યક્ષીકરણો,માનસિક નીપજ માટે મહત્ત્વના બને છે. સામાજિક માન્યતાઓમાંથી જ સામાજિક ધોરણો ઘડાય છે. મૂળ તો સામાજિક શાણપણ મહત્ત્વનું બને છે. ખરેખર નૈતિક વિશ્વાસ, વિચારધારાઓ, વિવિધ વિચારો, વિચારોના વિવિધ સ્તર, ધાર્મિક વિશ્વાસોનું તત્ત્વજ્ઞાન વગેરે ક્ષેત્રો સમાજશાસ્ત્રી તે માનસિક ઉત્પાદન તરીકે એટલે કે માનસિક નીપજ તરીકે વિશ્લેષિત કરે છે. આ ક્ષેત્રો વ્યક્તિની માનસિક પ્રક્રિયાઓ, વ્યક્તિનું માનસિક જગત સમાજશાસ્ત્રીય રીતે વિશ્લેષિત કરવામાં આવે છે. સમાજશાસ્ત્રી માનવીય વિચાર, માન્યતાઓ, વિશ્વાસ, પ્રત્યક્ષીકરણ, વિચારની કક્ષાનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ કરી તેના સામાજિક તેમજ સાંસ્કૃતિક આધારો તથા સંબંધની ખોજમાં રચ્યોપચ્યો રહે છે.

### (બ) ક્યા પાસાંઓનું વિશ્લેષણ કરવામાં આવે છે :

મર્ટનના મતે વિચારનો આધાર સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિ છે અને તેમાંજ વ્યક્તિની પસંદગી, તેના આધારો, તેના કારણો આ બધા અંગે ચોક્કસ કાર્ય-કારણનો સંબંધ પ્રાપ્ત થાય એવું તેઓ જણાવે છે. તેમના મતે વ્યક્તિના વૈચારિક સ્તર, માનસિક કક્ષા, અમૂર્તીકરણનું સ્તર, પૂર્વધારણાઓ અને સમાજ દ્વારા હકીકતોનો સ્વીકાર અને અસ્વીકાર તેમજ વિવિધ બાબતો અંગે સંશયનું વિશ્લેષણ કરવામાં આવે છે. આમ, વ્યક્તિ શું સ્વીકારે છે, શું નથી સ્વીકારતી, કોને સત્ય માને છે, કોને વિશે વિચારે છે તે બાબત અંગે સમાજશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવે છે. ધારણાઓના ખ્યાલો, માળખાઓ અને સત્યાસત્યની કસોટીઓના સ્વીકારાયેલ માળખા તથા બૌદ્ધિક પ્રવૃત્તિના ઉદ્દેશનું વિશ્લેષણ કરાય છે. ટૂંકમાં અનેકવિધ વિચારો, વિચારસરણીઓ, દૃષ્ટિબિંદુ, પરિપ્રેક્ષ્યોના સામાજિક-સાંસ્કૃતિક આધારના પૃથક્કરણની પ્રવૃત્તિ જ્ઞાનના સમાજશાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ છે.

## 3. માનસિક નીપજનો અસ્તિત્વવાદી બાબતો સાથે સંબંધ :

### (અ) કારણાત્મક કે કાર્યાત્મક સંબંધો :

માનસિક ક્રિયા-પ્રક્રિયાઓ વચ્ચે કાર્યાત્મક સંબંધ છે કે માત્ર કારણાત્મક સંબંધ છે તે જાણવું જરૂરી છે. કઈ બાબત નિર્ણયાત્મક છે, અનિવાર્ય શરત કઈ છે, કાર્યાત્મક પરસ્પરાવલંબનની શરતો કઈ છે, આંતરક્રિયાઓ, આધારિતપણું વગેરે બાબતો માટેના આધાર અસ્તિત્વવાદી બાબતમાં શોધવાનો પ્રયત્ન જ્ઞાનનું સમાજશાસ્ત્ર કરે છે. ટૂંકમાં કહીએ તો જેનું અસ્તિત્વ છે તેની માનસિક નીપજ પર કયા પ્રકારની અસર થાય છે, માનસિક નીપજ અને અસ્તિત્વવાદી બાબતો વચ્ચે કેવો સંબંધ છે તે જ્ઞાનના સમાજશાસ્ત્રનું મહત્વનું કાર્યક્ષેત્ર છે.

### (બ) પ્રતીકાત્મક અથવા સાવયવી કે અર્થપૂર્ણ સંબંધો :

જ્ઞાનનું સમાજશાસ્ત્ર વ્યક્તિની માનસિક ક્રિયાઓ વચ્ચેનું સાતત્ય, એકતા, સુસંગતતા, સુગ્રથિતતા, સાનુકૂળતા, તેની અભિવ્યક્તિ, અનુભૂતિ, પ્રતીકાત્મક અભિવ્યક્તિઓ, માળખાગત ઓળખ, વિવિધ આંતરિક જોડાણો, શૈલીની સમાનતા, ઐક્ય અને અર્થબોધની સામ્યતા વગેરે બાબતો ચોક્કસપણે કયા આધારે થાય છે તેની શોધ કરે છે. ટૂંકમાં વિચારો વચ્ચેના તમામ અર્થપૂર્ણ સંબંધો તથા તેમના વિવિધ સ્વરૂપોની ખોજ જ્ઞાનના સમાજશાસ્ત્રમાં કરવામાં આવે છે.

### (ક) સંબંધોને સ્પષ્ટ કરતા સંદિગ્ધ શબ્દો :

સમાનતા, પ્રતિબિંબ-ની સાથે જોડાણ

**4. શા માટે ? અસ્તિત્વથી નિયંત્રિત માનસિક નીપજોમાં નિરૂપિત પ્રગટ અને પ્રચ્છન્ન કાર્યો :**

સત્તાને ટકાવી રાખવી, સ્થિર રાખવી, અભિમુખતા જાળવી રાખવી, શોષણમાં વૃદ્ધિ કરવી અને વાસ્તવિક સામાજિક સંબંધોને ગુપ્ત રાખવા પ્રેરણા પૂરી પાડવી, દ્વેષ દૂર કરવો, ટીકાઓની દિશા બદલવી, ખાતરી આપવી, પ્રકૃતિનું નિયંત્રણ કરવું, સામાજિક સંબંધોનું એકસૂત્રીકરણ કરવું વગેરે.

**5. અસ્તિત્વવાદી આધાર અને જ્ઞાન વચ્ચે આરોપિત સંબંધો ક્યારે પ્રાપ્ય હોય છે ?**

(અ) ચોક્કસ સમાજ કે સંસ્કૃતિને લગતા ઐતિહાસિક સિદ્ધાંતો.

(બ) સામાન્ય વિશ્લેષણાત્મક સંબંધો.

**તમારી પ્રગતિ ચકાસો :**

**(1) જ્ઞાનનું સમાજશાસ્ત્ર સમજાવો.**

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**(2) જ્ઞાનના સમાજશાસ્ત્રની વ્યાખ્યાઓ સમજાવો.**

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

(3) માનવની જ્ઞાનયાત્રામાં ભારતનું વિશ્વને પ્રદાન સમજાવો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

(4) જ્ઞાનના સમાજશાસ્ત્રના સ્રોત અને માન્યતાઓ સમજાવો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

(5) જ્ઞાનના સમાજશાસ્ત્રમાં ઈમાઈલ દુર્ખિમનું પ્રદાન સમજાવો.

..........................................................................................................

..........................................................................................................

(6) દુર્ખિમના પુસ્તકોની યાદી આપો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

(7) જ્ઞાનના સમાજશાસ્ત્રમાં કાર્લ માર્ક્સનું પ્રદાન સમજાવો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

(8) કાર્લ માર્કસની મુખ્ય કૃતિઓની યાદી આપો.

(9) જ્ઞાનના સમાજશાસ્ત્રમાં મેક્સ શેલરનું પ્રદાન સમજાવો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

**(10)** મેક્સ શેલરના પુસ્તકોની યાદી આપો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

**(11)** કાર્લ મેનહાઈમનો જ્ઞાનના સમાજશાસ્ત્રમાં ફાળો સમજાવો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

..........

..........

..........

..........

..........

..........

..........

..........

..........

..........

**(12)** કાર્લ મેનહાઈમની કૃતિઓની યાદી આપો.

..........

..........

..........

..........

..........

..........

..........

..........

..........

..........

**(13)** જ્ઞાનના સમાજશાસ્ત્રમાં સોરોકિનનું પ્રદાન સમજાવો.

..........

..........

..........

..........

..........

..........

..........

..........

..........

..........

..........

(14) સોરોકિનના પુસ્તકોની યાદી આપો.

....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................

(15) જ્ઞાનના સમાજશાસ્ત્રમાં વેબ્લનનું પ્રદાન સમજાવો.

....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................

**(17)** વેબ્લનની કૃતિઓનો પરિચય આપો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**(18)** રોબર્ટ મર્ટનનો જ્ઞાનના સમાજશાસ્ત્રમાં ફાળો સમજાવો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

**(19)** રોબર્ટ મર્ટનનું જ્ઞાનનું સમાજશાસ્ત્ર પેરેડાઈમ.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

**(20)** રોબર્ટ મર્ટનની મહત્ત્વની કૃતિઓનો પરિચય આપો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

સમાજશાસ્ત્રના પિતા તરીકેનું બિરૂદ પામનાર ઓગસ્ટ કોમ્ટનું પ્રદાન સમાજશાસ્ત્રમાં અનન્ય છે. સામાજિક ભૌતિકશાસ્ત્રને સમાજશાસ્ત્ર એવું નામ આપવા પાછળ કોમ્ટનો હેતુ સમાજશાસ્ત્રને એક વિજ્ઞાનના રૂપમાં પ્રસ્થાપિત કરવાનો હતો. પ્રાકૃતિક ઘટનાઓને જેમ વિજ્ઞાનની મદદથી જાણી-સમજી શકાય છે તેવી જ રીતે સમાજશાસ્ત્રમાં પણ સમાજમાં બનતી સામાજિક ઘટનાઓ અંગેના કાર્ય-કારણના સંબંધોને જાણી શકાય છે. કોમ્ટના મતે નિરીક્ષણ પદ્ધતિ, પ્રયોગ પદ્ધતિ, તુલનાત્મક પદ્ધતિ તથા ઐતિહાસિક પદ્ધતિના ઉપયોગ દ્વારા સામાજિક ઘટનાઓ અંગેનું વૈજ્ઞાનિક જ્ઞાન મેળવી શકાય છે. કોમ્ટ પછી સ્પેન્સર, દુર્ખિમ, પાર્સન્સ જેવા વિદ્વાનોએ સમાજશાસ્ત્રને વિજ્ઞાનના રૂપમાં પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. આ બધા જ વિદ્વાનો સિદ્ધાંતની રચના માટે પ્રાકૃતિક વિજ્ઞાનની વિભાવનાઓ અને મોડેલોનો ઉપયોગ કરે છે.

જ્યારે બીજી બાજુ સામાજિક ઘટનાઓની જટિલતા તથા પરિવર્તનશીલતા સમાજશાસ્ત્રને વિજ્ઞાન બનાવવાના માર્ગમાં અવરોધરૂપ સાબિત થાય છે. 19મી સદીના અંત ભાગમાં ઔદ્યોગિક વ્યવસ્થાને કારણે ઉદ્ભવેલી નવીન પરિસ્થિતિઓના ફળસ્વરૂપે સમાજશાસ્ત્રનું સ્વરૂપ ધીમે ધીમે પરિવર્તન પામવા લાગ્યું. અમેરિકન સમાજશાસ્ત્રમાં માનવીની ઈચ્છાઓ, ભાવનાઓ, હેતુઓ, બુદ્ધિ વગેરે મનોવૈજ્ઞાનિક તત્વોને મહત્ત્વ આપવામાં આવ્યું. ઔદ્યોગિકરણ તથા શહેરીકરણને કારણે ઉદ્ભવેલી નવી સામાજિક સમસ્યાઓ તરફ લોકોનું ધ્યાન ખેંચાયું. આ સામાજિક પરિસ્થિતિઓને કારણે સમાજશાસ્ત્રમાં માનવીય પરિપ્રેક્ષ્યનો ઉદ્ભવ થયો. માનવીય પરિપ્રેક્ષ્યના સમર્થકો સમાજના સભ્યોના દૃષ્ટિકોણથી સમાજને સમજવાનો પ્રયાસ કરે છે. આ પરિપ્રેક્ષ્ય પરંપરાગત કે વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યથી જુદા પ્રકારનો છે. સમાજશાસ્ત્રમાં ડિલ્થે નામના વિદ્વાને સૌપ્રથમ વખત અનુભવજન્ય રીતે પરંપરાના વિરોધ દ્વારા વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્ય સામે પડકાર ફેંક્યો હતો.

અમેરિકન સમાજશાસ્ત્રમાં વૈજ્ઞાનિકને બદલે અનુભવજન્ય દૃષ્ટિકોણથી સામાજિક પરિસ્થિતિના વિશ્લેષણને વધારે મહત્ત્વ આપવામાં આવતું હતું. ઈ.સ. 1920 થી ઈ.સ. 1940 સુધીના સમયગાળા દરમ્યાન સમાજશાસ્ત્રમાં અનુભવજન્ય અભ્યાસોનું મહત્ત્વ વધ્યું. સામાજિક પરિવર્તન, સમુદાયો, કુટુંબ, વિચલિત વર્તન, બાળઅપરાધ, વસ્તીવધારો વગેરેને લગતા અનેક સંશોધનો થયા. આ સમયે વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્ય મુજબ ઓગબર્ન, ચૈપિન, બર્નાડ તથા રાઈસે પ્રયોગો, નિયંત્રિત ક્ષેત્રિય અભ્યાસો, તથ્યોની આંકડાકીય સમીક્ષા વગેરે પર ભાર મૂક્યો. જ્યારે થોમસ, રોબર્ટ ઈઝરાપાર્ક, લિન્ડસ વગેરેએ માનવવાદી વૈયક્તિક અધ્યયન તથા સહભાગી નિરીક્ષણને વિશેષ મહત્વ આપ્યું. ઘણા લાંબા સમયથી ઉપેક્ષિત રહેલા સમૂહો, વર્ગો અને વ્યક્તિઓના અભ્યાસ પર માનવીય પરિપ્રેક્ષ્યના સમર્થકોએ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

સમાજશાસ્ત્રનો માનવીય પરિપ્રેક્ષ્ય વસ્તુનિષ્ઠ અભ્યાસોની જગ્યાએ ભાવનિષ્ઠ અભ્યાસો પર ભાર મૂકે છે. તેમાં સમાજને બદલે વૈયક્તિક અધ્યયનને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. માનવીય પરિપ્રેક્ષ્ય મુજબ જડ પદાર્થોનો અભ્યાસ વસ્તુનિષ્ઠ રીતે કરી શકાય છે પરંતુ સામાજિક ઘટનાઓનો અભ્યાસ વસ્તુનિષ્ઠ રીતે કરી શકાય નહીં. કારણ કે માનવી લાગણીઓથી ભરેલો પુંજ છે. માનવીમાં રહેલી ભાવનાઓ, વિચારો, સંવેદનાઓ વગેરેનો પ્રભાવ સામાજિક ઘટનાઓ પર પડતો હોય છે. માનવી કોઈ તથ્ય અથવા ઘટનાને કયો અર્થ આપશે, તેને કઈ રીતે સમજશે તેનું અભ્યાસમાં ઘણું મહત્વ રહેલું છે. આમ સામાજિક વાસ્તવિક્તાને સમજવા માટે હેતુ, બોધ અથવા સમજણ પર

વધારે ભાર મૂકવામાં આવે છે.

આ પરિપ્રેક્ષ્યની અંતર્ગત કોઈ વિશિષ્ટ સમાજ, વિશિષ્ટ સમૂહ, વિશિષ્ટ વર્ગ અથવા વિશિષ્ટ અભ્યાસને વધારે મહત્વપૂર્ણ સમજવામાં આવે છે. એથ્નોમેથોડોલોજી એ માનવીય પરિપ્રેક્ષ્યની અંતર્ગત આવતો અભિગમ છે.

સમાજશાસ્ત્રની એક આગવી વિશેષતા એ છે કે તે સામાજિક વ્યવસ્થાનું સ્પષ્ટીકરણ કરે છે. સામાજિક જીવન વ્યવસ્થિત અને નિયમિત હોય છે એવું સમાજશાસ્ત્રીઓ માને છે. તેમના મતે સામાજિક વ્યવસ્થાની વસ્તુનિષ્ઠ વાસ્તવિક્તા હોય છે. સમાજશાસ્ત્રીઓ માટે સામાજિક વ્યવસ્થા વાસ્તવિક રીતે અસ્તિત્વ ધરાવે છે. સામાજિક વ્યવસ્થાને કાર્યાત્મકવાદી, માર્ક્સવાદી, આંતરક્રિયાવાદી તથા એથ્નોમેથોડોલોજીના અભિગમ દ્વારા જુદાં જુદાં દષ્ટિકોણથી સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સામાજિક વ્યવસ્થા વાસ્તવમાં અસ્તિત્વ ધરાવે છે એ વિચારને એથ્નોમેથોડોલોજીના વિદ્વાનો સ્વીકારતા નથી. તેઓ ઘટનાશાસ્ત્રીઓની જેમ એવું માને છે કે સામાજિક વ્યવસ્થા વાસ્તવિક રીતે અસ્તિત્વ ધરાવતી નથી, પરંતુ તેનો માત્ર અનુભવ કરી શકાય છે કારણ કે સમાજના સભ્યો સામાજિક વાસ્તવિક્તાનો આ રૂપમાં સ્વીકાર કરે છે તથા તેની વ્યાખ્યા કરે છે. એથ્નોમેથોડોલોજી અભિગમના વિદ્વાનોનો હેતુ જે દુનિયામાં તેઓ પોતે રહે છે તે સમાજના સભ્યો વ્યવસ્થાને જોવાનું, વર્ણન કરવાનું અને સ્પષ્ટ કરવાનું કાર્ય કઈ રીતે કરે છે તે છે.

### એથ્નોમેથોડોલોજી :

છેલ્લાં લગભગ બે દશકાઓથી સમાજશાસ્ત્રમાં કેટલાક નવા અભિગમોનો ઉદ્ભવ થયો છે, જેમાં એથ્નોમેથોડોલોજીનો પણ સમાવેશ થાય છે. પરંપરાગત સમાજશાસ્ત્રની અનેક વિચારધારાઓ અને અભ્યાસપદ્ધત્તિઓને એથ્નોમેથોડોલોજી સ્વીકારતું નથી અને તેની ટીકા કરે છે. એથ્નોમેથોડોલોજી સામાજિક વ્યવસ્થાને નિહાળવાનું એક નૂતન દષ્ટિબિંદુ રજૂ કરે છે. આ અભિગમ પ્રત્યક્ષવાદનો પણ અસ્વીકાર કરે છે. તે પ્રશ્નાવલિ, અનુસૂચિ વગેરે અભ્યાસપદ્ધત્તિઓ કે જેના દ્વારા સામાજિક જીવન વિષયક આંકડાઓ એકત્રિત કરવામાં આવે છે તેનો પણ અસ્વીકાર કરે છે. સમાજશાસ્ત્રમાં લાંબા સમય સુધી કાર્યાત્મકવાદની બોલબાલા રહી હતી, પરંતુ આ પદ્ધત્તિ તેની પણ ખૂબ ટીકા કરે છે. કાર્યાત્મકવાદના વિરોધના સ્વરૂપમાં એથ્નોમેથોડોલોજીનો ઉદ્ભવ થયો. સંરચનાત્મક કાર્યાત્મકવાદી અભિગમમાં સામાજિક વાસ્તવિક્તાના અનેક પાસાંઓ વિશેની સમજણ મેળવવાની બાકી રહી જાય છે. એથ્નોમેથોડોલોજી તથ્યોના સંખ્યાકીય સંકલનના સ્થાને સામાજિક જીવનને સમજવાના મુદ્દા પર વિશેષ ભાર મૂકે છે. આ અભિગમ સામાજિક ઘટનાઓના વસ્તુનિષ્ઠ નહીં પરંતુ વ્યક્તિનિષ્ઠ અધ્યયનને વિશેષ મહત્વ આપે છે. તેનો સંબંધ વ્યક્તિના રોજબરોજના જીવન અને વ્યવહારને સમજવા સાથે છે. આ અભિગમ એ માન્યતામાં વિશ્વાસ ધરાવે છે કે સામાજિક જીવનનો અર્થપૂર્ણ અભ્યાસ દરરોજના જીવનના નિરીક્ષણ અને વિશ્લેષણથી જ સંભવિત છે. એટલે કે એથ્નોમેથોડોલોજી સામાજિક વાસ્તવિક્તાનો અભ્યાસ પ્રત્યક્ષ અને નિકટતાથી કરવામાં વિશ્વાસ ધરાવે છે.

એથ્નોમેથોડોલોજી માને છે કે સામાજિક વાસ્તવિક્તા કોઈ આપવામાં આવેલી વસ્તુ નથી પરંતુ તે ગત્યાત્મક અને પરિવર્તન પામતી વ્યવસ્થા છે. સામાજિક વાસ્તવિક્તાનો ઉદ્ભવ સામાજિક આંતરક્રિયાની પ્રક્રિયા દરમ્યાન થાય છે. આ અભિગમના સમર્થકો સામાજિક આંતરક્રિયા દરમ્યાન નિર્માણ થવાવાળી સામાજિક વાસ્તવિક્તાનો અભ્યાસ કરવા પર વિશેષ ભાર મૂકે છે. કર્તા આંતરક્રિયાના માધ્યમથી સામાજિક ઘટનાઓ અને સામાજિક પરિસ્થિતિઓને એક વિશિષ્ટ અર્થ પ્રદાન કરે છે. આ અર્થને જાણવાનો પ્રયત્ન

આ અભિગમ કરે છે. મેક્સવેબરે સામાજિક વાસ્તવિક્તાને સમજવા માટે વર્સ્ટેહન પદ્ધત્તિને વિશેષ મહત્ત્વ આપ્યું હતું. આ વર્સ્ટેહન પદ્ધત્તિ ઘટનાઓ અંગેનું જ્ઞાન મેળવવા પર ભાર મૂકતી હતી. આ રીતે આ અભિગમ ઘટનાઓના બોધ પર વિશેષ ભાર મૂકે છે. તે વસ્તુનિષ્ઠ અધ્યયન, આંકડાઓની ગણતરી, પ્રશ્નાવલિ, અનુસૂચિ અને સર્વેક્ષણ-વિશ્લેષણને સ્વીકારતા નથી. આમ એથ્નોમેથોડોલોજી એક વ્યક્તિનિષ્ઠ પદ્ધતિ છે.

આ પદ્ધતિના પિતા અમેરિકન સમાજશાસ્ત્રી હેરોલ્ડ ગારફિંકલ છે. તેમણે ઈ.સ. 1967માં 'Studies in Ethnomethodology' નામના પોતાના પુસ્તકમાં સર્વપ્રથમ આ શબ્દનો પ્રયોગ કર્યો હતો. આ અભિગમના અન્ય સમર્થકોમાં વિટનર, સિકોરલ, ચર્ચિલ, રોઝ, બીટર ઝિપરમેન વગેરેના નામો વિશેષ ઉલ્લેખનીય છે.

**એથ્નોમેથોડોલોજીના ઉદ્ભવના સ્રોત :**

એથ્નોમેથોડોલોજી અભિગમના ઉદ્ભવમાં કેટલાક સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ સિદ્ધાંતોને આપણે નીચે મુજબ દર્શાવી શકીએ.

**(1) પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ :**

એથ્નોમેથોડોલોજી અભિગમના મૂળ પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ તથા ઘટનાશાસ્ત્રીય અભિગમમાં જોવા મળે છે. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં કર્તા પાસે પ્રતીક નિર્માણની ક્ષમતા હોય છે. સાથે સાથે સામાજિક પરિસ્થિતિમાં નવી વસ્તુઓના પ્રવેશની તથા પુનઃ પરિભાષિત કરવાની પણ ક્ષમતા હોય છે. આ વિચારોનો હેતુ એ જાણવાનો છે કે સામાજિક પરિસ્થિતિમાં આંતરક્રિયા કરવાવાળો વ્યક્તિ અર્થાત્ કર્તા કઈ રીતે અર્થ તથા પરિભાષાનું નિર્માણ કરે છે. અન્વેષણની આ સ્થિતિ એથ્નોમેથોડોલોજી અભિગમમાં પણ જોવા મળે છે.

**(2) રંગભૂમિનો અભિગમ :**

જગતને રંગભૂમિ માનવાનો અભિગમ સાહિત્ય ક્ષેત્રે પણ જોવા મળે છે. શેક્સપિયરે જગતને રંગભૂમિની ઉપમા આપી છે અને માનવ એમાં ઈશ્વરના દિગ્દર્શન મુજબ પોતાની ભૂમિકા ભજવે છે. અધ્યાત્મના વિચારોમાં પણ આ જ બાબત સ્પષ્ટ થતી જણાય છે. સમાજશાસ્ત્રમાં ઈરવન ગોફમેનનો રંગભૂમિનો અભિગમ એથ્નોમેથોડોલોજી માટે એક મહત્ત્વપૂર્ણ સ્રોત રહ્યો છે. ગોફમેનનો આ રંગભૂમિનો અભિગમ પ્રતીકાત્મક આંતરક્રિયાવાદને એક નવી જ રીતે પ્રસ્તુત કરે છે. કર્તા કઈ રીતે પ્રતીકોના માધ્યમથી કોઈ વિશેષ સામાજિક પરિસ્થિતિમાં પ્રભાવ પાડવાનો પ્રયાસ કરે છે એ મહત્ત્વનું છે. ગોફમેનના વિશ્લેષણનો મોટો ભાગ આંતરક્રિયાના સ્વરૂપ પર કેન્દ્રિત થયેલો છે. સામાજિક આંતરક્રિયાના સ્વરૂપનું વિશ્લેષણ એથ્નોમેથોડોલોજીના અભિગમમાં પણ મહત્વનું બની જાય છે. કર્તા કઈ રીતે સામાજિક વાસ્તવિક્તાનો ભાવ ઉત્પન્ન કરે છે એ જાણવાનો પ્રયાસ એથ્નોમેથોડોલોજી અભિગમ કરે છે.

**(3) ઘટનાશાસ્ત્રીય અભિગમ :**

ઘટનાશાસ્ત્રીય અભિગમ પણ એથ્નોમેથોડોલોજીના અભિગમ માટે પૂર્વભૂમિકા પૂરી પાડે છે. શુટ્ઝ અને હર્સેલે ઘટનાશાસ્ત્રને દાર્શનિક વિવેચનથી દૂર કર્યું. સામાજિક આંતરક્રિયા કઈ રીતે સામાજિક વાસ્તવિક્તાના નિર્માણમાં ફાળો આપે છે તે જાણવાનો

પ્રયાસ આ બંને વિદ્વાનોએ કર્યો છે. કર્તા કઈ રીતે પરિપ્રેક્ષ્યોની પારસ્પરિક્તા પ્રાપ્ત કરે છે તથા કઈ રીતે તથ્યના રૂપે સામાજિક વિશ્વનું નિર્માણ કરે છે તે જાણવાનો પ્રયાસ પણ કરવામાં આવે છે. તથ્યના રૂપમાં સ્વીકૃત વિશ્વની પ્રકૃતિનું મહત્વ તથા કર્તાના સામાજિક વાસ્તવિક્તાના ભાવને જાળવી રાખવાનો પ્રયાસ એટલે કે જીવંત જગતનો ખ્યાલ એથ્નોમેથોડોલોજીમાં પણ મહત્વનો બને છે. હર્સેલ તથા શુટ્ઝના ઘટનાશાસ્ત્રના ઘણા ખ્યાલોનો ઉપયોગ એથ્નોમેથોડોલોજીના અભિગમમાં કરવામાં આવ્યો છે.

આમ બ્લુમર, ગોફમેન, હર્સેલ તથા શુટ્ઝના વિચારોનો એથ્નોમેથોડોલોજીના અભિગમમાં ઘણોબધો પ્રભાવ જોવા મળે છે.

### એથ્નોમેથોડોલોજીની પરિભાષા :

એથ્નોમેથોડોલોજીનો અભિગમ ઘટનાશાસ્ત્ર અને પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ એમ બંને સાથે સંકળાયેલો છે. શાબ્દિક દૃષ્ટિએ આંગ્લ ભાષાના આ શબ્દનો અર્થ થાય છે લોકો દ્વારા પ્રયોજવામાં આવતી અભ્યાસની પદ્ધતિઓ. એથ્નોમેથોડોલોજી શબ્દનો અર્થ નીચે મુજબ વધુ સ્પષ્ટ થશે.

| | |
|---|---|
| Ethn | લોકો |
| method | પદ્ધતિ |
| logy | વિજ્ઞાન |

આમ એથ્નોમેથોડોલોજી એટલે લોકો દ્વારા પ્રયોજવામાં આવતી પદ્ધતિઓનું વૈજ્ઞાનિક અધ્યયન. સમાજમાં લોકોના મનમાં સામાજિક વ્યવસ્થાની એક નિશ્ચિત કલ્પના હોય છે, એક ચિત્ર હોય છે. એથ્નોમેથોડોલોજીમાં એ પદ્ધતિઓનું વર્ણન કરવામાં આવે છે કે જેના આધારે લોકો પોતાના સામાજિક જગતની કલ્પનાં કરે છે.

લોકો પોતાના સામાન્ય જ્ઞાનના આધારે કોઈ વિષયનો અભ્યાસ કરે છે તો તેને એથ્નોમેથોડોલોજી કહી શકાય. 1945માં ગારફિંકલ અને સોલમેન્ડસ્વિઝ જ્યૂરીના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા હતા. તેમના અભ્યાસનો હેતુ એક રૂમમાં બેઠેલા નિર્ણાયકોના વાર્તાલાપનો અભ્યાસ કરીને અર્થની શોધ કરવાનો હતો. તેમણે આ રૂમમાં છૂપી રીતે એક ટેપરેકોર્ડર મૂકીને વાર્તાલાપનું રેકોર્ડિંગ કરી લીધું. ત્યારબાદ તેઓ આ વાર્તાલાપને લખી રહ્યા હતા ત્યારે મેન્ડસના મનમાં એથ્નો શબ્દનો પ્રયોગ ઉદ્‌ભવ્યો. ગારફિંકલના મતે જેના દ્વારા માનવીના વિચારોના ક્રમને નિર્ધારિત કરી શકાય છે તેવી પદ્ધતિઓનો સંગ્રહ કરવાનો પ્રયાસ એથ્નો શબ્દ કરે છે. આ પદ્ધતિનું નિરીક્ષણ માનવીની રોજબરોજની ક્રિયાઓમાં કરી શકાય છે.

ગારફિંકલના મતે એથ્નોમેથોડોલોજી શબ્દનો વિકાસ એથ્નો મેડિસિન, એથ્નો બોટની, એથ્નો ફિઝિક્સ, એથ્નો એસ્ટ્રોનોલોજી વગેરે માનવશાસ્ત્રીય શબ્દોની જેમ જ થયો છે.

ફ્રાંસિસ અબ્રાહમ નોંધે છે કે એથ્નોમેથોડોલોજી લોકો દ્વારા પ્રયોજાયેલી સામાન્ય જ્ઞાનની પદ્ધતિ છે કે જેના દ્વારા રોજબરોજની ગતિવિધિઓને અર્થ પ્રદાન કરવામાં આવે છે તથા સામાજિક વાસ્તવિક્તાનું નિર્માણ કરવામાં આવે છે અને તેને ટકાવી રાખવામાં આવે છે.

એથ્નોમેથોડોલોજીના વિદ્વાનો વાસ્તવિક્તાનું નિર્માણ કરવા માટે સ્વયં સામાન્ય જ્ઞાનની પદ્ધતિનો ઉપયોગ નથી કરતું પરંતુ સામાજિક વાસ્તવિક્તાનું નિર્માણ કરવા

માટે લોકો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી સામાન્ય જ્ઞાનની પદ્ધતિઓનો અભ્યાસ કરે છે. સમાજમાં શું બની રહ્યું છે ? એ જાણવા માટે સામાન્ય વ્યક્તિ ઘણી પદ્ધતિઓનો ઉપયોગ કરે છે જેને એથ્નો તરીકે ઓળખવામાં આવે છે. તે વ્યાવસાયિક વૈજ્ઞાનિક પ્રક્રિયાથી નહીં પરંતુ સામાન્ય જ્ઞાન દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. આમ એથ્નોમેથોડોલોજી સમૂહના સભ્યો દ્વારા સમુદાયને સમજવાના, નિર્ણય કરવાના તથા ક્રિયાના કારણોને શોધવાના પ્રયોગમાં પ્રયોજવામાં આવતી પદ્ધતિ છે.

બર્નાર્ડ ફિલિપ્સ જણાવે છે કે એથ્નોમેથોડોલોજી એક સૈદ્ધાંતિક અભિગમ છે જેનો હેતુ લોકો પોતાની રોજિંદી ક્રિયાઓમાં કેવા પ્રકારની પરિસ્થિતિની પરિભાષા રચે છે તથા તેને વાસ્તવિક્તામાં ઢાળે છે તેનું વર્ણન કરવાનો છે.

આમ ઉપર્યુક્ત પરિભાષાઓ પરથી સ્પષ્ટ થાય છે કે એથ્નોમેથોડોલોજી સામાજિક વાસ્તવિક્તાને સિદ્ધાંતોના આધારે સમજવાને બદલે રોજબરોજની સામાજિક ઘટનાઓ અને તેના પ્રત્યે લોકોની પ્રતિક્રિયાઓના આધારે સમજવા પર ભાર મૂકે છે. સમાજમાં આંતરક્રિયાની પ્રક્રિયામાં સહભાગી થવાવાળા લોકો કેટલાય પ્રકારના દૃષ્ટિકોણથી એ ઘટનાનું નિરીક્ષણ કરે છે તથા પોતપોતાના દૃષ્ટિકોણ મુજબ જે તે ઘટનાનું વર્ણન કરે છે. આ રીતે સામાન્ય લોકોના એ આંતરક્રિયાના સંદર્ભમાં વિચાર અને તેનું વર્ણન જ સામાજિક વાસ્તવિક્તા છે જેને જાણવાનો પ્રયત્ન એથ્નોમેથોડોલોજી કરે છે. રોજબરોજની ઘટનાઓને વ્યવસ્થિત રીતે સમજવી એ જ આ પદ્ધતિનો હેતુ છે. ઘટનાના અર્થોનું જેટલું મહત્વ છે એટલું મહત્વ ઘટનાનું નથી. સામાન્ય લોકો ઘટનાઓનો કેવો અર્થ કરે છે, આ અર્થ કે બોધનું આદાનપ્રદાન કેવી રીતે કરે છે એ જ એથ્નોમેથોડોલોજીનું વિષયવસ્તુ છે.

કોઈપણ ઘટનાનો અભ્યાસ બે રીતે કરી શકાય છે, એક વસ્તુનિષ્ઠ આધાર પર તથા બીજું વ્યક્તિનિષ્ઠ આધાર પર. તથ્યો જેવાં છે તેને તેવા જ સ્વરૂપમાં રજૂ કરવા જોઈએ. વ્યક્તિએ પોતાના વિચાર, ભાવનાઓ, લાગણીઓથી પ્રેરાઈને તેને નકારવા જોઈએ નહીં. વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા પ્રાપ્ત આ પ્રકારના જ્ઞાનને જ વસ્તુનિષ્ઠ તરીકે ઓળખવામાં આવે છે. દા. ત. બોટલમાં ભરેલું રંગીન પાણી, પાણી જ છે તે અન્ય બીજું કંઈ જ ન હોઈ શકે - એ તથ્ય છે, વૈજ્ઞાનિક સત્ય છે.

પરંતુ કોઈ ઘટનાને પોતાની દૃષ્ટિથી જોવી અને વર્ણન કરવું એ વ્યક્તિનિષ્ઠ દૃષ્ટિબિંદુ છે. એથ્નોમેથોડોલોજીમાં અર્થબોધને મહત્વ આપવામાં આવ્યું છે. આ અભિગમ મુજબ રોજબરોજના જીવનમાં લોકો ઘટનાઓનો જેવો અર્થ કરે છે તેવો જ વ્યવહાર કરે છે. એટલે કે એ જ તેના અભ્યાસનો વિષય હોવો જોઈએ. સામાજિક આંતરક્રિયાની વ્યાખ્યા ત્યાં સુધી ન કરી શકાય જ્યાં સુધી તેના અર્થબોધનો ખ્યાલ ન આવે. એથ્નોમેથોડોલોજી સામાજિક આંતરક્રિયાની પાછળ છૂપાયેલા અર્થને પામવાનો પ્રયત્ન કરે છે.

### ગારફિંકલનું પ્રદાન :

આગળ જોયું તે પ્રમાણે એથ્નોમેથોડોલોજીનો ઉદ્ભવ અને વિકાસ સમાજશાસ્ત્રમાં સંરચનાત્મક અને કાર્યાત્મકવાદી અભિગમ, વિજ્ઞાનવાદ અને પ્રત્યક્ષવાદના વિરોધના સ્વરૂપમાં થયો. આ અભિગમ પરંપરાગત સમાજશાસ્ત્રનો વિરોધી છે. એથ્નોમેથોડોલોજી નવીન પદ્ધત્તિઓ દ્વારા સામાજિક વાસ્તવિક્તાઓને સમજવાનો પ્રયાસ કરે છે.

અમેરિકન સમાજશાસ્ત્રી હેરોલ્ડ ગારફિંકલ સમકાલીન સમાજશાસ્ત્રીઓમાં પોતાના મૌલિક ચિંતન અને વિચારો માટે પ્રસિદ્ધ છે. તેમનો જન્મ ઈ.સ. 1917માં થયો હતો. 1952માં તેઓએ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. તેઓ ઓહાયો અને શિકાગો વિશ્વવિદ્યાલયમાં પ્રાધ્યાપક હતા. 1959માં તેમણે લોસ એન્જેલસમાં કેલિફોર્નિયા

વિશ્વવિદ્યાલયમાં સંશોધન અને અભ્યાસ કાર્ય કર્યું હતું. તેમણે લખેલા બે પુસ્તકો ખૂબ જ મહત્વના છે.

1. Studies in Ethnomethodology
2. Contribution to Ethnomethodology

ગારફિંકલે સામાજિક તથ્યોની વ્યાખ્યા પોતાની રીતે કરી છે. પરંપરાગત સમાજશાસ્ત્રીઓમાં દુર્ખિમે સામાજિક તથ્યની વ્યાખ્યા વિસ્તૃત રીતે કરી છે. દુર્ખિમ સામાજિક તથ્યની મુખ્ય બે વિશેષતાઓ દર્શાવે છે. એક બાહ્ય અને બાધ્યતા અર્થાત્ સામાજિક તથ્ય વ્યક્તિના મસ્તિષ્કની બહારની નીપજ છે અને એટલા માટે જ તે વ્યક્તિ માટે બાધ્યમૂલક હોય છે. પરંતુ ગારફિંકલે દુર્ખિમ દ્વારા રજૂ કરવામાં આવેલી આ બંને વિશેષતાઓનો અસ્વીકાર કર્યો છે. એથ્નોમેથોડોલોજીમાં માનવશાસ્ત્રીય અભ્યાસ પદ્ધતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ગારફિંકલના શબ્દોમાં કહીએ તો માનવશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા સામાજિક ઘટનાઓના અધ્યયનનો દૃષ્ટિકોણ એ તથ્ય પર ભાર મૂકે છે કે સમાજશાસ્ત્રીએ એવા અભ્યાસો કરવા જોઈએ કે વ્યાવહારિક તથા રોજબરોજની પરિસ્થિતિઓ કઈ રીતે સામાજિક રૂપમાં સંગઠિત થાય છે તથા આ રૂપમાં તે કેવી દેખાય છે, તેની જાણકારી કઈ રીતે પ્રાપ્ત થાય છે અને કઈ રીતે વ્યક્તિ એક સમાજના ક્રમમાં તેને જૂએ છે.

ગારફિંકલે અમેરિકામાં ન્યાયની જ્યૂરી પ્રથાનો અભ્યાસ કરીને એથ્નોમેથોડોલોજી શબ્દ આપ્યો હતો. આ પ્રથા મુજબ કોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ ઉપરાંત અન્ય ત્રણ ન્યાયધીશો પણ હોય છે. ન્યાયાધીશોના આ બોર્ડને જ્યૂરી કહેવામાં આવે છે. જ્યારે પણ કોઈ કેસ ન્યાયાલયમાં લાવવામાં આવે છે ત્યારે તેના આરંભથી અંત સુધીના બનાવોનું વર્ણન જ્યૂરીના સભ્યો સમક્ષ કરવામાં આવે છે. જ્યૂરીના સભ્યો ચર્ચામાં ભાગ લેતા નથી. સમગ્ર બાબતોને સાંભળ્યા બાદ જ્યૂરીના સભ્યોને પૂછવામાં આવે છે કે શું તેમના મત પ્રમાણે આરોપી દોષિત છે ? જ્યૂરીના બહુમતી સભ્યો જે નિર્ણય આપે છે તે જ ન્યાયાલયનો અંતિમ નિર્ણય માનવામાં આવે છે. આ રીતે એથ્નોમેથોડોલોજીમાં સામાન્ય જ્ઞાનના આધારે પ્રાપ્ત તારણોને મહત્વ આપવામાં આવે છે. એથ્નોમેથોડોલોજીનો અર્થ છે - પોતાના સામાન્ય જ્ઞાનના આધારે સમાજના કોઈ સભ્યનું સમાજ વિષયક જ્ઞાન. આની અંતર્ગત કોઈ વિષયની જાણકારી મેળવવા માટે સામાન્ય સૂઝની પદ્ધતિનો પ્રયોગ કરવામાં આવે છે જેના માટે કોઈ વિશેષજ્ઞની જરૂર રહેતી નથી. આપણા દરરોજના જીવનમાં આપણે અનેક ક્રિયાઓ તથા આંતરક્રિયાઓ કરીએ છીએ. આ ક્રિયાઓ અને આંતરક્રિયાઓના આધારે લોકો પોતાની રીતે પોતાનો અભિપ્રાય બાંધે છે, નિર્ણય કરે છે તેને જ એથ્નોમેથોડોલોજી કહી શકાય.

ગારફિંકલના મતે એથ્નોમેથોડોલોજીની અંતર્ગત વસ્તુનિષ્ઠ વાસ્તવિક્તા દૈનિક જીવનમાં થવાવાળી ક્રિયાઓનું માત્ર ઉત્પાદન છે. આ રીતે એથ્નોમેથોડોલોજીની અંતર્ગત સામાજિક વાસ્તવિક્તાને સિદ્ધાંતના આધારે નહીં પરંતુ રોજબરોજની સામાજિક ઘટનાઓ અને તેના પ્રત્યે લોકોની પ્રતિક્રિયાઓ પર ભાર મૂકવો જોઈએ. ગારફિંકલે આ અભિગમમાં કેટલાક મૂળભૂત ખ્યાલોનો ઉલ્લેખ કર્યો છે અને તે છે - દસ્તાવેજી પદ્ધતિ, સાંદર્ભિક્તા, વ્યાવહારિક સમાજશાસ્ત્રીય તર્ક, ટીકાત્મક વ્યવહાર, ચિંતનશીલતા તથા ક્રમિક સમાયોજન અને તાર્કિક વિવરણ.

**1. દસ્તાવેજી પદ્ધતિ :**

આ પદ્ધતિની અંતર્ગત કોઈ પણ સામાજિક પરિસ્થિતિ અથવા સંદર્ભની અનેક વિશેષતાઓમાંથી કેટલીક વિશેષતાઓને અભ્યાસ માટે પસંદ કરવામાં આવે છે. અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલી વિશેષતાઓના પાસાંને પરિભાષિત કરવામાં આવે છે તથા તેને સામાજિક વ્યવસ્થાના પ્રતિમાનના પુરાવા તરીકે સ્વીકારવામાં આવે છે. આ પ્રક્રિયાને ઉલટાવી દેવામાં આવે તથા પુનઃ કોઈ વિશેષ પ્રતિમાનના ઉદાહરણને કોઈ પ્રતિમાનના અસ્તિત્વના પ્રમાણ માટે પ્રયોજવામાં આવે છે. ગારફિંકલ જણાવે છે કે સમાજના સભ્યો સામાજિક જગતનું જ્ઞાન મેળવવા તથા તેની વ્યવસ્થાના કારણોને જાણવા માટે દસ્તાવેજી પદ્ધતિનો ઉપયોગ કરે છે. ગારફિંકલના જ શબ્દોમાં કહીએ તો કોઈ વાસ્તવિક ઘટનાના પૂર્વ કલ્પિત પ્રતિમાનને જ એક દસ્તાવેજ અથવા એક સંકેત માનવામાં આવે છે.

વ્યક્તિગત દસ્તાવેજના પ્રમાણના આધારે જ નિશ્ચિત પ્રતિમાનને જાણી શકાય છે. દા.ત. એટકિન્સને આત્મહત્યાઓના અભ્યાસમાં આ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. આત્મહત્યાનો અભ્યાસ કરવાવાળા અધિકારીઓએ જે મૃત્યુને આત્મહત્યાની શ્રેણીમાં મૂક્યુ હતું તેને જ આત્મહત્યા માની લેવામાં આવી. આત્મહત્યાનો આ સામાન્ય જ્ઞાનનો સિદ્ધાંત છે. જે મૃત્યુ પામેલા લોકોને આત્મહત્યાની શ્રેણીમાં મૂકવામાં આવ્યા હતા તે જ નિહિત પ્રતિમાનો માટે પ્રમાણનું કામ કરે છે. આ રીતે પ્રતિમાનનું ઉદાહરણ તથા સ્વયં પ્રતિમાન એક થઈને એકબીજાના અસ્તિત્વને આધાર પ્રદાન કરે છે. ગારફિંકલ જણાવે છે કે આ રીતે દસ્તાવેજી પદ્ધત્તિ સ્વચાલિત પદ્ધતિ છે અને સામાજિક જીવન પણ વાસ્તવમાં સ્વચાલિત છે. સમાજના સભ્યો આ સામાજિક જગતનું વર્ણન કરે છે કે જે સામાજિક વાસ્તવિક્તા હોય છે. તેઓ આત્મહત્યાનું જે વર્ણન કરે છે તે જ સામાજિક જગતમાં આત્મહત્યા તરીકે ઓળખાય છે. આ રીતે સામાજિક જગતનું નિર્માણ એ પદ્ધતિઓ અને વર્ણનની પ્રક્રિયા દ્વારા થાય છે કે જે સમાજના સભ્યો દ્વારા પરિભાષિત થાય છે. આ રીતે સામાજિક જગતનું નિર્માણ તેના સભ્યો દ્વારા દસ્તાવેજી પદ્ધતિના ઉપયોગથી થાય છે.

ગારફિંકલે દસ્તાવેજી પદ્ધતિનો પ્રયોગ યેલ વિશ્વવિદ્યાલયના મનોવિજ્ઞાન વિભાગમાં કર્યો હતો. આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને એક નવીન પ્રકારની મનોવૈજ્ઞાનિક કસોટીમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું. આ કસોટીમાં સહભાગી થનાર દરેક વિદ્યાર્થીને પોતાની સમસ્યાનું ટૂંકમાં વર્ણન કરવાનું જણાવવામાં આવ્યું. વિદ્યાર્થીઓની સમસ્યાઓને કઈ રીતે નિવારી શકાય તે અંગેનું માર્ગદર્શન આપવા માટે નિષ્ણાત મનોવિજ્ઞાનીઓને પણ બોલાવવામાં આવ્યા. વિદ્યાર્થીઓ અને મનોવિજ્ઞાનીઓને એકબીજાને પ્રત્યક્ષ રીતે જોઈ ન શકે તે રીતે અલગ અલગ રૂમમાં બેસાડવામાં આવ્યા. વિદ્યાર્થીઓ પોતાની સમસ્યાઓને ટૂંકમા ટેલીફોનના માધ્યમથી મનોવૈજ્ઞાનિકોને જણાવતા હતા અને મનોવૈજ્ઞાનિકો તેનો માત્ર 'હા' અથવા 'ના' માં જ ઉત્તર આપતા હતા.

જુદી જુદી સમસ્યાઓથી પરેશાન આ વિદ્યાર્થીઓમાં એક યહૂદી વિદ્યાર્થી જેન્ટાઈલ જાતિની એક છોકરીના પ્રેમમાં પાગલ હતો. આ વિદ્યાર્થીની સમસ્યાનું કારણ પણ તેનો આ પ્રેમ જ હતો. પોતાના આ પ્રેમસંબંધ વિશે જ્યારે તેના માતા-પિતા જાણશે તો તેઓ કેવી પ્રતિક્રિયા વ્યક્ત કરશે ? પોતાના પ્રિય પાત્ર સાથે લગ્ન થયા પછીનું જીવન કેવું હશે? તેમના સંતાનોનું ભવિષ્ય કેવું હશે ? - મનમાં ઉદ્ભવેલા આ બધા સવાલોથી તે ચિંતિત હતો. તેણે પોતાની આ બધી મૂંઝવણોને લગતા પ્રશ્નો મનોવૈજ્ઞાનિકોને પૂછ્યા. મનોવૈજ્ઞાનિકો પ્રશ્નોના નક્કી કરેલા ક્રમ મુજબ તેના ઉત્તર 'હા' અથવા 'ના' માં આપતા હતા. મનોવૈજ્ઞાનિકો દ્વારા આપવામાં આવેલા આ ઉત્તરોને વિદ્યાર્થીઓએ તાર્કિક, ઉચિત અને પોતાની સમસ્યાના સમાધાનમાં સહાયક માની લીધા. જો કે મનોવૈજ્ઞાનિકો

દ્વારા આપવામાં આવેલા આ ઉત્તરો કામચલાઉ હતા. તેમાં પ્રશ્નોના સંદર્ભને ધ્યાનમાં રાખવામાં આવ્યો નહોતો. અન્ય વિદ્યાર્થીઓએ પણ મનોવૈજ્ઞાનિકો દ્વારા આપવામાં આવેલી આ સલાહ જીવનમાં ઉપયોગી છે એ વાત સ્વીકારી હતી. આ અભ્યાસના અંતે ગારફિંકલ જણાવે છે કે વિદ્યાર્થીઓએ આ તમામ ઉત્તરોને અર્થપૂર્ણ સમજ્યા કે જેનું વાસ્તવમાં કોઈ અસ્તિત્વ નહોતું. જ્યારે ઉત્તરો વિરોધાભાસી કે આશ્ચર્યજનક લાગ્યા ત્યારે વિદ્યાર્થીઓએ જણાવ્યું કે મનોવૈજ્ઞાનિકોને તેઓએ સમગ્ર સમસ્યા જણાવી નહોતી, સમસ્યાઓનું માત્ર ટૂંકમાં જ વર્ણન કર્યું હતું. આ રીતે વિદ્યાર્થીઓએ દસ્તાવેજી પદ્ધતિ દ્વારા એક ક્રમ નિર્ધારિત કર્યો હતો. વિદ્યાર્થીઓની વર્ણન કરવાની રીત પણ રિફ્લેક્સીવ હતી. પ્રશ્નોના ઉત્તરોમાં વિદ્યાર્થીઓને એક પ્રતિમાન જોવા.મળ્યું. પુનઃ અન્ય ઉત્તરોને પણ વિદ્યાર્થીઓએ એ પ્રતિમાનના સંદર્ભમાં જ જોયા. આ રીતે વર્ણન અને વ્યાખ્યાની આ પદ્ધતિએ જ સામાજિક વાસ્તવિક્તાનું નિર્માણ કર્યું. આમ ગારફિંકલ જણાવે છે કે લોકો પોતાના રોજિંદા જીવનમાં સામાજિક જગતનું નિર્માણ કરવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરે છે.

**2. સંદર્ભો :**

સાંદર્ભિક્તા એટલે કોઈ વસ્તુ અથવા ક્રિયાનું જ્ઞાન જે તે સંદર્ભના આધારે કરવામાં આવે. ગારફિંકલ એથ્નોમેથોડોલોજીમાં સાંદર્ભિક્તાને આધારભૂત માને છે. આ ખ્યાલ મુજબ કોઈપણ વિશિષ્ટ માનવીય ઘટના અમુક હદ સુધી કોઈને કોઈ સંદર્ભથી જોડાયેલી હોય છે. સંદર્ભને સમજ્યા વિના ઘટનાને અર્થપૂર્ણ રીતે ન તો.સમજી શકાય છે અને ન તો સમજાવી શકાય છે. એટલે કે અર્થ હંમેશા પ્રસંગ અથવા સંદર્ભ સાથે જોડાયેલો હોય છે. ગારફિંકલ જણાવે છે કે કોઈપણ ક્રિયાનો અર્થ હંમેશા તેના સંદર્ભને ધ્યાનમાં રાખીને જ સમજી શકાય છે. લોકો વિશિષ્ટ પર્યાવરણના સંદર્ભમાં જ ઘટનાઓને સમજે છે અને તેને અર્થ પ્રદાન કરે છે. બાર હિલેરે સર્વપ્રથમ ભાષાના સંદર્ભને સમજવા પર ભાર મૂક્યો હતો. હર્સેલ પણ જણાવે છે કે જ્યાં સુધી આપણે પરિસ્થિતિ, વાક્યોનો ઉપયોગ કરવાવાળા લોકોનું જીવન અને સંવાદના પૂર્વ સંદર્ભને બરાબર સમજી ન લઈએ ત્યાં સુધી આપણે ભાષાના અર્થને બરાબર રીતે સમજી શકતા નથી. આમ શબ્દોના અર્થો સંદર્ભો સાથે જોડાયેલા છે. દા.ત. 'આજે 15મી જૂન છે' - આ વાક્યનો અર્થ જુદા જુદા લોકો માટે જુદો જુદો છે. વિદ્યાર્થીઓ માટે આ વાક્ય વેકેશન પુરું થયાનો અર્થ દર્શાવે છે તો જેમના લગ્ન આ તારીખે થયા છે તેમની માટે આ વાક્ય લગ્નતિથિના સંદર્ભમાં મહત્વનું બને છે. એવી જ રીતે 'ગોળી' શબ્દનો અર્થ પણ જુદો જુદો થાય છે. જ્યારે કોઈ ડૉક્ટર દ્વારા 'ગોળી' શબ્દ બોલાય છે ત્યારે તેનો અર્થ દવા એવો થાય છે પરંતુ લશ્કરના મેજર દ્વાર દુશ્મનો પર ગોળી છોડવાનો આદેશ આપવામાં આવે છે ત્યારે અહીં 'ગોળી'નો અર્થ બંદુકની ગોળી એવો થાય છે. આમ હસવું,રડવું, નાચવું, ગાવું વગેરેનો અર્થ સંદર્ભ સાથે જોડાયેલો છે. આમ એથ્નોમેથોડોલોજીમાં શબ્દ અથવા ઘટનાની વ્યાખ્યા પ્રસંગ અથવા સંદર્ભના આધારે જ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

**3. ઘટનાઓનો વ્યાવહારિક જ્ઞાનના આધારે અભ્યાસ :**

ગારફિંકલ જણાવે છે કે પ્રત્યેક વ્યક્તિ સમાજશાસ્ત્રી છે કારણ કે પ્રત્યેક વ્યક્તિ સમાજશાસ્ત્રીઓની જેમ ઘટનાઓને અર્થ પ્રદાન કરે છે, મહત્ત્વ આપે છે. તે ઘટનાઓનો

વ્યાવહારિક જ્ઞાનના આધારે અભ્યાસ કરે છે. ઘટનાઓના વ્યાવહારિક અર્થના આધારે સામાજિક પરિસ્થિતિઓ સાથે તે સમાધાન કરે છે. આમ સામાન્ય વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલો ઘટનાઓનો અર્થ મહત્ત્વનો છે. ગારફિંકલ જણાવે છે કે સામાજિક ઘટનાઓનો અભ્યાસ કરતી વેળાએ વ્યાવહારિક તર્કસંગતતાને ધ્યાનમાં રાખવી જોઈએ. ગારફિંકલના મતે અનુભવ પર આધારિત જ્ઞાન જ વ્યાવહારિક સમાજશાસ્ત્રીય તર્ક છે.

ઘટનાઓના અભ્યાસમાં કર્તાના દૃષ્ટિકોણને પણ મહત્ત્વ આપવું જોઈએ. સામાન્ય માનવીમાં પણ ઘટનાઓનો અનુભવ કરવાની, તેને સંગઠિત કરવાની તથા તેનું વર્ગીકરણ કરવાની ક્ષમતા હોય છે. સામાન્ય માનવી સમાજશાસ્ત્રીય જ્ઞાનના આધારે નહીં પરંતુ વ્યાવહારિક જ્ઞાનના આધારે જ ઘટનાઓનો અનુભવ કરે છે, તેને સંગઠિત કરે છે અને તેનું વર્ગીકરણ કરે છે.

સમાજશાસ્ત્રી પણ સામાજિક ક્રિયાઓની વ્યાખ્યા કરે છે. આ કાર્ય તે પોતાની પાસેના સૈદ્ધાંતિક જ્ઞાનના આધારે કરે છે. આ સૈદ્ધાંતિક જ્ઞાન તેણે શિક્ષણના માધ્યમથી પ્રાપ્ત કરેલું હોય છે. ગારફિંકલ જણાવે છે કે આ અર્થમાં પ્રત્યેક વ્યક્તિ સમાજશાસ્ત્રી નથી કારણ કે તે ઘટનાઓને સામાન્ય દૃષ્ટિએ અને સામાન્ય અર્થમાં જૂએ છે. જ્યારે સમાજશાસ્ત્રી ઘટનાઓનો અભ્યાસ કરે છે ત્યારે તેની પાછળ તેનો વિશિષ્ટ હેતુ હોય છે. તે અભ્યાસ હેઠળ ઘટનાઓની અમૂર્ત અને તર્કસંગત વ્યાખ્યા તથા વિશ્લેષણ કરે છે. તે ઘટનાઓનું સંગઠન, વર્ગીકરણ અને સંક્ષિપ્તીકરણ કરે છે. સામાન્ય વ્યક્તિ સમાજશાસ્ત્રીય વિશ્લેષણ અને વ્યાખ્યાના સૈદ્ધાંતિક પાસાંને જાણતો હોતો નથી. પરંતુ તે પોતાના સામાન્ય જ્ઞાનના આધારે સામાજિક ક્રિયાઓ અને ઘટનાઓની વ્યાખ્યા કરે છે જેને ગારફિંકલ વ્યાવહારિક સમાજશાસ્ત્રીય તર્ક તરીકે ઓળખાવે છે. વ્યાવહારિક સમાજશાસ્ત્રીય તર્કમાં ગારફિંકલ ત્રણ બાબતોને મહત્વની ગણાવે છે જે નીચે મુજબ છે.

1. રોજબરોજની ઘટનાઓનો અભ્યાસ અને મનન.
2. પોતાના અનુભવના આધારે ઘટનાઓનું વર્ગીકરણ.
3. ઘટનાઓનું તાર્કિક વિવરણ પ્રસ્તુત કરવું.

ગારફિંકલ જણાવે છે કે સામાન્ય વ્યક્તિ દ્વારા પ્રયોજવામાં આવતા વ્યાવહારિક તર્કોનું ખંડન ન કરતા, તેને સ્વીકારવો જોઈએ કારણ કે વ્યક્તિ દ્વારા પ્રયોજવામાં આવતા તર્ક અથવા પદ્ધતિનો ઉપયોગ અન્ય વ્યક્તિઓ પણ કરે છે.

**4. ટીકાત્મક વ્યવહાર :**

ગારફિંકલ જણાવ છે કે આપણે આપણા રોજિંદા જીવનમાં એવા અનેક શબ્દ સમૂહોનો ઉપયોગ કરીએ છીએ જેનો કોઈ વિશિષ્ટ અર્થ હોતો નથી. તેનો અર્થ શબ્દોમાં છૂપાયેલો હોય છે. આ શબ્દો સામાજિક સંચાર તથા પારસ્પરિક આંતરક્રિયામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે એટલા માટે આપણે તેનો પણ અભ્યાસ કરવો જોઈએ. તે સામાજિક વાસ્તવિક્તાને જાણવામાં સહાય નીવડશે. શબ્દોના અર્થ લોકો પોતાના સામાન્ય જ્ઞાનના આધારે કરતા હોય છે. આ શબ્દો સ્વયં પરિભાષિત હોય છે, તેને વિસ્તૃત રીતે પરિભાષિત કરવામાં આવતા નથી. ટીકાત્મક વ્યવહારમાં શબ્દોના સામાજિક પાસાંને પણ સમજી શકાય છે કે જેને એથ્નોમેથોડોલોજીમાં વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

**5. રિફ્લેક્સિવિટી :**

ગારફિંકલ જણાવે છે કે સામાજિક ઘટનાઓ વિશે ચિંતન, મનન અને પુનર્વિચાર જરૂરી છે જેથી ઘટનાના પ્રારંભિક સ્તર પર ન મેળવી શકાયેલી માહિતી મેળવી શકાય. તેનાથી સામાજિક વાસ્તવિક્તાને વધારે સારી રીતે સમજી શકાય છે અને આલોચનાની ક્ષમતા પણ વિકસિત થાય છે. નવા વિચારોનું સર્જન થાય છે તથા ઘટના સાથે સંબંધિત આવશ્યક બાબતોને અલગ કરી શકાય છે. સમાજશાસ્ત્રમાં એક નવીન શાખા 'પુનર્ચિંતનનું સમાજશાસ્ત્ર' Reflexive Sociologyનો વિકાસ થયો છે જે ચિંતન અને પુનર્ચિંતનથી વૈચારિક મંથન થાય છે અને સામાજિક ઘટનાઓ વિશે સાચા પરિપ્રેક્ષ્યનો વિકાસ થાય છે. ગોલ્ડનર આ વિચારધારાના મુખ્ય સમાજશાસ્ત્રી છે.

**6. ક્રમબદ્ધ સમાયોજન :**

ગારફિંકલના મતે એથ્નોમેથોડોલોજીમાં ક્રમિક સમાયોજન અથવા તાર્કિક વિવરણનું પણ મહત્ત્વ છે. સમાજશાસ્ત્રી ઘટનાક્રમને તત્ત્વો અને તર્ક મુજબ પસંદ કરે છે જેથી ઘટનાઓનો તાર્કિક અને સાચો અર્થ કરી શકાય. પ્રત્યેક વ્યક્તિ જે સામાજિક પરિસ્થિતિમાં ક્રિયા કરે છે તેને તે પોતાનો અર્થ પ્રદાન કરે છે. ગારફિંકલ એક ઉદાહરણ દ્વારા આખી ઘટનાને સમજાવે છે. ધારો કે એક નાનો બાળક ચિત્ર દોરવાનો પ્રયત્ન કરી રહ્યું છે. તે શું બનાવી રહ્યું છે એવું જ્યારે તેને પૂછવામાં આવશે ત્યારે તે ચિત્રને સમજાવવા લાગે છે અને પોતે પણ વધુ સારી રીતે ચિત્રને સમજવા લાગે છે. ગારફિંકલ જણાવે છે કે બરાબર આ જ રીતે સમાજના સભ્યો પણ સામાજિક ક્રિયારૂપી ચિત્ર બનાવતા હોય છે. સમાજશાસ્ત્રીઓ આ સભ્યો પાસેથી તેની પ્રતિક્રિયા જાણવાનો પ્રયત્ન કરતા હોય છે. આને જ ક્રમિક સમાયોજન કહેવાય. તેમાં વ્યક્તિ કોઈ ઘટના વિશેની સામાજિક વાસ્તવિક્તાને જાણવાનો પ્રયત્ન કરે છે.

**એડમંડ હર્સેલનું યોગદાન :**

ઘટનાશાસ્ત્રના પિતા એડમંડ હર્સેલનું પ્રદાન એથ્નોમેથોડોલોજીમાં મહત્ત્વપૂર્ણ છે. તેમના પુસ્તકમાં રોજબરોજના વ્યાવહારિક જીવનને સમજવા પર ભાર મૂકવામાં આવ્યો છે. રોજબરોજના જીવનને સામાજિક સંગઠનના સ્વરૂપે કઈ રીતે જોઈ શકાય ? તે પ્રશ્ન સમાજશાસ્ત્રીઓને માટે મહત્વનો છે. હર્સેલે સામાજિક સંગઠનને સમજવા માટે આદર્શ પ્રકાર પદ્ધતિનો અસ્વીકાર કર્યો છે. સામાજિક ઘટનાઓ અને સામાજિક પરિસ્થિતિઓ હંમેશા પરિવર્તનશીલ હોય છે તેથી પરંપરાગત અભ્યાસપદ્ધતિઓ દ્વારા તેનો અભ્યાસ કરી શકાય નહીં. આ પદ્ધતિઓના બદલે ઘટનાશાસ્ત્રીય અને એથ્નોમેથોડોલોજી જેવી પદ્ધતિઓનો ઉપયોગ કરવા પર હર્સેલ ભાર મૂકે છે. હર્સેલના મતે કોઈપણ ઘટનાને કર્તાના દષ્ટિબિંદુથી જ સમજવી જોઈએ.

હર્સેલ જણાવે છે કે કોઈ ઘટનાના વાસ્તવિક અર્થને સમજવા માટે એ ઘટનાના પૂર્વ પ્રચલિત ખ્યાલો, વિચારો અને માન્યતાઓને ધ્યાનમાં લેવા જોઈએ નહીં. આ બધાથી પોતાની જાતને મુક્ત કરીને ઘટનાઓનો અભ્યાસ કરવો જોઈએ.

તેમણે સામાજિક સંગઠનને સમજવા માટે વ્યાવહારિક તર્કનો ઉપયોગ કરવા પર ભાર મૂક્યો છે. વ્યાવહારિક તર્કને બાહ્ય અભિવ્યક્તિ દ્વારા, સમાજની બાહ્ય સંરચનાઓ

કે બાહ્ય સ્વરૂપો દ્વારા પણ સમજી શકાય નહીં પરંતુ તેને સમજવા માટે તેની પાછળ છૂપાયેલા અર્થો, મનોવૃત્તિઓ, મનોભાવો, પ્રેરણાઓ અને અનુભૂતિઓને સમજવી પડે. હર્સેલે આ બધાને સમજવા માટે માનવશાસ્ત્રીય પદ્ધતિ વિકસાવવા પર ભાર મૂક્યો છે.

**આલ્ફ્રેડ શૂટ્ઝનું યોગદાન :**

હર્સેલની જેમ આલ્ફ્રેડ શૂટ્ઝે પણ આદર્શ પ્રકારને બદલે સામાજિક આંતરક્રિયાને મહત્ત્વ આપ્યું છે. શૂટ્ઝ જણાવે છે કે સામાજિક પરિસ્થિતિઓ પરિવર્તનશીલ હોય છે, માટે સામાજિક ઘટનાઓનું અધ્યયન પરંપરાગત પદ્ધતિઓ દ્વારા કરી શકાય નહીં. શૂટ્ઝ જણાવે છે કે ઘટનાશાસ્ત્રીય અને એથ્નોમેથોડોલોજી આ બંને પદ્ધતિઓ દ્વારા સામાજિક આંતરક્રિયાનો અભ્યાસ કરવો જોઈએ. શૂટ્ઝના મતે સમાજશાસ્ત્રીએ કર્તાના દૃષ્ટિબિંદુથી જ ઘટનાને સમજવી જોઈએ. તેમાં પોતાના અર્થોને તેણે સામેલ કરવા જોઈએ નહીં. સામાજિક વાસ્તવિક્તાના અધ્યયનની આ જ સાચી રીત છે.

શૂટ્ઝ સામાજિક વાસ્તવિક્તાના બે સ્વરૂપો દર્શાવે છે, એક ભૌતિક વાસ્તવિક્તા અને બીજી સામાજિક વાસ્તવિક્તા. પ્રાકૃતિક વિજ્ઞાન ભૌતિક વાસ્તવિક્તા સાથે સંબંધિત છે, જ્યારે સમાજશાસ્ત્ર સામાજિક વાસ્તવિક્તા સાથે સંબંધિત છે. ઘટનાઓ અંગેનું જ્ઞાન દાર્શનિક પદ્ધતિ દ્વારા પણ પ્રાપ્ત કરી શકાય છે. એથ્નોમેથોડોલોજી સમાજને સમજવા માટે દાર્શનિક પદ્ધતિને સ્વીકારે છે કારણ કે દર્શનશાસ્ત્રના સિદ્ધાંતો એથ્નોમેથોડોલોજીના પાયામાં છે. શૂટ્ઝ સામાજિક વાસ્તવિક્તાને સમજવા માટે દાર્શનિક અભિગમ અપનાવવાની બાબત પર ભાર મૂકે છે.

ગારફિંકલ, હર્સેલ, શૂટ્ઝ ઉપરાંત હાર્વે સેક્સ, ઝિમરમેન, પાલનર, બેડર અને આરો સિકોરલ, કોલિન્સ વગેરે વિદ્વાનોએ એથ્નોમેથોડોલોજીના વિકાસમાં પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. હાર્વે સેક્સે ગારફિંકલના વિચારોને વિસ્તૃત સ્વરૂપ આપ્યું છે. તેમણે ભાષા વિજ્ઞાનના અધ્યયનમાં આ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. વાર્તાલાપ વિશ્લેષણમાં આ પદ્ધતિનો ઉપયોગ કરીને તેને નૂતન અર્થ આપવાનું કાર્ય તેમણે કર્યું છે. તેમના મતે શબ્દ તટસ્થ વાહન જ નહીં પરંતુ સમાજશાસ્ત્રીય વિશ્લેષણના યંત્ર તથા સાધન પણ છે.

આરો સિકોરલ સમાજશાસ્ત્રમાં ગણિત અને આંકડાશાસ્ત્રના વિરોધી હતા કારણ કે ગણિતની ભાષા એ ઘટના સાથે સંવાદ નથી કરી શકતી જેના વર્ણન માટે તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

ઝિમરમેને નોકરશાહીના નિયમોની વ્યાવહારિક્તાનો અભ્યાસ એથ્નોમેથોડોલોજીના આધારે કર્યો છે. તેમના અભ્યાસનું તારણ એ છે કે સામાન્ય ખ્યાલ મુજબ નોકરશાહીમાં અધિકારીઓ નિયમો પ્રમાણે કાર્ય કરે છે જ્યારે વાસ્તવિક્તા એ છે કે અધિકારીઓ જે પણ કાર્ય કરે છે તેને તેઓ નિયમોને આધારે ઉચિત ઠરાવવાનો પ્રયાસ કરે છે અથવા તેઓ નિયમોનું ઉલ્લંઘન કરીને તેના પરિણામોને પણ જાણે તેઓએ નિયમોનું પાલન કર્યું છે એ રીતે દર્શાવે છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

1. એથ્નોમેથોડોલોજીનો અર્થ સ્પષ્ટ કરો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

2. એથ્નોમેથોડોલોજી અભિગમના સ્રોતો જણાવો

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

3. એથ્નોમેથોડોલોજીના સંદર્ભમાં હેરોલ્ડ ગારફિંકલના વિચારો સ્પષ્ટ કરો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

4. એડમંડ હર્સેલ અને આલ્ફ્રેડ શુટ્ઝના એથ્નોમેથોડોલોજીના સંદર્ભમાં વિચારો સ્પષ્ટ કરો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................